# સિટી ન્યૂઝ

સૌરાષ્ટ્રનો ધબકાર...

Digital Editions




**મા સિદ્ધિદાત્રી**

મા સિદ્ધિદાત્રી કમળ પર બિરાજમાન છે અને તેમનું વાહન સિંહ છે. તેમની ચાર ભુજાઓ છે, જેમાં તેઓ ચક્ર, ગદા, શંખ અને કમળ ધારણ કરે છે.

મા


**Year :** 04, **Issue :** 144, Dt. 19-10-2026 (MONDAY) Rs. 02/- **Page :** 37, RNI No. GUJGUJ/2023/84789


## સૌરાષ્ટ્રને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવાની માગ

# મોરબીમાં 22મીએ ખેડૂત આક્રોશ મહાસભા

### કોંગ્રેસનું સરકાર સામે આંદોલનનું રણશિંગું; ગ્રીન કોરિડોરમાં ખેડૂતોની જમીનો સસ્તા ભાવે પડાવી લેવાના આક્ષેપ



**સિટી ન્યૂઝ@રાજકોટ**

ગુજરાતમાં ખેડૂતોના પડતર પ્રશ્નોને મુદ્દે કોંગ્રેસ દ્વારા આગામી ૨૨ ઓક્ટોબરે મોરબી ખાતે ભવ્ય 'ખેડૂત આક્રોશ મહાસભા'નું આયોજન કરવામાં આવ્યું છે. પૂર્વ ધારાસભ્ય લલિત કગથરાએ જણાવ્યું કે સરકારને જગાડવા તથા સિંચાઈનું પાણી, વીજપોલ અને સૌરાષ્ટ્રને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવા સહિતની માંગો માટે આ સભા યોજાશે. આ મહાસભામાં પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા, સાંસદ ગેનીબેન ઠાકોર, વરિષ્ઠ નેતા શક્તિસિંહ ગોહિલ અને પરેશ ધાનાણી સહિતના દિગ્ગજ નેતાઓ હાજર રહેશે. આ કાર્યક્રમમાં ૨૦,૦૦૦થી વધુ ખેડૂતો ઉમટી પડે તેવી પ્રબળ શક્યતા છે.

લલિત કગથરાએ જણાવ્યું કે આ વર્ષે ઓછો વરસાદ થવાથી સૌરાષ્ટ્રમાં દુષ્કાળ જેવી ગંભીર પરિસ્થિતિ સર્જાઈ છે. તેથી સરકારે તાત્કાલિક ધોરણે સૌરાષ્ટ્રના જિલ્લાઓને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવા જોઈએ. તેમણે માત્ર પીવાના પાણીની નીતિ છોડીને ખેડૂતોને તાત્કાલિક સૌની યોજનાનું પાણી સિંચાઈ માટે આપવાની માંગ કરી છે. આ સાથે જ પૂર્વ ધારાસભ્ય લલિત વસોયાએ પણ ઉમેર્યું હતું કે ભાદર-૨ ડેમનું પાણી પીવાલાયક ન હોવા છતાં ખેડૂતોને સિંચાઈ માટે આપવામાં આવતું નથી, જે ભારે અન્યાય છે. ગ્રીન કોરિડોરના મુદ્દે લલિત કગથરાએ ભાજપના નેતાઓ પર કરોડો રૂપિયાની જમીનો સસ્તા ભાવે પડાવી લેવાનો આક્ષેપ કર્યો છે. રીબડાથી એરપોર્ટ સુધી ખેડૂતોની જમીનો લેવાઈ રહી છે. મોરબી ભાજપના નેતાઓના કારખાના અને જમીનો બચાવવા ગાળાથી વઘાસિયા સુધી પ્રોજેક્ટનું એલાઈમેન્ટ વારંવાર બદલવામાં આવે છે. તેમણે સ્પષ્ટ કર્યું કે ખેડૂતોના ભોગે કોઈ પણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સ્વીકાર્ય નથી. જીવતા બાપાની સેવા ન થાય અને મરી ગયા પછી મોટો દાળો કરવાનો કોઈ અર્થ રહેતો નથી. સરકાર દાદાગીરી કરીને ખેડૂતોના ખેતરોમાં વીજપોલ નાખી રહી છે, જેનાથી ખેડૂતોની જમીનો નકામી થઈ રહી છે. અદાણી કંપનીને ફાયદો કરાવવા આ બધું કરાતું હોવાનો આક્ષેપ કરાયો છે. રાજ્યમાં સાંજે ૪:૦૦ વાગ્યાથી સવારે ૪:૦૦ વાગ્યા સુધી ખેડૂતો માટે સંપૂર્ણ વીજકાપ રહે છે, જેનાથી ગંભીર વીજસંકટ સર્જાયું છે. વીજપોલ મુદ્દે ચાલી રહેલા આંદોલનો અને વળતરની માંગણીઓને કોંગ્રેસ પક્ષ સંપૂર્ણ સમર્થન આપે છે.

### તહેવારો પહેલા શાકભાજીના ભાવમાં ભડકો

## ડુંગળી 70-80, ટામેટા 90 અને લીંબુ 100 રૂપિયા



ગુજરાતમાં તહેવારોની તૈયારીઓ વચ્ચે શાકભાજીના વધતા ભાવ સામાન્ય પરિવારોના ઘરખર્ચ પર વધારાનો બોજ નાખી રહ્યા છે. તહેવારો દરમિયાન ઘરમાં વિવિધ વાનગીઓ બનાવવાની પરંપરા હોવાથી શાકભાજી સહિતની જીવનજરૂરિયાતની વસ્તુઓની માંગ વધે છે. આવા સમયે શાકભાજીના ભાવ ઊંચા રહેતાં મર્યાદિત આવક ધરાવતા પરિવારો માટે ઘરનું બજેટ જાળવવું મુશ્કેલ બની રહ્યું છે. રોજ કમાઈને રોજનું ગુજરાન ચલાવતા પરિવારોને પણ વધતા ખર્ચ વચ્ચે ઘરખર્ચનું ગણિત માંડવું પડી રહ્યું છે. શાકભાજીના ભાવમાં થયેલા વધારાની અસર ખાસ કરીને રસોડામાં રોજ વપરાતી વસ્તુઓ પર જોવા મળી રહી છે. અગાઉ આશરે રૂ. 30 પ્રતિ કિલો મળતી ડુંગળીના ભાવ વધીને રૂ. ૭૦થી ૮૦ સુધી પહોંચ્યા છે, જ્યારે ટામેટાંના ભાવ રૂ. ૯૦ પ્રતિ કિલોને પાર ગયા છે. બીજી તરફ, સામાન્ય રસોઈમાં ઉપયોગમાં લેવાતા લીંબુના ભાવ પણ રૂ. 30થી વધીને આશરે રૂ. ૧૦૦ પ્રતિ કિલો સુધી પહોંચ્યા હોવાનું બજારના ભાવ અંગેની વિગતોમાં જણાવાયું છે. આ ભાવવધારાને કારણે રોજિંદા શાકભાજીની ખરીદી પણ મોંઘી બની રહી છે.

# ગુજરાતમાં વીજસંકટ



# મીણબત્તી તૈયાર રાખજો

## ગુજરાતમાં શું સ્થિતિ છે?

વીજકાપની અસર ગામડાંમાં શરૂ થઈ ગઈ છે. ખેતી માટે પાણીની તકલીફ પહેલેથી છે, તેમાં ય વીજ કાપના કારણે પંપ ચાલુ થઈ શકે નહીં એટલે વધારે તકલીફ. ગામડાંમાં ૨૪ કલાક પાવર આપતી જ્યોતિગ્રામ યોજનામાં પણ હવે ૧૫ મિનિટથી લઈ ૧ કલાક સુધીનો વીજ કાપ ઝીંકવામાં આવ્યો છે. જ્યાં થ્રિ ફેસ પાવર કનેક્શન અપાતું હોય ત્યાં સીંગલ ફેસ પાવર કનેક્શન આપીને વીજળી બચાવવાના પ્રયાસો શરૂ થયા છે. ગુજરાતમાં ને દેશમાં ૧૮ વર્ષ પછી એવી સ્થિતિ થઈ કે વીજકાપ મૂકવો પડ્યો. ગુજરાતમાં પીક અવર્સમાં વીજળીની માગ ૨૯ હજાર મેગાવૉટે પહોંચી છે. ગુજરાતમાં ૫૪% વીજળી માત્ર ઈન્ડસ્ટ્રીયલ અને કોમર્શિયલ સેક્ટરમાં વપરાય છે. આવનારા બે વર્ષમાં ૨૯ હજાર મેગાવોટની માગ વધીને ૫૬ હજાર મેગાવોટ થવાની સંભાવના છે. ગુજરાતમાં પાવર પ્રોડક્શન કેપેસિટી ૫૮ હજાર મેગાવોટ છે. તેમાંથી ૪૨ હજાર મેગાવોટ એટલે ૫૪% જેટલો હિસ્સો સોલાર અને વીન્ડ જેવી ગ્રીન એનર્જીનો છે. તેના ઉત્પાદનમાં દેશમાં ગુજરાત પહેલા નંબરે છે.

## ઘરે-ઘરે વીજકાપની ભીતિ

વીજળીની વધતી માગ અને પુરવઠાની અછત વચ્ચે આગામી ઉનાળામાં રહેણાંક વિસ્તારોમાં પણ લોડશેડિંગની સ્થિતિ સર્જાવાની આશંકા છે. સાંજના સમયે વીજ વપરાશ વધતો હોવાથી વીજ પુરવઠાનું સંતુલન જાળવવું પડકારરૂપ બની શકે છે. જો વીજ સંકટ વધુ ઘેરું બનશે તો અલગ-અલગ વિસ્તારોમાં સમયાંતરે વીજકાપ મૂકવાની નોબત આવી શકે છે. જોકે, રાજ્યભરમાં દરેક ઘરની વીજળી કાપવાનો કોઈ નિર્ણય જાહેર થયો હોવાની પુષ્ટિ ઉપલબ્ધ માહિતીમાં નથી.

## કોલસાની તંગી, ઘટતું ઉત્પાદન અને રેકોર્ડબ્રેક માગ વચ્ચે ગુજરાતમાં વીજ કટોકટી

**સાંજે 4થી રાત્રે 12 વીજકાપ**

| | |
|---|---|
| સોમવાર | ગાંધીનગર, વલસાડ, નવસારી |
| મંગળવાર | અમદાવાદ, સાબરકાંઠા, પંચમહાલ, દાહોદ, મહિસાગર, અરવલ્લી |
| બુધવાર | રાજકોટ, મોરબી |
| ગુરૂવાર | મહેસાણા, બનાસકાંઠા, અમરેલી, સુરેન્દ્રનગર, ડાંગ |
| શુક્રવાર | ખેડા, ભરૂચ, નર્મદા, પોરબંદર, ભાવનગર, જામનગર, જૂનાગઢ, ગીર સોમનાથ, બોટાદ, દ્વારકા |
| શનિવાર | કચ્છ પંથકના ભુજ, ગાંધીધામ, નખત્રાણા, કંડલા અને માંડવી |
| રવિવાર | પાટણ, વડોદરા, આણંદ, તાપી, સુરત, છોટાઉદેપુર |

ગુજરાતને વીજ ઉત્પાદનમાં અગ્રેસર રાજ્ય તરીકે ઓળખવામાં આવે છે, પરંતુ અત્યારે રાજ્ય વીજ સંકટના પડકારનો સામનો કરી રહ્યું છે. કોલસાની અછત, હવામાનની પ્રતિકૂળ સ્થિતિ, જળવિદ્યુત ઉત્પાદનમાં ઘટાડો અને વીજળીની વધતી માગને કારણે વીજ પુરવઠાનું સંતુલન જાળવવું મુશ્કેલ બની રહ્યું છે. ગામડાંમાં લોડશેડિંગની અસર દેખાવા લાગી છે, જ્યારે ઔદ્યોગિક વિસ્તારોમાં પણ વીજકાપનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી ઉનાળામાં વીજ માગ વધશે ત્યારે પરિસ્થિતિ વધુ મુશ્કેલ બની શકે તેવી આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા અને તેમના સમર્થકો ફાનસ લઈને ઈલેક્ટ્રિસિટી બોર્ડની કચેરીએ પહોંચ્યા હતા અને ગામડાંમાં ખેતી માટે વીજ પુરવઠો બંધ થતો હોવાનો વિરોધ નોંધાવ્યો હતો. આ ઘટનાએ વીજકાપના મુદ્દાને ફરી ચર્ચાના કેન્દ્રમાં લાવ્યો છે.



## ઉદ્યોગોને 5 કલાક ઓછી વીજળી વાપરવા ઉર્જામંત્રીની અપીલ

ગુજરાતમાં સામાન્ય રીતે ઓક્ટોબર મહિનામાં ગરમીમાં ઘટાડો થઈ જતો હોય છે. પરંતુ, આ વર્ષે અલનીનોની અસરના કારણે આકરી ગરમી પડી રહી હોય રાજ્યમાં વીજળીનો વપરાશ ઐતિહાસિક સપાટીએ પહોંચ્યો છે. ગુજરાતમાં હાલ ૨૬.૬૦ ટકાના ઉછાળા સાથે વીજળીની માગ ૨૯,૮૨૨ મેગાવોટ પર પહોંચી છે. દિવસે તો રિન્યુએબલ એનર્જીથી જરુરિયાત પૂર્ણ થઈ રહી છે પરંતુ, સાંજે ૫ થી ૧૦ વાગ્યા દરમિયાન મુશ્કેલી સર્જાતા ઉર્જામંત્રીએ ઉદ્યોગોને આ સમય દરમિયાન વપરાશ ઘટાડવા અપીલ કરવામાં આવી છે. ઉર્જામંત્રી ઋષિકેશ પટેલે ગાંધીનગરમાં ઉચ્ચસ્તરીય બેઠક યોજી. આ ઉપરાંત ગુજરાત વીજકંપનીના અધિકારીઓ વધુ વીજળીની માગ સાથે દિલ્હી પહોંચ્યા હતા. ગુજરાતમાં વીજળીની માગે નવો રેકોર્ડ બનાવતાં રાજ્યના ઊર્જા તંત્ર સામે આગામી દિવસોમાં પુરવઠો જાળવી રાખવાનો પડકાર ઊભો થયો છે.

## ખેડૂતોની ચિંતા વધી, સિંચાઈ પર અસર

ખેતી માટે પાણીની જરૂરિયાત વચ્ચે વીજકાપને કારણે સિંચાઈના પંપ ચલાવવામાં મુશ્કેલી ઊભી થઈ શકે છે. અહેવાલ મુજબ, ગામડાંમાં જ્યોતિગ્રામ યોજના હેઠળના વીજ પુરવઠામાં પણ કેટલાક સ્થળે ૧૫ મિનિટથી એક કલાક સુધીનો કાપ મૂકવામાં આવી રહ્યો છે. જ્યાં થ્રી-ફેઝ વીજ જોડાણ આપવામાં આવતું હોય ત્યાં વીજળી બચાવવા સિંગલ-ફેઝ પુરવઠાનો ઉપયોગ કરવાનો પ્રયાસ પણ થઈ રહ્યો છે. વીજ પુરવઠો સમયસર ન મળે તો ખેતીની કામગીરી ખોરવાવાની ચિંતા ખેડૂતો માટે મહત્ત્વપૂર્ણ બની શકે છે.

## ઉદ્યોગો પર 8 કલાકનો વીજકાપ

ગુજરાતમાં વીજળીની વધતી માગ અને પુરવઠાની અછતને પહોંચી વળવા ઔદ્યોગિક વિસ્તારોમાં અઠવાડિયામાં એક વખત આઠ કલાકનો વીજકાપ રાખવાનું આયોજન કરવામાં આવ્યું છે. કોલસાના વધતા ભાવને કારણે કેટલીક કંપનીઓએ પોતાના કેપ્ટિવ પાવર પ્લાન્ટ બંધ કર્યા હોવાનો પણ અહેવાલમાં ઉલ્લેખ છે. આવી સ્થિતિમાં ઉદ્યોગોએ વીજળીના વપરાશનું આયોજન કરવું પડશે. વીજકાપનો સમય અને તેની અસર ઔદ્યોગિક એકમોની કામગીરી માટે મહત્ત્વપૂર્ણ બની શકે છે.




# ગોંડલ જેલમાં બંધ ઉચાપતના આરોપીને જામીન આપવાનું કહી પત્રકાર રવિ રામાણી આણી ટોળકીએ 26 લાખ પડાવી લીધા

## પોલીસ, એલસીબી, કોર્ટ અને જેલ તંત્ર સાથે વહીવટ કરવો પડશે કહી પૈસા પડાવ્યા, પણ જામીન મંજુર નહીં થતા શંકા ઉપજી

## મહિલાને જાનથી મારી નાખવાની ધમકી આપી, જેલમાં પતિને વધુ તકલીફ પડશે કહી ધમકાવી : ત્રણ સામે બી ડિવિઝનમાં ફરિયાદ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

ગોંડલમાં કરોડો રૂપિયાની આંગડિયા પેઢીની ઉચાપતના કેસમાં જેલમાં બંધ પતિને એકાદ મહિનામાં જામીન પર છોડાવી દેવા તથા કેસમાં મહિલા અને તેમના સસરાનું નામ ન ખોલવાની લાલચ આપી કટકે-કટકે રૂ. ૨૬ લાખ પડાવી લેવાનો સનસનાટીભર્યો કિસ્સો સામે આવ્યો છે. આ મામલે ગોંડલ શહેર બી’ડિવિઝન પોલીસ સ્ટેશનમાં સોશિયલ મીડિયા ન્યૂઝ ચેનલના પત્રકાર રવિ રામાણી સહિત ત્રણ શખ્સો સામે ગુનાહિત કાવતરું રચી નાણાં પડાવવા અંગે ગુનો નોંધાયો છે.

ગોંડલના ગુંદાળા રોડ પર આવેલા વલ્લભ વાટીકા સોસાયટીમાં રહેતા સોનલબેન મયુરભાઇ ઢોલ (ઉં.વ. ૪૨) ના પતિ મયુરભાઇ ઢોલ પી.એમ. આંગડિયા પેઢીમાં આશરે બે કરોડ રૂપિયાની ઉચાપતના ગુનામાં સબ જેલમાં બંધ છે. ફરિયાદ મુજબ, આ કેસમાં આરોપી મયુર સોની, સોશિયલ મીડિયા ન્યૂઝ ચેનલ ચલાવતા પત્રકાર રવિ રામાણી અને અજય નામના શખ્સે ભેગા મળી મહિલાને તેના તથા તેના સસરાનું નામ આ ગુનામાં ખુલે તેવો ભય બતાવ્યો હતો. આરોપીઓએ પોલીસ અધિકારીઓ, એલસીબી, જજ તથા જેલ તંત્ર સાથે વહીવટ કરીને એકાદ મહિનામાં પતિના જામીન કરાવી દેવાની ખાતરી આપી રૂ. ૨૬ લાખનો ખર્ચ થશે તેમ જણાવ્યું હતું. દાગીના ગીરવે મૂકી અને ઉછીના લાવી મહિલાએ રૂ. ૨૬ લાખ ચૂકવ્યા પોલીસમાં નોંધાયેલી વિગત અનુસાર, સોનલબેને પોતાના તથા પરિવારના બચાવ માટે અજયના ડેલા પાસે તથા અલગ-અલગ સ્થળે જઈ કટકે-કટકે રકમ ચૂકવી હતી. સાપ્રથમ ઘરમાં રહેલા તથા સગા પાસેથી મેળવેલા રૂ. ૭ લાખ અજયના ડેલા ખાતે આપ્યા હતા. ત્યારબાદ સસરાને કેસમાં ન પકડવા માટે વધુ રૂ. ૧ લાખ આપ્યા હતા. ત્યારપછી બેંકમાં સોનાના દાગીના ગીરવે મૂકી રૂ. ૬ લાખની લોન મેળવી તેમાંથી રૂ.



૧ લાખ અજયને અને રૂ. ૫ લાખ પત્રકાર રવિ રામાણીને આપ્યા હતા. છેલ્લે પતિને જેલમાં હેરાન ન કરવા માટે જેલ તંત્રના વહીવટ પેટે બહેન-બનેવી તથા માતા પાસેથી ઉછીના લાવી વધુ રૂ. ૧૦ લાખ રવિ રામાણીને ડુંગર હીર દ્વારે આપ્યા હતા.

જામીન ન થતાં તપાસ કરતાં જાનથી મારી નાખવાની ધમકી આપી લાંબો સમય વિતી ગયા છતાં પતિના જામીન ન થતાં અને આરોપીઓનું કામ શંકાસ્પદ જણાતાં મહિલાએ પોતાની રીતે તપાસ શરૂ કરી હતી. આ બાબતની જાણ થતાં આરોપીઓએ મહિલાને અજયના ડેલા ખાતે બોલાવીને જો આ વાત કોઈને કહીશ તો તને જાનથી મારી નાખીશું અને તારા પતિને જેલમાં વધારે તકલીફ પડશ’ તેવી ધમકી આપી હતી. ૩ આરોપીઓ સામે ફરિયાદ દાખલ આખરે ગભરાયેલી મહિલાએ હિંમત ભેગી કરી ગોંડલ બી-ડિવિઝન પોલીસ મથકે પહોંચી ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આરોપીઓ રવીભાઇ રામાણી, અજયભાઈ (ગુંદાળા બ્રીજ નીચે મુર્તીના ડેલાવાળા) અને મયુરભાઈ સોની સામે ભારતીય ન્યાય સંહિતા (ˈ૬૯-) ની કલમ ૬૧(૨), ૩૦૮(૭) અને ૩૫૧(૩) હેઠળ ગુનો નોંધી આગળની તપાસ પીએસઆઈ એ.વી. સાંકહટે હાથ ધરી છે.



# ટાઈગર શ્રોફ પર ફાયરિંગના 3 આરોપી કોટા સ્ટેશનથી ઝડપાયા

## નેપાળ ભાગવાની ફિરાકમાં હતા; બિહારનો એક અને હરિયાણાના બે યુવકો કસ્ટડીમાં

**સિટી ન્યૂઝ@મુંબઈ**

અભિનેતા ટાઈગર શ્રોફની કાર પર થયેલા ગોળીબારના કેસમાં રાજસ્થાન પોલીસે સોમવારે સવારે ૧૦:૩૦ વાગ્યે કોટા રેલવે સ્ટેશન પર પુણે-જયપુર એક્સપ્રેસમાંથી ત્રણ શંકાસ્પદોને કસ્ટડીમાં લીધા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, આ ત્રણેય આરોપીઓ ઘટના બાદ મુંબઈથી ટ્રેન મારફતે જયપુર અને ત્યારબાદ દિલ્હી થઈને નેપાળ ભાગવાની તૈયારીમાં હતા. મુંબઈ પોલીસ પાસેથી માહિતી મળ્યા બાદ કોટા પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી. કોટાના એસપી તેજસ્વિની ગૌતમે જણાવ્યું હતું કે મુંબઈ પોલીસ તરફથી ત્રણ શંકાસ્પદો ટ્રેનમાં કોટા પહોંચવાના હોવાની જાણ કરવામાં આવી હતી. માહિતી મળતાં જ પોલીસે ટ્રેનની તપાસ શરૂ કરી હતી અને માત્ર ૧૫ મિનિટમાં ત્રણેયને પકડી લીધા હતા. પોલીસના જણાવ્યા મુજબ, ત્રણેય પુણે-જયપુર એક્સપ્રેસના જનરલ કોચમાં હતા અને કોટા પહોંચતાં જ તેમને કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા. ત્યારબાદ તેમને એસપી કચેરીએ લઈ જવામાં આવ્યા હતા. રાજસ્થાન પોલીસના જણાવ્યા અનુસાર, ત્રણ શંકાસ્પદોમાંથી બે હરિયાણાના સોનીપતના રહેવાસી છે, જ્યારે એક બિહારના બેગુસરાયનો છે. પોલીસની માહિતી પ્રમાણે, ૨૨ વર્ષનો ઋતિક બિહારના બેગુસરાયનો રહેવાસી છે અને મુંબઈના અંધેરી વેસ્ટ વિસ્તારમાં રહેતો હતો. તે રેપિડો બાઈક ચલાવતો હોવાનું જણાવાયું છે. ૧૮ વર્ષનો રેહાન હરિયાણાના સોનીપતની ઈદગાહ કોલોનીનો રહેવાસી છે, જ્યારે ત્રીજો શંકાસ્પદ ૧૭ વર્ષનો સગીર છે. પોલીસનું કહેવું છે કે આ ત્રણમાંથી બે શખ્સોએ ગોળીબાર કર્યો હતો. ટાઈગર શ્રોફ પર ગોળીબાર કરવા માટે લૉરેન્સ ગેંગના અનિલ પંડિતે કોન્ટ્રેક્ટ આપ્યો હતો. અભિનેતાની કાર પર થયેલા હુમલાની જવાબદારી પણ લૉરેન્સ ગેંગે લીધી હોવાનું અહેવાલમાં જણાવાયું છે. હુમલા દરમિયાન ટાઈગરને સીધી ગોળી વાગી નહોતી, પરંતુ ગનપાઉડર અને કાચના ટુકડાઓને કારણે તેમના ડાબા હાથમાં ઈજા થઈ હતી.

### આંખોમાં આંસુ સાથે ટાઈગરના ઘરે પહોંચી દિશા



બોલિવૂડ અભિનેતા ટાઈગર શ્રોફની કાર પર મુંબઈના જુહુ વિસ્તારમાં થયેલા ફાયરિંગ બાદ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ચર્ચા તેજ બની છે. રવિવારે સાંજે બનેલી આ ઘટના બાદ અભિનેત્રી દિશા પટની મોડી રાત્રે ટાઈગર શ્રોફના ઘરે પહોંચી હતી. તેની સાથે ટાઈગરની બહેન કૃષ્ણા શ્રોફ પણ જોવા મળી હતી. દિશાના ટાઈગરના ઘરે પહોંચવાના વીડિયો સોશિયલ મીડિયા પર સામે આવ્યા છે, જેના કારણે બંને ફરી એકવાર ચર્ચામાં આવ્યા છે. સોશિયલ મીડિયા પર સામે આવેલા વીડિયોમાં દિશા સફેદ ટોપ અને વાદળી જીન્સમાં જોવા મળે છે. તે કારની આગળની સીટ પર બેઠેલી હતી અને તેના હાથમાં એક પેકેટ પણ જોવા મળ્યું હતું. અહેવાલો અનુસાર, દિશા ટાઈગરની ખબર પૂછવા માટે તેના ઘરે પહોંચી હતી. જોકે, આ મુલાકાત પાછળની ચોક્કસ વિગતો અંગે કોઈ સત્તાવાર માહિતી સામે આવી નથી.

### ફાયરિંગ કરનારો ગેંગસ્ટર અનિલ પંડિત કોણ છે?

મુંબઈના પોશ વિસ્તાર જુહુમાં રવિવારે એક મોટી ઘટના બની હતી. બોલિવૂડ અભિનેતા ટાઈગર શ્રોફ પર અજાણ્યા શખ્સોએ હુમલો કર્યો હતો. ટાઈગર શ્રોફ ફૂટબોલ રમીને પરત ફરી રહ્યા હતા.તેઓ પોતાની બીએમડબલ્યુ કારમાં સવાર થઈને ઘરે જઈ રહ્યા હતા.આ દરમિયાન અજાણ્યા હુમલાખોરોએ તેમની કાર પર નિશાન સાધ્યું હતું.હુમલાખોરોએ કાર પર અંધાધૂંધ અનેક રાઉન્ડ ગોળીબાર કર્યો હતો.આ ફાયરિંગથી સમગ્ર વિસ્તારમાં ભારે ભય ફેલાયો હતો.સદનસીબે અભિનેતા ટાઈગર શ્રોફ આ હુમલામાં સંપૂર્ણ સુરક્ષિત રહ્યા છે.અભિનેતાને ગોળીબારમાં કોઈ પણ પ્રકારની ઈજા થઈ નથી.જોકે તેમની કારના ડ્રાઈવરને આ હુમલામાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઘાયલ ડ્રાઈવરને તાત્કાલિક સારવાર માટે નાણાવટી હોસ્પિટલમાં ખસેડાયા છે. નાણાવટી હોસ્પિટલમાં હાલ ડ્રાઈવરની સારવાર ચાલી રહી છે.



ગોળીબારની સૂચના મળતા જ મુંબઈ પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી. પોલીસે સમગ્ર વિસ્તારને ચારેય તરફથી કોર્ડન કરી લીધો છે.પોલીસે હુમલાખોરોને ઝડપી પાડવા માટે સઘન તપાસ શરૂ કરી છે.આ હુમલા પાછળ લૉરેન્સ બિશ્નોઈ ગેંગનો હાથ હોવાની વિગતો સામે આવી છે.ગેંગ સાથે જોડાયેલા અનિલ પંડિત અને હરમન સંધૂએ હુમલાની જવાબદારી લીધી છે.સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ફેસબુક પર અનિલ પંડિતના નામે પોસ્ટ કરવામાં આવી છે.આ પોસ્ટમાં ટાઈગર શ્રોફને નિશાન બનાવવાનું કારણ સ્પષ્ટ કરવામાં આવ્યું છે.પોસ્ટમાં દાવો કરાયો છે કે ટાઈગર શ્રોફને અગાઉ ચેતવણી અપાઈ હતી.તેમને અભિનેતા સલમાન ખાન સાથે કામ ન કરવા તાકીદ કરાઈ હતી. અભિનેતાએ આ ચેતવણીને સંપૂર્ણપણે નજરઅંદાજ કરી દીધી હતી.ચેતવણીની અવગણના કરવા બદલ આ ગોળીબાર કરવામાં આવ્યો હોવાનો દાવો છે.

### સરકારી કચેરી જ બની ‘કિલર’

# રાજકોટ PGVCL હેડ ઓફિસમાં મંજૂરી વિના 20 મહાકાય વૃક્ષોની ક્રૂર કતલ!



## ■ એક તરફ ‘ગ્રીન ગુજરાત’ની વાતો, બીજી તરફ સરકારી બાબુઓ જ ચલાવી રહ્યા છે લીલાછમ વૃક્ષો પર કરવત!

## ■ મનપાની ગાર્ડન શાખા ઘોર નિંદ્રામાં: મંજૂરી વિના જ ખેલ ખતમ થઈ ગયો છતાં તંત્ર હાથ પર હાથ ધરીને બેઠું રહ્યું

**સિટી ન્યૂઝ@રાજકોટ**

સરકાર એક તરફ પર્યાવરણ બચાવવા અને વધુ વૃક્ષો વાવવા માટે કરોડો રૂપિયાના ખર્ચે મોટા અભિયાનો ચલાવે છે અને લોકોને વૃક્ષારોપણ માટે અપીલ કરે છે. પરંતુ, બીજી તરફ ખુદ સરકારી વિભાગો જ આ પ્રયાસોનો શરેઆમ ઉલાળિયો કરી રહ્યા હોવાનો કડવો સત્ય સામે આવ્યો છે. રાજકોટમાં પર્યાવરણના છેદનની એક અત્યંત આઘાતજનક અને શરમજનક ઘટના પ્રકાશમાં આવી છે, જ્યાં શહેરની પીજીવીસીએલ (PGVCL) ની વડી કચેરીના કમ્પાઉન્ડમાં જ લીલાછમ અને વર્ષો જૂના વૃક્ષોનું નિર્દયતાથી નિકંદન કાઢી નાખવામાં આવ્યું છે.

પ્રાપ્ત માહિતી અને સ્થળ પરના દ્રશ્યો દર્શાવે છે કે, પીજીવીસીએલ કચેરીમાં અંદાજે ૨૦ જેટલા મહાકાય અને ૨૦ વર્ષથી વધુ જૂના વૃક્ષો પર કોઈપણ જાતની દયા દાખવ્યા વિના કુહાડીના ઘા ઝીંકી દેવાયા છે. વર્ષોની મહેનતથી ઉછરેલા આ ઘટાદાર વૃક્ષોના જાડા થડ અને લીલીછમ ડાળીઓ કાપીને મજૂરો દ્વારા ટ્રેક્ટરો અને ટ્રકોમાં ભરી દેવામાં આવી છે. આટલા મોટા પાયે લીલા વૃક્ષોનો સોથ વાળી દેવાયો હોવા છતાં જાણે સરકારી બાબુઓને પર્યાવરણની કોઈ જ પડી ન હોય તેવો ઘાટ સર્જાયો છે.

આ સમગ્ર કૌભાંડમાં સૌથી મોટો સવાલ રાજકોટ મહાનગરપાલિકા (RMC) ની કામગીરી અને તેમની ગુનાહિત નિષ્ક્રિયતા પર ઊભો થાય છે. પીજીવીસીએલ દ્વારા આ ૨૦ જેટલા મહાકાય વૃક્ષો કાપતા પહેલા મનપાની કોઈ જ સત્તાવાર મંજૂરી લેવામાં આવી ન હોવાનું ખૂલ્યું છે. નિયમ મુજબ કોઈપણ મોટું વૃક્ષ કાપતા પહેલા પરવાનગી લેવી ફરજિયાત છે, છતાં અહીં સત્તાના નશામાં કાયદાને નેવે મૂકીને લીલાછમ વૃક્ષોની લાશો પાડી દેવામાં આવી છે. મનપાની ગાર્ડન શાખાને આટલા મોટા સ્તરે ચાલતા વૃક્ષ છેદનની ગંધ સુધ્ધાં ન આવી તે તેમની ઘોર બેદરકારી છતી કરે છે.

મનપાની ગાર્ડન શાખાની કામગીરી માત્ર કાગળ પૂરતી અને ફોટા પડાવવા પૂરતી જ સીમિત રહી ગઈ હોય તેવું સ્પષ્ટ દેખાય છે. શહેરમાં આ જ રીતે અનેક કચેરીઓ અને સંસ્થાઓ દ્વારા વારંવાર પર્યાવરણનો વિનાશ કરવામાં આવે છે, પરંતુ ગાર્ડન શાખાના અધિકારીઓ હંમેશા આંખ આડા કાન કરીને હાથ પર હાથ ધરીને તમાશો જોતા બેઠા રહે છે. જો સરકારી વિભાગો જ આ રીતે કાયદાનો ભંગ કરીને પ્રકૃતિનો વિનાશ કરશે, તો સામાન્ય જનતા પાસેથી શું અપેક્ષા રાખી શકાય? આ હીન કૃત્યમાં તાત્કાલિક ધોરણે ક્રોસ-ચેકિંગ કરી જવાબદાર અધિકારીઓ સામે આકરી શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવે તેવી શહેરના જાગૃત નાગરિકો અને પર્યાવરણ પ્રેમીઓ દ્વારા ઉગ્ર માંગ કરવામાં આવી રહી છે.



## સોશિયલ મીડિયા પર અફવાઓથી સાવધાન

# ‘બાલાજી’ નામ સરખું, પણ કંપની અલગ ! વેફર્સને લઈને અફવાઓથી રહો સાવધાન !

### હૈદરાબાદની સ્થાનિક ફૂડ કંપની સામેની કાર્યવાહી બાદ ગુજરાતની બાલાજી વેફર્સ અંગે ગેરસમજ ફેલાઈ; બંને વચ્ચે કોઈ સંબંધ નહીં હોવાની સત્તાવાર સ્પષ્ટતા




સિટી ન્યૂઝ@રાજકોટ

તાજેતરમાં તેલંગણા (હૈદરાબાદ)માં ફૂડ સેફ્ટી વિભાગ દ્વારા નિયમોના ભંગ બદલ ’બાલાજી મેજિક મીઠાઈ’ અને ’બાલાજી ફૂડ પ્રોડક્ટ્સ’ નામની સ્થાનિક પેઢીનું લાઈસન્સ સસ્પેન્ડ કરવામાં આવ્યું છે. આ સમાચાર વાયરલ થતાં જ સોશિયલ મીડિયા પર ગુજરાત અને દેશભરમાં જાણીતી સ્નેક્સ બ્રાન્ડ બાલાજી વેફર્સ (Balaji Wafers Pvt. Ltd.) વિશે પણ ગેરસમજ અને અફવાઓ ફેલાવા લાગી છે. ગ્રાહકોમાં મોટો ભ્રમ ઊભો ન થાય તે માટે કંપની તરફથી સત્તાવાર સ્પષ્ટતા કરવામાં આવી છે કે આ વિવાદ સાથે તેમને કોઈ જ લેવાદેવા નથી.તેલંગણાના હૈદરાબાદમાં જે કંપની સામે કડક પગલાં લેવાયા છે, તે મુખ્યત્વે સ્વીટ્સ અને ડેરી પ્રોડક્ટ્સ સાથે જોડાયેલું એક સ્થાનિક ઉત્પાદન એકમ છે. માત્ર ’બાલાજી’ નામ સામાન્ય (સરખું) હોવાના કારણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર કેટલાક લોકો બન્ને બ્રાન્ડને એક સમજીને ખોટી અફવાઓ ફેલાવી રહ્યા છે. હકીકતમાં, તેલંગણાની વિવાદિત પેઢી અને ગુજરાતની વેફર્સ કંપની સંપૂર્ણપણે અલગ માલિકી અને અલગ અસ્તિત્વ ધરાવે છે. છેલ્લાં કેટલાય દાયકાઓથી બાલાજી વેફર્સ ગ્રાહકોને શુદ્ધ, હાઈજીનિક અને ઉચ્ચ ગુણવત્તાયુક્ત નમકીન અને વેફર્સ પૂરી પાડવા માટે જાણીતી છે. કંપનીના તમામ પ્લાન્ટ્સ અત્યાધુનિક ઓટોમેટિક મશીનરીથી સજ્જ છે અને ફૂડ સેફ્ટીના તમામ આંતરરાષ્ટ્રીય માપદંડોનું કડક પાલન કરે છે. આ સમાચાર માત્ર સ્થાનિક તેલંગણાની ડેરી બ્રાન્ડ પૂરતા સીમિત હોવાથી, બાલાજી વેફર્સના ચાહકો અને ગ્રાહકોએ કોઈપણ પ્રકારની ચિંતા કરવાની જરૂર નથી.

BALAJI WAFERS

**OFFICIAL STATEMENT**

हम यह स्पष्ट करना चाहते हैं कि ऑनलाइन प्लेटफॉर्म्स पर FSSAI लाइसेंस के निलंबन को लेकर प्रसारित हो रही खबर Balaji Foods Products से संबंधित है और इसका हमारी कंपनी Balaji Wafers Pvt. Ltd. से कोई संबंध नहीं है।

Balaji Wafers में हम खाद्य सुरक्षा, गुणवत्ता, स्वच्छता और नियामक अनुपालन के उच्चतम मानकों को बनाए रखने के लिए प्रतिबद्ध हैं। हम FSSAI के सभी लागू मानकों का कड़ाई से पालन करते हैं तथा अपने उत्पादों की सुरक्षा और गुणवत्ता सुनिश्चित करने के लिए कंपनी के आंतरिक गुणवत्ता मानकों का भी सख्ती से अनुपालन करते हैं।

धन्यवाद।

## બાલાજી વેફર્સની સત્તાવાર સ્પષ્ટતા

ગુજરાતના રાજકોટથી શરૂ થયેલી અને કરોડો ગ્રાહકોના દિલમાં વસેલી અગ્રણી કંપની ’બાલાજી વેફર્સ’ દ્વારા આ બાબતે સત્તાવાર ખુલાસો કરવામાં આવ્યો છે. કંપનીએ સ્પષ્ટ કર્યું છે કે, તેલંગણામાં જે બ્રાન્ડનું લાઈસન્સ રદ થયું છે તેની સાથે અમારો કોઈ જ વ્યાપારિક કે કાયદાકીય સંબંધ નથી. ગ્રાહકોએ સોશિયલ મીડિયા પર વહેતા થયેલા ભ્રામક મેસેજ કે વીડિયો પર વિશ્વાસ ન કરવો અને આવી કોઈપણ અફવાઓને આગળ શેર ન કરવા માટે અપીલ કરવામાં આવી છે.

## હૈદરાબાદની ‘બાલાજી મેજિક મીઠાઈ’ અને ‘બાલાજી ફૂડ પ્રોડક્ટ્સ’ સામેની કાર્યવાહી ગુજરાતની બાલાજી વેફર્સથી અલગ; અફવાઓને ચકાસ્યા વિના શેર ન કરવા અપીલ



# દુર્ગા પૂજા પંડાલમાં નાસભાગથી 19નાં મોત, 25 લોકો ઘાયલ

» વરસાદથી બચવા સેંકડો લોકો ચોરબાગાન પંડાલમાં ઘસી જતાં સાંકડા રસ્તામાં ભીડ દબાઈ ગઈ

» ૪૯માં ઓનલાઈન VIP પાસનું વેચાણ અને 300 મીટરની લાઈનમાં માત્ર 2 ગાર્ડ હોવાનો ખુલાસો

» પૂજા કમિટીના સચિવ અને ઉપાધ્યક્ષ સહિત 7 લોકોની ધરપકડ, હાઈકોર્ટના જજની અધ્યક્ષતામાં SIT તપાસ

» મૃતકોના પરિવારને 25 લાખની સહાય અને સરકારી નોકરીની જાહેરાત, TMC અને ભાજપ વચ્ચે આક્ષેપબાજી







**સિટી ન્યૂઝ@કોલકાતા**

પશ્ચિમ બંગાળની રાજધાની કોલકાતામાં શનિવારે રાત્રે મહાત્મા ગાંધી રોડ સ્થિત પ્રખ્યાત ચોરબાગાન દુર્ગા પૂજા પંડાલમાં નાસભાગ મચતાં ૧૯ લોકોનાં કચડાઈ જવાથી કરુણ મોત નીપજ્યા છે, જ્યારે ૨૫ લોકો ઘાયલ થયા છે. વરસાદથી બચવા સેંકડો લોકો એકસાથે પંડાલમાં ઘૂસી જતાં આ ગોઝારી દુર્ઘટના સર્જાઈ હતી. મૃતકોમાં ૧૩ મહિલાઓ, ૨ બાળકો, બિહારના પિતા-પુત્ર, ધોરણ ૧૨ની વિદ્યાર્થિની અને એક નર્સનો સમાવેશ થાય છે. ઘટના બાદ પંડાલમાં ચારેતરફ ચપ્પલો અને તૂટેલા માળખાના હૃદયદ્રાવક દ્રશ્યો જોવા મળ્યા હતા. ચોરબાગાન પંડાલને બે દિવસ પહેલાં જ સરકારનો દેવી દુર્ગા સન્માન ૨૦૨૬ મળ્યો હોવાથી તેમજ ફ્લિપકાર્ટ મિનિટ્સ પર ૪૯માં VIP પાસ વેચાતા હોવાથી ભારે ભીડ ઉમટી હતી. 300 મીટર લાંબી લાઈન અને સાંકડા રસ્તા પર ભીડ સંભાળવા માત્ર ૨ સિક્યોરિટી ગાર્ડ જ તૈનાત હતા. સાંજે ૭:૪૦ વાગ્યે વરસાદ શરૂ થતાં લોકો અંદર ધસી આવ્યા અને દબાણથી પંડાલનો એક ભાગ તૂટી પડ્યો હતો. આ સમયે માઈક પરથી 'પંડાલ ધરાશાયી થઈ શકે છે, બહાર નીકળો' તેવી જાહેરાત થતાં જ ગભરાટ ફેલાયો અને લપસણી ગલીમાં નાસભાગ મચી ગઈ હતી. આ બેદરકારી બદલ ગિરીશ પાર્ક પોલીસે બિનઈરાદતન હત્યાનો ગુનો નોંધી પૂજા કમિટીના સચિવ રાજકુમાર સેઓડા, ઉપાધ્યક્ષ શાંતનુ દુબે, કોન્ટ્રાક્ટર અને ગાર્ડ સહિત ૭ લોકોની ધરપકડ કરી છે. મુખ્યમંત્રી શુભેન્દુ અધિકારીએ મૃતકોના પરિવારજનોને ૨૫ લાખની સહાય, પરિવારના એક સભ્યને ગ્રુપ-Dની સરકારી નોકરી અને ઘાયલોને ૫ લાખ આપવાની જાહેરાત કરી છે. હાઈકોર્ટના વર્તમાન જજની આગેવાનીમાં SIT તપાસના આદેશ અપાયા છે, જેનો રિપોર્ટ દોઢ મહિનામાં જાહેર કરાશે. ગૃહમંત્રી અમિત શાહે હોસ્પિટલમાં ઘાયલોની મુલાકાત લીધી હતી, જ્યારે મોરારિબાપુએ મૃતકોના પરિવારોને કુલ ૨,૮૫,૦૦૦ ની સહાય જાહેર કરી છે. ઘટના બાદ તૃણમૂલ કોંગ્રેસ (TMC) ના પ્રવક્તા કુણાલ ઘોષે આરોપ લગાવ્યો છે કે પૂજા કમિટીમાં ભાજપના ધારાસભ્ય વિજય ઓઝા અને મુખ્યમંત્રીના ભત્રીજા દેવદીપ અધિકારી સામેલ છે, તો તેમની ધરપકડ ક્યારે થશે? અમિત શાહની મુલાકાત માટે દર્દીઓને ખાનગી હોસ્પિટલમાં ખસેડવા સામે પણ TMCએ સવાલો ઉઠાવ્યા છે, જ્યારે કોંગ્રેસે મૃત્યુઆંક વધુ હોવાનો દાવો કર્યો છે. હાલમાં પરિસ્થિતિ ન વણસે તે માટે બોબાજાર અને કોલેજ સ્ટ્રીટ વિસ્તારમાં ૧૮ થી ૨૦ ઓક્ટોબર સુધી BNSS ની કલમ ૧૬૩ લાગુ કરી દેવાઈ છે.




સરકાર બીજા રાજ્યો અને પ્રાઈવેટ કંપનીઓને કરોડો રૂપિયાની વીજળી પાણીના ભાવે વેચે છે, પણ નવરાત્રીમાં ગામડાઓમાં ભયંકર વીજકાપ થાય છે

# પાવરફૂલ સરકાર પાસે પાવર પૂરો : ઈટાલિયા

■ રાજકોટ, જુનાગઢ, જામનગરની અનેક ઈન્ડસ્ટ્રીઝને દબાણ કરવામાં આવે છે કે એમણે ચાર કલાક ઉદ્યોગ બંધ રાખવાનો છે

■ સોલાર કંપની, પવનચક્કીની કંપની અને ભાજપના નેતાઓના સાંઠગાંઠનો ભોગ ગામડાના લોકો અને ઉદ્યોગો બની રહ્યા છે

## માતાજીની આરતીના સમય હજારો ગામડાઓમાં લાઈટ કાપી નાખવામાં આવે છે

- ■ 30 વર્ષથી ચાલતી ભાજપની સરકાર લાઇટનું મેનેજમેન્ટ કરવામાં નિષ્ફળ ગઈ
- ■ રાજકોટ સહિત આખા કાઠીયાવાડ પર હવે બીજો નવો પ્રશ્ન પીવાના પાણીનો તોળાઈ રહ્યો છે
- ■ લાઈટ નથી આવી રહી, ડેમમાં પાણી નથી અને વાતો વિશ્વગુરુની થઈ રહી છે
- ■ ભાજપ સરકારને અપીલ કે ઝડપથી વીજળી અને પીવાના પાણીની વ્યવસ્થા કરો નહીંતર જનતાને સાથે રાખીને આમ આદમી પાર્ટી કાર્યક્રમ કરશે
- ■ અંદરની માહિતી પ્રમાણે બેટરી કંપની પાસેથી ઉચ્ચ અધિકારીઓને જોઈએ એવું કમિશન ન મળ્યું એટલા માટે વીજળી સ્ટોર કરવાના બેટરીના પ્રોજેક્ટને ટલ્લે ચડાવી દીધો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા, રાજકોટ લોકસભા ઈનચાર્જ દિલીપસિંહ વાઘેલા, પ્રદેશ સંગઠન મંત્રી તેજસભાઇ ગાજીપરા, રાજકોટ શહેર પ્રમુખ રાજેશભાઇ ડાંગરિયા અને મહિલા અગ્રણી પદ્મિનીબા વાળાએ રાજકોટમાં પત્રકાર પરિષદ યોજી હતી. મીડિયાને સંબોધતા ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ જણાવ્યું કે, ઊર્જા મંત્રીએ મને લેખિતમાં આપેલા જવાબ મુજબ ગુજરાત સરકાર દર વર્ષે કરોડો રૂપિયાની વીજળી પાણીના ભાવે બીજા રાજ્યો અને ખાનગી કંપનીઓને વેચે છે. જો રાજ્યમાં વપરાશ પછી વીજળી વધતી હોય તો મોકલે તે આવકાર્ય છે, પરંતુ છેલ્લા ૨૦-૨૫ દિવસથી નવરાત્રી જેવા પવિત્ર તહેવારમાં સાંજના ૬:00 થી રાતના ૯:30 વાગ્યા દરમિયાન, જમવાના અને આરતીના સમયે જ ગામડાઓમાં ભયંકર પાવર કટ કરીને અંધારપટ છવાઈ જાય છે. આ અંધકાર યુગનો વિરોધ કરવા જૂનાગઢના ખેડૂતો સાથે અધિક્ષક ઈજનેરની કચેરીએ ફાનસ આપવામાં આવ્યું હતું. એકતરફ સોલાર પેનલો, પવનચક્કીઓ અને ખેડૂતોના ખેતરોમાં દાદાગીરીથી થાંભલા નાખીને મોટી વાતો કરાય છે, તો આજે આ વીજળી ક્યાં ગઈ? 'સ્ટેગરિંગ હોલિડે' જેવા અંગ્રેજી શબ્દો વાપરીને સરકાર વીજળીના ધાંધિયા છુપાવે છે અને રાજકોટ, જામનગર, જૂનાગઢ તથા ભાવનગરની ઈન્ડસ્ટ્રીઝને ફરજિયાત ચાર કલાક ઉદ્યોગ બંધ રાખવા દબાણ કરે છે. છેલ્લા 30 વર્ષથી શાસન કરતી ભાજપ સરકારનું કોઈ મેનેજમેન્ટ જ નથી. સોલર-પવનચક્કી કંપનીઓ અને ભાજપના નેતાઓની સાંઠગાંઠ તથા ભ્રષ્ટાચારનો ભોગ ખેડૂતો અને ઉદ્યોગકારો બની રહ્યા છે. વળી, બેટરી ઉત્પાદક કંપની પાસેથી અધિકારીઓને કમિશન ન મળતા વીજ સ્ટોરેજ પ્રોજેક્ટ પણ ટલ્લે ચડાવી દેવાયો છે. અત્યારે ચાર-ચાર કલાકના પાવર કટ થઈ રહ્યા છે અને ભાજપના નેતાઓ ચંદ્ર અને મંગળ પર જવાની વાતો કરે છે, પણ શું ત્યાં હાથમાં ફાનસ લઈને જશો? જો તમારાથી વીજળીનું મેનેજમેન્ટ ન થતું હોય અને શાસન ન ચાલતું હોય તો ખુરશી પરથી હટી જાઓ. આગળ દિવાળી, બેસતું વર્ષ અને વેકેશનમાં ગામડાઓમાં વીજળીની માંગ હજુ વધવાની છે. આ વીજ સંકટ ઉપરાંત હવે રાજકોટ અને સમગ્ર સૌરાષ્ટ્ર પર પીવાના પાણીનો ગંભીર પ્રશ્ન તોળાઈ રહ્યો છે.

# ગુજરાતમાં લોહિયાળ નવરાત્રી

## વડોદરામાં નવરાત્રિ મહોત્સવમાં યુવકની ચપ્પુના ઘા ઝીંકી હત્યા



સિટી ન્યૂઝ@વડોદરા

વડોદરાના સોમા તળાવ ચાર રસ્તા પાસે આવેલા પાર્ટી પ્લોટમાં ચાલી રહેલા વણઝારા સમાજના નવરાત્રિ મહોત્સવમાં હત્યાની ઘટના સામે આવી છે. પાર્ટી પ્લોટની બહાર મોડી રાત્રે ૨૬ વર્ષીય નિલેશ વણઝારાને અજાણ્યા શખસોએ ચપ્પુના ઘા ઝીંકીને મોતને ઘાટ ઉતાર્યો છે. જૂની અદાવતમાં નિલેશની હત્યા કરવામાં આવી હોવાનું મનાઈ રહ્યું છે. ઘટનાની જાણ થતાં જ DCP અભિષેક ગુપ્તા સહિતના પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે દોડી ગયા હતા.

યુવકની હત્યાને પગલે પરિવારજનોમાં ભારે આક્રોશ અને શોકની લાગણી જોવા મળી રહી છે. મૃતકની માતાએ આક્રંદ સાથે જણાવ્યું કે, મારા દીકરા નિલેશ... મારા રાજા બાબુ...પાછો આવી જા મારા દીકરા... તારા વિના તારી આ મમ્મી સુની છે, મારા બેટા...

કપુરાઈ પોલીસ ઉપરાંત LCB અને DCB સહિતની પોલીસ ટીમોએ તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. પોલીસ દ્વારા મૃતક યુવકના રહેઠાણ અને કામના સ્થળે તપાસ કરવામાં આવી રહી છે. આ ઉપરાંત, મોબાઈલ ફોનની વિગતો અને ટેક્નિકલ સર્વેલન્સના આધારે હત્યાના ભેદ ઉકેલવાના પ્રયાસો હાથ ધરાયો છે. હ્યુમન ઈન્ટેલિજન્સની મદદથી પણ સંભવિત આરોપીઓની શોધખોળ કરાઈ રહી છે.

યુવકની હત્યાને પગલે તેના પરિવારજનોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. મૃતકના માતા સહિતના સ્વજનો ઘેરા શોકમાં ગરકાવ થઈ ગયા છે. બીજી તરફ, પોલીસ દ્વારા તમામ પાસાઓને ધ્યાનમાં રાખીને ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવી રહી છે. જોકે, યુવકની હત્યા પાછળનું ચોક્કસ કારણ શું છે અને તેમાં કોણ સંડોવાયેલું છે, તે પોલીસ તપાસ પૂર્ણ થયા બાદ જ સ્પષ્ટ થશે.

DCP ઝોન ૩ અભિષેક ગુપ્તાએ જણાવ્યું કે, પાર્ટી પ્લોટની સામેના રોડ ઉપર નિલેશભાઈ વણઝારા નામના વ્યક્તિની હત્યા કરવામાં આવી છે. આ બાબતે લોકલ પોલીસ સ્ટેશન, ક્રાઈમ બ્રાન્ચ અને ડીસીબીની અલગ-અલગ ટીમો દ્વારા સીસીટીવી ફૂટેજ ચકાસવાની કામગીરી ચાલુ છે અને અલગ-અલગ દિશાઓમાં તપાસ હાથ ધરવામાં આવી છે.



## ગરબા જોઈને પરત ફરતા યુવકની હત્યા

### અમદાવાદના અમરાઈવાડીમાં જૂની અદાવતમાં તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકાયા; બે આરોપી ફરાર

સિટી ન્યૂઝ@અમદાવાદ

શહેરના અમરાઈવાડી પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગરબાની રાત્રે જૂની અદાવતમાં યુવકની હત્યા થતાં ચકચાર મચી ગઈ છે. અમરાઈવાડીના ગુલાબ નગર ગરબા ચોક પાસે વિકેશ ગુર્જર નામના યુવક પર બે શખ્સોએ તીક્ષ્ણ હથિયાર વડે જીવલેણ હુમલો કર્યો હતો. ગંભીર રીતે ઈજાગ્રસ્ત યુવકને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, પરંતુ સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું. આ ઘટનાને પગલે વિસ્તારમાં ભયનો માહોલ ફેલાયો હતો અને પોલીસે હત્યાનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ, વિકેશ ગુર્જર પોતાના ભાઈ અભિષેક ગુર્જર સાથે ગરબાનો કાર્યક્રમ જોઈને ઘરે પરત ફરી રહ્યો હતો. તે દરમિયાન ગુલાબ નગર ગરબા ચોક પાસે રોહિત ઉર્ફે ગાંડો અને મદન રાજપૂત નામના બે શખ્સોએ તેને રસ્તામાં રોક્યો હતો. બંને શખ્સોએ અગાઉથી હુમલાની તૈયારી કરી રાખી હોવાનો આક્ષેપ છે. વિકેશને રોક્યા બાદ તેની પર તીક્ષ્ણ હથિયાર વડે ઉપરાછાપરી ઘા ઝીંકવામાં આવ્યા હતા. હુમલામાં ગંભીર ઈજાઓ થતાં વિકેશ લોહીલુહાણ હાલતમાં જમીન પર ઢળી પડ્યો હતો. હુમલાની ઘટના બનતાં જ આસપાસના લોકો ઘટનાસ્થળે એકઠા થઈ ગયા હતા. ગંભીર રીતે ઘવાયેલા વિકેશને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. જોકે, હોસ્પિટલમાં ટૂંકી સારવાર દરમિયાન જ તેનું મોત નીપજ્યું હતું. યુવકના મોતને પગલે પરિવારજનોમાં શોકની લાગણી ફેલાઈ ગઈ હતી. આ મામલે મૃતકના ભાઈ અભિષેક ગુર્જરે અમરાઈવાડી પોલીસ સ્ટેશનમાં રોહિત ઉર્ફે ગાંડો અને મદન રાજપૂત વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવેલી વિગતો મુજબ, મૃતક વિકેશ ગુર્જર અને આરોપી રોહિત તથા મદન વચ્ચે આશરે બે મહિના પહેલાં કોઈ બાબતે ઉગ્ર ઝઘડો થયો હતો. આ ઝઘડાની અદાવત રાખીને ગરબાની રાત્રે વિકેશ પર હુમલો કરવામાં આવ્યો હોવાની પોલીસને આશંકા છે. અગાઉ થયેલા ઝઘડાનો બદલો લેવા માટે બંને શખ્સોએ તક જોઈને હુમલો કર્યો હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે. જોકે, હત્યાના બનાવની તમામ વિગતો અને આરોપીઓની ભૂમિકા અંગે પોલીસ વધુ તપાસ કરી રહી છે.

ઘટના બાદ બંને આરોપીઓ ફરાર થઈ ગયા હતા. પોલીસ તપાસમાં મૃતક વિકેશ ગુર્જર તેમજ આરોપી રોહિત અને મદન સામે અગાઉ પણ વિવિધ ગુનાઓ નોંધાયેલા હોવાનું સામે આવ્યું છે.

સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...




CITYNEWSRAJKOT@GMAIL.COM | @CITY NEWS RAJKOT LIVE | @CITY NEWS RAJKOT | +91 81409 88883




# સેપ્ટ મંડળી ગરબામાં ધોકા તલવાર સાથે બબાલ!

## પ્રવેશ મુદ્દે યુવકો અને બાઉન્સરો વચ્ચે અથડામણ; પોલીસની હાજરીમાં તોડફોડથી ખેલૈયાઓમાં ફફડાટ

**સિટી ન્યૂઝ@અમદાવાદ**

અમદાવાદ નજીક સાંતેજ પાસેના ખાત્રજ-કલોલ રોડ પર આવેલા જાણીતા સેપ્ટ મંડળી ગરબા મહોત્સવમાં પ્રવેશ બાબતે સિક્યોરિટી ગાર્ડ્સ અને કેટલાક યુવકો વચ્ચે હિંસક અથડામણની ઘટના સામે આવી છે. ગાંધીનગર જિલ્લાના સાંતેજ પોલીસની હાજરીમાં લાકડીઓ અને ખુલ્લી તલવારો સાથે મારામારી થતાં ગરબા ગ્રાઉન્ડમાં અફરાતફરી મચી ગઈ હતી. આ ઘટનાના વીડિયો સોશિયલ મીડિયા પર વાઇરલ થતાં ખેલૈયાઓની સુરક્ષાને લઈને સવાલો ઊભા થયા છે.

મળતી માહિતી મુજબ, કેટલાક યુવકો પાસ વગર ગરબા ગ્રાઉન્ડમાં પ્રવેશવાનો પ્રયાસ કરી રહ્યા હતા. સિક્યોરિટી સ્ટાફે તેમને રોકતાં બંને પક્ષો વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. જોતજોતામાં આ બોલાચાલી મારામારીમાં ફેરવાઈ ગઈ હતી. આ દરમિયાન ગરબાના પ્રવેશદ્વાર પાસે લગાવવામાં આવેલા બેરિકેડ્સમાં પણ તોડફોડ કરવામાં આવી હતી. મામલો વધુ ઉગ્ર બનતાં સિક્યોરિટી ગાર્ડ્સ લાકડીઓ અને ખુલ્લી તલવારો લઈને રસ્તા પર આવી ગયા હતા અને બંને પક્ષો વચ્ચે સામસામે હુમલા થયા હતા.

સેપ્ટ મંડળી ગરબા મહોત્સવમાં મોંઘા ભાવના પાસ ખરીદીને પરિવાર અને મિત્રો સાથે ગરબા રમવા આવેલા ખેલૈયાઓમાં આ ઘટનાને પગલે ભયનો માહોલ સર્જાયો હતો. પ્રવેશદ્વાર પાસે ખુલ્લી તલવારો લહેરાતી જોઈને મહિલાઓ અને યુવતીઓ પણ ગભરાઈ ગઈ હતી. અચાનક થયેલી મારામારીને કારણે ગરબા ગ્રાઉન્ડમાં દોડધામ મચી ગઈ હતી અને થોડા સમય માટે વાતાવરણ તણાવપૂર્ણ બની ગયું હતું. ગરબા મહોત્સવમાં મોટી સંખ્યામાં ખેલૈયાઓ ઉપસ્થિત હોવા છતાં પ્રવેશદ્વાર પાસે થયેલી હિંસક અથડામણને પગલે સુરક્ષા વ્યવસ્થાને લઈને સવાલો ઊભા થયા છે. એક તરફ મોટા પાયે ગરબાનું આયોજન કરવામાં આવે છે અને ખેલૈયાઓ પાસ માટે મોટી રકમ ખર્ચે છે, ત્યારે આવી ઘટનાઓને કારણે તેમની સલામતી અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે. સોશિયલ મીડિયા પર વાઇરલ થયેલા વીડિયોમાં સિક્યોરિટી ગાર્ડ્સ ધોકા અને તલવાર સાથે યુવકોની પાછળ દોડતા હોવાના દૃશ્યો જોવા મળ્યા હોવાનું અહેવાલમાં જણાવાયું છે. આ ચકચારી ઘટના અંગે વધુ વિગતો મેળવવા માટે સાંતેજ પોલીસ સ્ટેશનના PI સુરેશ ચૌધરીનો વારંવાર ટેલિફોનિક સંપર્ક કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, પરંતુ તેમણે ફોન ઉપાડ્યો નહોતો. પરિણામે, ઘટનાનું ચોક્કસ કારણ અને પોલીસ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહી અંગે વધુ સત્તાવાર વિગતો મળી શકી નહોતી.

### સુરતની નવરાત્રિમાં બબાલ

# OGમાં તોડફોડ, સુવર્ણમાં યુવતી સાથે ગેરવર્તનનો આક્ષેપ

## પાસ હોવા છતાં પ્રવેશ ન મળતાં ખેલૈયાઓનો હોબાળો; બાઉન્સરો સામે યુવતીના ગંભીર આક્ષેપ




**સિટી ન્યૂઝ@સુરત**

સુરતમાં નવરાત્રિના ઉત્સાહ વચ્ચે ખાનગી ડોમ આયોજકોની ગંભીર બેદરકારી અને ગેરવર્તણૂક સામે આવી છે. શનિવારે મોડી રાત્રે સુરત શહેરના બે મોટા નવરાત્રિ ગ્રાઉન્ડ બબાલ અને અફરાતફરીનો અખાડો બની ગયા હતા. સરસાણા સ્થિત ઓજી નવરાત્રિમાં પૈસા ખર્ચીને પાસ ખરીદ્યા બાદ પણ પ્રવેશ ન મળતા રોષે ભરાયેલા ખેલૈયાએ બોક્સ ઓફિસમાં તોડફોડ કરી હતી. બીજી તરફ ડુમસ રોડ પર આવેલી સુવર્ણ નવરાત્રિમાં બાઉન્સરો દ્વારા યુવતીઓ સાથે અભદ્ર વર્તન કરાતા મામલો ગરમાયો છે, જ્યાં એક યુવતી રડતા-રડતા પોતાની આપવીતી વર્ણવતી કેમેરામાં કેદ થઈ હતી. સરસાણા સ્થિત એસી ડોમ ખાતે આયોજિત 'ઓજી નવરાત્રિ'માં શનિવારે રાત્રે મોટી સંખ્યામાં ખેલૈયાઓ પહોંચ્યા હતા. મોંઘાભાવના પાસ ખરીદ્યા હોવા છતાં આયોજકોએ ક્ષમતા કરતાં વધુ પાસનું વેચાણ કરી દેવાયું હોવાના આક્ષેપ સાથે હજારો ખેલૈયાને ગેટ બહાર જ અટકાવી દીધા હતા. કલાકો સુધી લાઈનમાં ઊભા રહ્યા બાદ પણ અંદર ન જવા દેવાતા આખરે ખેલૈયાનો સંયમ તૂટ્યો હતો. ઉશ્કેરાયેલા ટોળાએ સૂત્રોચ્ચાર કરી આયોજકો સામે હોબાળો મચાવ્યો હતો અને પરિસ્થિતિ એટલી



વણસી ગઈ હતી કે, લોકોએ બોક્સ ઓફિસની કેબિન અને બેરિકેડ્સ તોડી પાડી ભારે નુકસાન પહોંચાડ્યું હતું. ઘટનાની જાણ થતાં જ પોલીસે દોડી આવી સ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો. ડુમસ રોડ ખાતેની ચર્ચિત 'સુવર્ણ નવરાત્રિ'માં સુરક્ષાના નામે તહેનાત સિક્યોરિટી અને બાઉન્સરોની દાદાગીરીનો ભોગ મહિલા ખેલૈયા બન્યા હતા. યુવતી સુવર્ણ નવરાત્રિના આયોજન અને ત્યાંના સ્ટાફના અયોગ્ય વર્તન અંગે પોતાનો રોષ વ્યક્ત કર્યો હતો. તેણે જણાવ્યું કે, તે 'સુવર્ણ એક્સક્લુઝિવ ડોમ'ની બહાર ઊભી છે. ડોમની અંદર મોબાઇલ નેટવર્ક બિલકુલ ન હોવાને કારણે તેમનો પાસ લોડ કે ખૂલી રહ્યો ન હતો. જ્યારે તેઓ આ બાબતે સ્ટાફ સાથે સામાન્ય વાતચીત કરી રહ્યા હતા, ત્યારે ત્યાંના સ્ટાફે તેમની અને તેમના સમગ્ર ગ્રૂપ સાથે અત્યંત ગેરવર્તણૂક કરી હતી.

# રેસકોર્સ મેદાનમાં કાલે 60 ફૂટ ઊંચા રાવણનું દહન

## ધર્માન્તરણ, લવ જેહાદ, કુસંસ્કારોના પૂતળાનું દહનઃ બહેનોનું શસ્ત્ર પ્રદર્શન નિહાળવા મળશે

**સિટી ન્યૂઝ@રાજકોટ**





રાજકોટના રેસકોર્સ મેદાનમાં વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા ૨૦ ઓક્ટોબરના વિજયા દશમીના દિવસે સૌરાષ્ટ્રના સૌથી મોટા ૬૦ ઉંચા રાવણનું દહન કરવામાં આવશે અને ૫૦- ૫૦ ફૂટના કુંભકર્ણ અને ઇન્દ્રજીતના પૂતળાનું પણ દહન થશે. આ વખતે ધર્માન્તરણ, લવ જેહાદ અને કુસંસ્કારોના પૂતળાનું દહન કરવામાં આવનાર છે જેને લઈને તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવ્યો હતો.રાજકોટ વિશ્વ હિન્દુ પરિષદ મંત્રી પરેશ રૂપારેલિયાએ જણાવ્યું હતું કે, વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા છેલ્લા ૪૦ વર્ષથી રાવણ દહનનું આ આયોજન થઈ રહ્યું છે. આ વર્ષે વિશ્વ હિન્દુ પરિષદ અશોકજી સિંઘલનું જન્મ શતાબ્દી વર્ષ ઉજવી રહ્યું છે. અશોકજીએ ધર્માન્તરણની વિરુદ્ધમાં ખૂબ જ કામ કરેલું હતું તો આપણે આ વખતે જે ત્રણ પૂતળા છે એમાંથી એક ધર્માન્તરણનું પૂતળું છે. એક લવ જેહાદનું પૂતળું છે અને એક કુસંસ્કારોનું પૂતળું છે. આ ત્રણેય પૂતળાનું આપણે દહન કરીશું.તેમણે વધુમાં જણાવ્યું હતું કે, રાજકોટના રેસકોર્સ મેદાનમાં આ વખતે સૌરાષ્ટ્રના સૌથી મોટા ૬૦ ફૂટ ઊંચા રાવણનું દહન થવાનું છે અને તેની સાથે ૫૦-૫૦ ફૂટના કુંભકર્ણ અને ઇન્દ્રજીતના પૂતળાનું પણ દહન થશે. આ વખતે રાવણ દહન દરમિયાન બજરંગદળના રાષ્ટ્રીય સંયોજક કિશનજી પ્રજાપત આવવાના છે. જેઓ એક તેજાબી વક્તા છે અને રાજકોટને એનો પૂરેપૂરો લાભ મળવાનો છે. તો રાજકોટની ધર્મપ્રેમી જનતાને આ કાર્યક્રમમાં નિહાળવા હાર્દિક આમંત્રણ છે.આ ઉપરાંત અહીં કુરુક્ષેત્ર નામની સંસ્થાના ધમભા શસ્ત્ર શીખવવાનું કામ કરે છે. જેઓ બહેનો અને દીકરીઓને શસ્ત્રો ચલાવતા શીખવે છે. જે બહેનો દ્વારા શસ્ત્રોનું પ્રદર્શન કરવામાં આવશે અને ત્યાર બાદ વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા શસ્ત્રોનું પૂજન થશે.રાજ્ય સરકાર દ્વારા ધર્માન્તરણનો કાયદો શા માટે બનાવવામાં આવતો નથી તેવું પૂછવામાં આવતા તેમણે જણાવ્યું હતું કે, સરકાર તો એના તરફથી કાયદો બનાવવા માટે મહેનત કરી રહી છે ત્યારે અત્યારે જ્યાં આદિવાસી વિસ્તાર છે ત્યાં પણ લોભ-લાલચને આપીને આદિવાસીને ધર્માન્તરણ માટે ક્રિશ્ચિયન મિશનરીઓ કામ કરી રહી છે. રાજકોટમાં પણ અમુક જગ્યાએ અમને એવી જાણ મળી છે કે આ પ્રકારની મિશનરીઓ છાના ખૂણે કામ કરી રહી છે. આ ઉપરાંત ખાસ કરીને લવ જેહાદના કિસ્સાઓ તો આપની સામે ૧૫થી ૨૦ દિવસે એક વખત આવતા જ હોય છે. તો લવ જેહાદના કિસ્સાઓ પણ ન બને એની પણ આપણે તકેદારી રાખીશું.




# રાજકોટમાં શસ્ત્ર પૂજન તલવાર દીક્ષા મહોત્સવ

## નવરાત્રિ પર્વે 25 દીકરીઓને અપાશે શૌર્યની દીક્ષાઃ પરમ પૂજ્ય સંતની ઉપસ્થિતિ અને શહીદોને નમન

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટમાં આગામી દશેરાના પાવન અવસરે, ૨૦ ઓક્ટોબર ૨૦૨૬, મંગળવારના રોજ 'ભારત રક્ષા મંચ' અને 'રૂદ્રશક્તિ મહિલા સેવાકીય સંસ્થા' દ્વારા ભવ્ય શસ્ત્ર પૂજન અને તલવાર દીક્ષા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ શૌર્યરાસ કાર્યક્રમ સાંજે ૬:૦૦ કલાકે કાલાવડ રોડ સ્થિત પ્રેમ મંદિરની બાજુમાં, રૂરલ હાઉસિંગ બોર્ડ ખાતે યોજાશે. આયોજકો માયાબા જાડેજા, રમણીકબા વાળા (શ્રી સમર્પણ હોસ્પિટલ) અને દિવ્યાનીબા જાડેજા દ્વારા આ કાર્યક્રમની સુંદર રૂપરેખા તૈયાર કરવામાં આવી છે. મા દુર્ગાની આરાધનાના પવિત્ર ૯ દિવસની નવરાત્રિ નિમિત્તે આ વર્ષે વિશેષ રૂપે ૨૫ દીકરીઓને તલવાર દીક્ષા આપવામાં આવશે, જે બાદ તમામ દીકરીઓ શસ્ત્રપૂજન કરશે.આ ધાર્મિક અને શૌર્યપૂર્ણ કાર્યક્રમમાં પરમ પૂજ્ય સાધ્વી પ્રજ્ઞા ઠાકુરના શિષ્ય બ્રહ્મચારી હરિચેતાનંદજી વિશેષ ઉપસ્થિત રહેશે અને તેમના આશીર્વાદ પ્રાપ્ત થશે. આ સાથે જ, આ મહોત્સવમાં દેશ માટે પોતાનું સર્વોચ્ચ બલિદાન આપનાર વીર શહીદોને પણ ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવશે. દર વર્ષની જેમ આ વર્ષે પણ દશેરાના દિવસે યોજાતો આ શસ્ત્ર પૂજનનો કાર્યક્રમ નારી શક્તિ, પરંપરા અને શૌર્યનું અદ્ભુત પ્રતીક બની રહેશે.







# રાજકોટમાં દશેરા પૂર્વે ફૂડ વિભાગની તવાઈ, 36 કિલો અખાદ્ય જથ્થાનો નાશ

## તહેવારોને અનુલક્ષીને રાજકોટ મનપાના ફૂડ વિભાગ દ્વારા 39 ખાદ્ય પેઢીઓમાં સઘન ચેકિંગ

» દશેરા નિમિત્તે ફાફડા, જલેબી અને વિવિધ મીઠાઈના કુલ 44 નમૂના લેબોરેટરીમાં મોકલાયા

» ગંદકી અને લાયસન્સ બાબતે 3 પેઢીને નોટિસ ફટકારી 2,000 નો વહીવટી ચાર્જ વસૂલાયો

» ડી–માર્ટ, ICDS કિચન તેમજ નવરાત્રીના પાર્ટી પ્લોટ્સમાં પણ ફૂડ સેફ્ટી અંગે તપાસ હાથ ધરાઈ



### તહેવારોમાં જનતા સાથે ચેડાં કરનારાઓ સામે લાલ આંખ

રાજકોટ મહાનગરપાલિકાના ડેઝિગ્નેટેડ ઓફિસરની યાદી મુજબ, તહેવારોની સિઝનમાં મીઠાઈ અને ફરસાણની માંગ ખૂબ વધી જતી હોય છે. આ સમયે કેટલાક લેભાગુ વેપારીઓ વધુ નફો કમાવવાની લ્હાયમાં વાસી ખોરાક કે હલકી ગુણવત્તાનું રો-મટિરિયલ વાપરીને લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતા હોય છે. હાલમાં લેવામાં આવેલા ૪૪ નમૂનાઓનો લેબોરેટરી રિપોર્ટ આવ્યા બાદ જો તેમાં કોઈ ભેળસેળ કે અખાદ્ય તત્વો જણાશે, તો જવાબદાર પેઢીઓ સામે ફૂડ સેફ્ટી એક્ટ હેઠળ કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.

**સિટી ન્યૂઝ@રાજકોટ**

હાલમાં ચાલી રહેલા નવરાત્રીના પાવન પર્વ અને આગામી દશેરાના તહેવારને ધ્યાનમાં રાખીને રાજકોટ મહાનગરપાલિકાની આરોગ્ય શાખા (ફૂડ વિભાગ) હરકતમાં આવી છે. ખાદ્યપદાર્થોમાં થતી ભેળસેળ અટકાવવા અને લોકોના સ્વાસ્થ્યની જાળવણી માટે ફૂડ વિભાગ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલી મીઠાઈ, ફરસાણ અને ખાણીપીણીની કુલ ૩૯ પેઢીઓમાં સર્વેલન્સ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ દરોડા દરમિયાન ફાફડા-જલેબી અને મીઠાઈના ૪૪ નમૂના લેવામાં આવ્યા છે, જ્યારે ૩૬ કિલો જેટલા વાસી અને અખાદ્ય જથ્થાનો સ્થળ પર જ નાશ કરીને વેપારીઓમાં ફફડાટ ફેલાવી દેવામાં આવ્યો છે.ફૂડ વિભાગની તપાસ દરમિયાન મવડી વિસ્તારના ૮૦ ફૂટ રોડ પર આવેલા 'મોમોનીસ ફૂડટ્રક' માંથી ૨૦ કિલો વાસી ફ્રોઝન મોમોસ તથા મંચુરિયન પેસ્ટ અને ૩ કિલો દાઝ્યું તેલ મળી આવતા કુલ ૨૩ કિલો અખાદ્ય જથ્થાનો નાશ કરી નોટિસ ફટકારવામાં આવી હતી. આ ઉપરાંત મોરબી રોડ પર આવેલી 'શ્રી સીતારામ ડેરી' માંથી ૯ કિલો વાસી મીઠાઈ અને ૪ કિલો એક્સપાયરી ડેટ વીતેલી ચેરી મળી કુલ ૧૩ કિલો જથ્થાનો નાશ કરી ૧,૦૦૦ નો વહીવટી ચાર્જ વસૂલાયો હતો. જ્યારે રૈયા રોડ પર 'શ્યામ ફરસાણ' ને નોટિસ આપી ૫૦૦ અને ભગવતીપરામાં 'ભગવતી ફરસાણ' પાસેથી છાપેલી પસ્તીનો ઉપયોગ કરવા બદલ ૫૦૦ નો દંડ વસૂલવામાં આવ્યો હતો. કાલાવડ રોડ સ્થિત 'રેબલ ફૂડ્સ પ્રા. લિ.' રેસ્ટોરન્ટને પણ હાઈજેનિક કન્ડિશન બાબતે નોટિસ આપવામાં આવી છે.દશેરાના તહેવારમાં રાજકોટવાસીઓ લાખો રૂપિયાના ફાફડા-જલેબી અને મીઠાઈ આરોગતા હોય છે. જેને લઈને ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ-૨૦૦૬ હેઠળ શહેરની નામાંકિત ડેરીઓ અને ફરસાણની દુકાનોમાંથી કુલ ૪૪ નમૂના લઈ પૃથ્થકરણ માટે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે. જેમાં શ્રી શક્તિરાજ સ્વીટ, કૈલાશ ફરસાણ, શ્રી પંચનાથ નમકીન, બજરંગ ફરસાણ, જલિયાણ ફરસાણ, ધારેશ્વર ફરસાણ, ભગવતી સ્વીટ્સ, પ્રણામી ફરસાણ અને મુરલીધર ફરસાણમાંથી ફાફડા ગાંઠિયા અને જલેબીના લૂઝ નમૂના લેવાયા છે. આ ઉપરાંત રામદેવ ડેરીફાર્મ, બાલાજી ફરસાણ, માટેલ સ્વીટ્સ, અરિહંત સ્વીટમાર્ટ, યોગેશ્વર ડેરી, વૃંદાવન ડેરી, ખોડીયાર વિજય ડેરી અને શ્રી કૃષ્ણ ડેરીમાંથી કાજુકતરી, ધારી, ગુલાબ પાક, બરફી અને મીઠા સાટા સહિતની મીઠાઈઓના સેમ્પલ લેવામાં આવ્યા છે.

ફૂડ વિભાગે માત્ર ફરસાણની દુકાનો જ નહીં, પરંતુ કાલાવડ રોડના ક્રિસ્ટલ મોલ સ્થિત ડી-માર્ટ (એવન્યુ સુપરમાર્ટસ) માંથી પેક્ડ લીચી જ્યુસનો નમૂનો લીધો હતો. જ્યારે ભગવતીપરામાં આવેલા 'ICDS કિચન' (પારસ એગ્રો એજન્સી) માંથી સીંગતેલ, શીરો, વઘારેલા ચણા, મિક્સ શાક, થેપલા, ગોળ, રાઈ અને જીરું સહિત કુલ ૮ ખાદ્યપદાર્થોના નમૂના લેવામાં આવ્યા હતા. આ સાથે જ મવડી અને જીવરાજ પાર્ક વિસ્તારના વેફર્સ, આઈસ્ક્રીમ, દાળબાટી અને પાઉભાજીના ધંધાર્થીઓ તેમજ રેસકોર્સના 'અબતક સુરભી' અને ૧૫૦ ફૂટ રિંગ રોડ પરના 'તાલ નવરાત્રિ' તથા 'રજવાડી નવરાત્રિ મહોત્સવ' ના પાર્ટી પ્લોટ્સમાં પણ ફૂડ સેફ્ટી અંગે ચેકિંગ કરવામાં આવ્યું હતું.

### રંગ મોરલાના ગરબા વિવાદમાં નવો વળાંક

# આદિત્ય ગઢવી અને હાર્દિક દવેના બહિષ્કારની અપીલ

**નમો વિચારમંચના ભાવેશ દવેનો ગાયકોનાં નિવેદનો સામે વિરોધ; ગરબામાં અન્ય ધર્મના લોકોના પ્રવેશનો મુદ્દો ફરી ચર્ચાના કેન્દ્રમાં**



**સિટી ન્યૂઝ@અમદાવાદ**

ગુજરાતમાં નવરાત્રિ દરમિયાન ગરબા કાર્યક્રમોમાં અન્ય ધર્મના લોકોના પ્રવેશને લઈને શરૂ થયેલો વિવાદ વધુ ચર્ચામાં આવ્યો છે. ત્યારે અમદાવાદના રંગ મોરલા ગરબામાં થયેલા વિવાદે વધારે જોર પકડ્યું છે. લોકગાયક આદિત્ય ગઢવી (Aditya Gadhvi) અને હાર્દિક દવે (Hardik Dave) ના નિવેદનો સામે નમો વિચારમંચના આગેવાન ભાવેશ દવે (Bhavesh Dave) એ નારાજગી વ્યક્ત કરી છે.તેમણે બંને ગાયકોની આકરી ટીકા કરીને તેમના ગરબા કાર્યક્રમોનો બહિષ્કાર કરવા અપીલ કરી છે. ગરબા ઉત્સવમાં ધાર્મિક ઓળખના આધારે પ્રવેશ આપવાના મુદ્દે અલગ-અલગ મંતવ્યો સામે આવી રહ્યા છે.નમો વિચારમંચના આગેવાન ભાવેશ દવેએ ગરબામાં અન્ય ધર્મના લોકોના પ્રવેશ અંગે ગાયકોના વલણ સામે વાંધો ઉઠાવ્યો છે. તેમણે આદિત્ય ગઢવી અને હાર્દિક દવેને સમર્થન ન આપવા અપીલ કરી છે.

ભાવેશ દવેના જણાવ્યા અનુસાર, ગરબા ધાર્મિક આસ્થા અને પરંપરા સાથે જોડાયેલો ઉત્સવ છે. આવા કાર્યક્રમોમાં પ્રવેશ અંગે ગાયકોના નિવેદનોથી તેમણે અસહમતિ વ્યક્ત કરી છે. ભાવેશ દવેએ ગાયકોની ટીકા કરતાં જણાવ્યું હતું કે, 'આપણે સ્ટાર બનાવીએ અને તેઓ વિધર્મીઓનો પક્ષ લે છે.' તેમણે એવો આક્ષેપ પણ કર્યો હતો કે આવા ગાયકો પોતાને મળતા પૈસાનો દુરુપયોગ કરી શકે છે. ભાવેશ દવેએ લોકોને આવા ગાયકોના કાર્યક્રમોનો બહિષ્કાર કરવા અપીલ કરી હતી. ભાવેશ દવેએ પ્રશ્ન ઉઠાવ્યો હતો કે ગરબાના કાર્યક્રમોમાં અન્ય ધર્મના લોકોને શા માટે આમંત્રિત કરવામાં આવે છે. તેમણે જણાવ્યું હતું કે, 'તમારે વિધર્મીઓને બોલાવવા હોય તો અલગ આયોજન કરો.' તેમના આ નિવેદનથી ગરબામાં પ્રવેશના મુદ્દે ચાલી રહેલી ચર્ચાને વધુ વેગ મળ્યો છે. તેમની આ અપીલને વ્યક્તિગત વલણ તરીકે જોવામાં આવી રહી છે.

# પુત્રની લાશ જોઈ બેભાન થવાનું નાટક, પિતા જ નીકળ્યો ખૂની!

**હળવદના ચંદ્રગઢમાં ૨૭ વર્ષીય અનિલની હત્યાનો ભેદ ઉકેલાયોઃ અજાણ્યા લૂંટારાની કહાની ઘડી પોલીસને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ**




**સિટી ન્યૂઝ@અમદાવાદ**

મોરબી જિલ્લાના હળવદ તાલુકાના ચંદ્રગઢ ગામે બનેલી યુવાનની હત્યાના ચકચારી કેસમાં પોલીસે ગણતરીના દિવસોમાં જ મોટો ખુલાસો કર્યો છે. મૃતક ૨૭ વર્ષીય અનિલ રામજીભાઈ જાદવની તેની જ વાડીએ માથામાં બોથડ પદાર્થ (કોસ) મારીને હત્યા કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે. આ સનસનાટીભરી ઘટનામાં અન્ય કોઈ નહીં, પરંતુ મૃતક યુવાનના પોતાના જ પિતા રામજીભાઈ કરસનભાઈ જાદવ દ્વારા પુત્રની હત્યા કરવામાં આવી હોવાનું પોલીસ તપાસમાં બહાર આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે.

ઘટનાની વિગત મુજબ, હળવદના ચંદ્રગઢ ગામે રહેતા ૨૭ વર્ષીય અનિલભાઈ જાદવ પોતાની વાડીએ મગફળી ઉપાડવાની કામગીરી માટે ગયા હતા. મોડી રાત સુધી તેઓ ઘરે પરત ન ફરતા તેમની પત્ની દ્વારા તેમને ફોન કરવામાં આવ્યો હતો, પરંતુ ફોન રીસીવ ન થવાથી પરિવારજનોમાં ચિંતા ફેલાઈ હતી. પરિવારે તેમની શોધખોળ શરૂ કરી હતી, જે દરમિયાન વાડીએ ખાટલા પાસેથી અનિલભાઈની લોહીલુહાણ હાલતમાં લાશ મળી આવી હતી. આ બનાવ અંગે મૃતક યુવાનના કાકા શામજીભાઈ કરસનભાઈ જાદવે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

પોલીસ તપાસમાં ખૂની પિતાનું ક્રૂર કાળજું અને સમગ્ર હત્યા પાછળનું અસલી કારણ બહાર આવ્યું હતું. મૃતક યુવાનની પત્નીને કોઈ અન્ય વ્યક્તિ સાથે આડા સંબંધ હોવાની શંકા કે બાબત ચાલતી હતી. આ જ મુદ્દાને લઈને પિતા રામજીભાઈએ પોતાના પુત્ર અનિલને ઠપકો આપ્યો હતો અને તેની પત્નીને કાબૂમાં રાખવા અથવા સમજાવવા બાબતે વાત કરી હતી. આ વાતને લઈને પિતા અને પુત્ર વચ્ચે ઉગ્ર બોલાચાલી અને માથાકૂટ થઈ હતી. આવેશમાં આવીને પિતાએ પુત્રના માથામાં કોસનો ઘા ઝીંકી દેતા તેનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું.આ હત્યાકાંડને અંજામ આપ્યા બાદ આરોપી પિતાએ પોલીસ અને પરિવારજનોને ગુમરાહ કરવા માટે ભારે નાટક કર્યું હતું. દીકરાની લાશ બાઈકના અજવાળામાં જોઈને તે બેભાન થઈ ગયાનું નાટક રચ્યું હતું અને કોઈ અજાણ્યા શખ્સે અનાયાસે કે લૂંટના ઈરાદે હત્યા કરી હોવાની બનાવટી વાર્તા ઘડી કાઢી હતી. વાડી વિસ્તાર હોવાથી ઘટનાસ્થળે કોઈ સીસીટીવી ફૂટેજ કે અન્ય પ્રત્યક્ષ પુરાવા ન હોવાથી પોલીસ માટે આ કેસ ઉકેલવો એક મોટો પડકાર હતો.પોલીસની ઝીણવટભરી અને ટેકનિકલ તપાસ દરમિયાન આરોપી પિતા દ્વારા વારંવાર બદલવામાં આવતા નિવેદનો અને શંકાસ્પદ હાવભાવ પરથી પોલીસની નજર પહેલેથી જ તેના પર હતી. પોલીસે પોતાની આગવી ઢંગથી અને કડક પૂછપરછ હાથ ધરતા જ આરોપી પિતા રામજીભાઈ ભાંગી પડ્યા હતા અને પોતાનો ગુનો કબૂલી લીધો હતો. પોલીસે આરોપી પિતાની ધરપકડ કરી લીધી છે અને હત્યાના ગુનામાં વપરાયેલો લોહીથી લથપથ કોસ કબજે કરીને આગળની કાયદેસરની કડક કાર્યવાહી હાથ ધરી છે.







# ગ્વાલિયરમાં બેકાબૂ ટ્રક ભીડમાં ઘૂસતા પંદર શ્રદ્ધાળુઓનાં કરુણ મોત

» ગૂગલ મેપના સહારે આવેલો ડ્રાઈવર ચેકપોસ્ટ તોડી ૪૧ લોકોને અડફેટે લીધા

» પોલીસની ગંભીર બેદરકારી સામે આવતા ૯ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ સસ્પેન્ડ

» ઘટના બાદ હોસ્પિટલ બહાર રોષે ભરાયેલા પરિવારજનો દ્વારા ભારે હોબાળો

» મુખ્યમંત્રી મોહન યાદવે તમામ ઘાયલોની નિશુલ્ક સારવાર અને તપાસના આપ્યા આદેશ






**સિટી ન્યૂઝ@ગ્વાલિયર**

ગ્વાલિયરમાં શીતળા માતા મંદિર પાસે શનિવારે મોડી રાત્રે દર્શનાર્થીઓ પર બેકાબૂ ટ્રક ચઢી જતાં ૧૫ શ્રદ્ધાળુઓનાં મોત થયાં છે અને ૨૬ લોકો ઘાયલ થયા છે. ચીનૌર રોડ પર નવરાત્રી દર્શન માટે લાઇનમાં ઊભેલા ભક્તો પર આ દુર્ઘટના સર્જાઈ હતી.ગૂગલ મેપના ભરોસે નો-એન્ટ્રી ઝોનમાં ઘૂસેલા ટ્રકે પોલીસ ચેકપોસ્ટના સ્ટોપર્સ તોડીને ૪૧ લોકોને અડફેટે લીધા હતા અને મંદિરની દીવાલ સાથે અથડાઈને અટક્યો હતો. ડ્રાઈવરના બ્રેક ફેલના દાવા વચ્ચે પોલીસે ડ્રાઈવર અને માલિકની ધરપકડ કરી છે.

લાપરવાહી બદલ મુખ્યમંત્રી ડૉ. મોહન યાદવે ઝાંસી રોડના સીએસપી સહિત ૯ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓને સસ્પેન્ડ કર્યા છે. જયારોગ્ય હોસ્પિટલ બહાર સ્વજનોએ પોલીસ વિરુદ્ધ ભારે હોબાળો મચાવ્યો હતો.તહેવારોમાં ટ્રાફિક નિયંત્રણની નિષ્ફળતા સામે આવી છે. સરકારે મૃતકોના સ્વજનોને સહાય અને ઘાયલોની નિશુલ્ક સારવારની જાહેરાત કરી છે.

# 2027માં ભાજપને હારાવવા કોંગ્રેસ-આપ ગઠબંધન ?

» ગાંધીનગર મનપા ચૂંટણીના પરિણામો બાદ 2027ની વિધાનસભા ચૂંટણી માટે વિપક્ષી ગઠબંધનની ચર્ચાઓ વેગવંતી બની

» જો કોંગ્રેસ અને આપ સાથે મળીને લડશે તો શાસક પક્ષ ભાજપ સામે મોટો પડકાર ઊભો થશે




**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીના તાજેતરના પરિણામો સામે આવ્યા બાદ હવે ગુજરાતના રાજકારણમાં વર્ષ ૨૦૨૭માં યોજાનારી વિધાનસભાની ચૂંટણીને લઈને અત્યારથી જ ગરમાવો આવી ગયો છે. ખાસ કરીને વિપક્ષી દળો વચ્ચે સંભવિત ગઠબંધનની ચર્ચાઓએ જોર પકડ્યું છે. રાજકીય નિષ્ણાતોનું માનવું છે કે જો કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી (AAP) આગામી ચૂંટણીમાં અલગ-અલગ મેદાનમાં ઉતરશે, તો ભાજપ વિરોધી મતોનું મોટું વિભાજન થશે, જેનો સીધો ફાયદો શાસક પક્ષને મળશે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને વિપક્ષી દળોએ પોતાની રણનીતિ બદલવી પડે તેવી સ્થિતિ સર્જાઈ છે.

રાજકીય વિશ્લેષક પ્રશાંત ગઢવી અને વિદ્યુત જોશીએ મનપાની ચૂંટણીના આંકડાઓનું વિશ્લેષણ કરતા સ્પષ્ટ કર્યું છે કે વિપક્ષી મતોનું વેરવિખેર થવું એ ભાજપ માટે સૌથી મોટું હથિયાર સાબિત થઈ રહ્યું છે. ગાંધીનગરમાં ૨૦૨૧ની સરખામણીએ ૨૦૨૬માં આમ આદમી પાર્ટીના વોટશેરમાં ઘટાડો નોંધાયો છે, જ્યારે કોંગ્રેસના સમર્થનમાં સહેજ વધારો જોવા મળ્યો છે. જોકે, બંને પક્ષો સ્વતંત્ર રીતે ચૂંટણી લડશે તો પરંપરાગત વિરોધી મતો વહેંચાઈ જશે. વિદ્યુત જોશીના મતે, ત્રિપાંખિયા જંગની આ રમત ભાજપ માટે હંમેશાં ફાયદાકારક રહી છે કારણ કે ભાજપ પાસે બૂથ સ્તરે અત્યંત મજબૂત અને સંગઠિત નેટવર્ક મોજૂદ છે.

વિશ્લેષકોનું સૂચન છે કે જો કોંગ્રેસ અને AAP રાજ્ય સ્તરે કોઈ સત્તાવાર સમજૂતી કે ગઠબંધન કરીને ૨૦૨૭ની રણનીતિ ઘડે, તો ગુજરાતની રાજકીય તસવીર પલટાઈ શકે છે. બંને દળોના મતદારો એકત્રિત થવાથી ૧૮૨ વિધાનસભા બેઠકો પર ભાજપને કડી ટક્કર મળી શકે છે. જોકે, આ મુદ્દે હજુ સુધી બંને પક્ષોના મોરચેથી કોઈ અંતિમ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના મુદ્દાઓ અને વિધાનસભાના પ્રશ્નો અલગ હોવાનો દાવો બંને પક્ષના નેતાઓ કરી રહ્યા છે, પરંતુ વાસ્તવિક મેદાન પર સંગઠનની નબળાઈઓને દૂર કરવા માટે ગઠબંધનનો વિકલ્પ ગંભીર વિચારણા માંગી લે તેવો છે.

## 2027ની ચૂંટણી પહેલાં વિપક્ષ સમક્ષ સંગઠનનો મોટો પડકાર

ગાંધીનગર મનપાના પરિણામો ભલે ૨૦૨૭ની વિધાનસભાની ચૂંટણીનું સંપૂર્ણ ચિત્ર સ્પષ્ટ ન કરતા હોય, પરંતુ તે વિપક્ષી દળો માટે સ્પષ્ટ ચેતવણી સમાન છે. કોંગ્રેસે જ્યાં બૂથ સ્તરે પોતાની પકડ મજબૂત કરવાની છે, તો બીજી તરફ AAPએ પોતાનો જનઆધાર અને સંગઠન વ્યાપક બનાવવો પડશે. આગામી સમયમાં કોંગ્રેસ અને આપ ગઠબંધનનો રસ્તો અપનાવે છે કે અલગ રહીને પરીક્ષણ કરે છે, તે ગુજરાતના ભાવિ રાજકીય સમીકરણો નક્કી કરવામાં નિર્ણાયક સાબિત થશે.




### તહેવારમાં મોંઘા લહેંગા-ચોળી પહેરી, ફોટા પડાવી....

# નવરાત્રિ પૂર્ણ થતાં જ ચણિયાચોળી રિટર્ન કરવાનો ચોંકાવનારો ટ્રેન્ડ વધ્યો

» ડિલિવરી હબમાં રિટર્ન પાર્સલના ઢગલા થતાં ડિલિવરી બોયઝ પરેશાન

» એક જ દિવસમાં ડિલિવરી એજન્ટો પાસે 20 થી 45 રિટર્ન પેકેટ્સ આવ્યા

» ભારતમાં ઈ-કોમર્સના સરેરાશ 17.6% ઓર્ડર રિટર્ન થતાં નાના વેપારીઓને મોટો ફટકો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

નવરાત્રિનો તહેવાર પૂર્ણ થતાં જ સોશિયલ મીડિયા અને ઈ-કોમર્સ પ્લેટફોર્મ પર દાંડિયા આઉટફિટ્સ પાછાં (Return) મોકલવાનો એક અત્યંત ચોંકાવનારો અને ચિંતાજનક ટ્રેન્ડ સામે આવ્યો છે. તાજેતરમાં વાયરલ થયેલા એક વીડિયો મુજબ, ઘણી યુવતીઓ અને ગ્રાહકોએ નવરાત્રિના તહેવાર માટે ઓનલાઈન મોંઘાદાટ લહેંગા-ચોળી મંગાવ્યા હતા. આ કપડાં પહેરીને, ગરબા રમીને અને સોશિયલ મીડિયા માટે ફોટા પડાવ્યા બાદ તહેવાર પૂરો થતાં જ તેને પરત (Return) કરી દેવામાં આવ્યા છે. ગ્રાહકોની આ પ્રકારની ચાલાકીભરી હરકતને કારણે ડિલિવરી હબમાં રિટર્ન પાર્સલના મોટા ઢગલા ખડકાઈ ગયા છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોની




શરૂઆત એક ડિલિવરી ગોડાઉનથી થાય છે, જ્યાં ચારે તરફ રિટર્ન પાર્સલનો મોટો ઢગલો જોવા મળે છે. વીડિયો બનાવનાર વ્યક્તિ દાવો કરે છે કે આ તમામ પાર્સલમાં એ જ દાંડિયા ડ્રેસ અને ચણિયાચોળી છે, જેનો ઉપયોગ કર્યા બાદ ગ્રાહકો દ્વારા પરત કરવામાં આવી રહ્યા છે. જ્યારે ત્યાં કામ કરતા ડિલિવરી એજન્ટોને પૂછવામાં આવે છે કે આજે તેમની પાસે કેટલાં રિટર્ન પાર્સલ છે, ત્યારે કોઈ એજન્ટ ૨૦ પાર્સલ હોવાનું કહે છે, તો કોઈ સીધા ૪૫ પેકેટ્સ હાથમાં પકડાવી દે છે. આ સ્થિતિને કારણે ડિલિવરી બોયઝ પણ ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. આ વીડિયો સામે આવ્યા બાદ ઈન્ટરનેટ પર ગ્રાહકોની નૈતિકતા અંગે મોટી ચર્ચા છેડાઈ ગઈ છે. આંકડાઓ અનુસાર, ભારતમાં સામાન્ય રીતે ઈ-કોમર્સના લગભગ ૧૭.૬ ટકા ઓર્ડર પરત કરવામાં આવે છે. પરંતુ તહેવારો બાદ થતી આ પ્રકારની 'જુગાડુ' વાપસી નાના વેપારીઓ અને ઓનલાઈન સેલર્સ માટે કમરતોડ નુકસાન ઊભું કરે છે. વેપારીઓને કપડાં મોકલવા અને પાછાં મંગાવવા માટે બંને તરફનો શિપિંગ ખર્ચ ભોગવવો પડે છે, ઉપરાંત વપરાયેલા કપડાંના ડ્રાય ક્લીનિંગ અને પેકેજિંગનો વધારાનો ખર્ચ પણ માથે પડે છે.

## ચાલાકી ભારે પડશે, કંપનીઓ અટકાવી દેશે રિફંડ

જો ગ્રાહકો એવું વિચારી રહ્યા હોય કે કપડાં પહેરીને પરત કરવાની આ ચાલાકી હંમેશાં સફળ રહેશે, તો તેઓ ભૂલ કરી રહ્યા છે. એમેઝોન (Amazon) અને ફ્લિપકાર્ટ (Flipkart) જેવી મોટી ઈ-કોમર્સ સાઈટ્સ પર ૭ દિવસની રિટર્ન પોલિસી હોય છે, પરંતુ હવે કંપનીઓ રિટર્ન થયેલી પ્રોડક્ટ્સની ગુણવત્તાની કડક તપાસ (Quality Check) કરે છે. ઘણી પ્રોડક્ટ્સમાં ટૅગ (Tag) કાઢી નાખેલાં કે પહેરેલાં કપડાં પરત સ્વીકારવામાં આવતાં નથી. જો તપાસ દરમિયાન કપડાંમાં પરસેવાની દુર્ગંધ, ડાઘ અથવા ઉપયોગનાં નિશાન જોવા મળે, તો કંપની તાત્કાલિક અસરથી ગ્રાહકનું રિફંડ અટકાવી શકે છે અને એકાઉન્ટ પણ બ્લૉક કરી શકે છે.






CITYNEWSRAJKOT@GMAIL.COM | @CITY NEWS RAJKOT LIVE | @CITY NEWS RAJKOT | +91 81409 88883

# જે માડી ગ્રુપ દ્વારા 5100 બાળાઓને મહાપ્રસાદ અને લાણી કરાઈ અર્પણ

## સંતોના આશીર્વાદ સાથે રાજકીય અને સામાજિક ક્ષેત્રના મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતિમાં કાર્યક્રમ

















**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેરમાં છેલ્લા ૧૯ વર્ષથી અવિરત સેવાકીય પ્રવૃત્તિઓ કરતા "જે માડી" ગ્રુપ દ્વારા નવરાત્રીના પાવન પર્વે ગરબે રમતી ૫૧૦૦ જેટલી બાળાઓ માટે મહાપ્રસાદ અને લાણી વિતરણનો ભવ્ય કાર્યક્રમ ઉલ્લાસભેર સંપન્ન થયો. ગત રવિવાર, તા. ૧૮-૧૦-૨૦૨૬ના રોજ નવલનગર, મવડી પ્લોટ સ્થિત "જે માડી" ખાતે યોજાયેલા આ ધાર્મિક અવસરમાં બહોળી સંખ્યામાં બાળાઓએ ઉમળકાભેર પધારીને મહાપ્રસાદનો લાભ લીધો હતો.

આ દિવ્ય અવસરે અતિથિ વિશેષ તરીકે પૂર્વ સાંસદ સાધ્વી પ્રજ્ઞા ઠાકુરના શિષ્ય બ્રહ્મચારી હરિ ચેતનાનંદ સ્વામી (ભોપાલ) અને હિતુભા ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને સૌને આશીર્વાદ પાઠવ્યા હતા.આ સમગ્ર આયોજનને જ્વલંત સફળતા અપાવવા માટે ગ્રુપના નિમંત્રક નાથાભાઈ બોરીચા, મેહુલભાઈ બોરીચા અને સંજયભાઈ બોરીચાએ ભારે જહેમત ઉઠાવી હતી. આ સાથે વિનય બોરીચા, સ્મિત બોરીચા અને રાજકોટ શહેર યુવા ભાજપ મંત્રી જય મેહુલભાઈ બોરીચાનો પણ સુંદર સહયોગ પ્રાપ્ત થયો હતો.




સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...
17 | 19 OCTOBER 2026, MONDAY


CITYNEWSRAJKOT@GMAIL.COM | @CITY NEWS RAJKOT LIVE | @CITY NEWS RAJKOT | +91 81409 88883

# ભક્તિ, શક્તિના સંગમ સમા સોનમ ગરબામાં પારિવારિક માહોલ જામ્યો

## વિશ્વ વણિક સંગઠન-જૈન વિઝનના આંગણે જબરજસ્ત ઓરકેસ્ટ્રા અને જાણીતા સિંગરોએ ખેલૈયાઓને ડોલાવ્યા









**સિટી ન્યૂઝ@રાજકોટ**

નવરાત્રી એટલે શક્તિ અને ભક્તિનો ત્રિવેણી સંગમ અને આ સંગમનો સાક્ષાત અનુભવ કરાવી રહ્યું છે વિશ્વ વણિક સંગઠન અને જૈન વિઝન દ્વારા આયોજિત સોનમ ગરબા રાસોત્સવ. ૧૫૦ ફૂટ રિંગ રોડ પર સિક્રેટ કિચન સામેના વિશાળ મેદાનમાં ચાલી રહેલા આ રાસોત્સવમાં દરરોજ હજારો ખેલૈયાઓ ઉમટી રહ્યા છે.આ વર્ષના સોનમ ગરબાની સૌથી મોટી વિશેષતા એટલે તેનું જબરજસ્ત ઓરકેસ્ટ્રા. ઢોલ, શરણાઈ, કી-બોર્ડ અને બેન્ઝોના તાલ સાથે જ્યારે ઓરકેસ્ટ્રા ગુંજે છે ત્યારે આખું મેદાન ગુંજી ઉઠે છે. પ્રાચીન ગરબા "મારો સોનાનો ઘડુલો રે.." થી લઈને અર્વાચીન ગરબા સુધીના સૂરોથી ખેલૈયાઓ સવાર સુધી ડોલી રહ્યા છે.આ ઓરકેસ્ટ્રાને વધુ સૂરીલું બનાવી રહ્યા છે ગુજરાતના જાણીતા અને નામાંકિત સિંગરો. તેમના સુમધુર કંઠે રજૂ થતા માતાજીના ગરબા સાંભળીને ખેલૈયાઓમાં અનેરી ઉર્જા આવી જાય છે. સિંગરો ખેલૈયાઓને સતત પ્રોત્સાહિત કરીને આખું વાતાવરણ ભક્તિમય બનાવી દે છે.સાતમા નોરતે સીનીયર પ્રિન્સેસ તરીકે લબ્ધિ ખારા, રુચિરા મહેતા અને પૂજા દસાડીયા વિજેતા બન્યા હતા. જયારે પ્રિન્સ તરીકે મીર ગોડા તથા જૈનમ શાહની પસંદગી થઇ હતી. વેલડ્રેસ સીનીયર પ્રિન્સેસ તરીકે અમી વોરા અને પ્રિન્સ તરીકે સચિન વોરા, કીડ્ઝ પ્રિન્સેસ તરીકે માહી દોશી અને પ્રિન્સ તરીકે કાવ્ય ગાંધી, કીડ્ઝ વેલડ્રેસ પ્રિન્સેસ તરીકે ધ્વની ઝાટકીયા વિજેતા બન્યા હતા. આ તમામને દર્શનભાઈ બદાણી, યોગેશભાઈ બદાણી, શ્રી અને અંકીતભાઈ શેઠ, ધીરેનભાઈ સંઘાણી, કોમલબેન સંઘાણી, શ્રી અને સુકેતુ વજેરીયા, યોગેશભાઈ બદાણી, અવનીબેન વસા, હેત્વીબેન વસા અને ધર્ય વસાના હસ્તે ઈનામો આપવામાં આવ્યા હતા. આયોજકોનું કહેવું છે કે, સોનમ રાસોત્સવ એ કોઈ કોમર્શિયલ ઈવેન્ટ નથી, પણ એક પરિવાર છે. અહીં નાના બાળકથી લઈને વડીલો સુધી તમામ ઉંમરના લોકો એક સાથે સુરક્ષિત રીતે ગરબા રમી શકે તેવો પારિવારિક માહોલ ઉભો કરવામાં આવ્યો છે. મહિલાઓ અને દીકરીઓની સુરક્ષા માટે ખાસ મહિલા સુરક્ષા ટીમ, સીસીટીવી કેમેરા અને પૂરતી લાઈટિંગ વ્યવસ્થા કરવામાં આવી છે.ટિમ આગેવાન સી એમ શેઠ, મિલન કોઠારી, સુનિલ, શાહ, અજિત જૈન, ભરત દોશી, ગિરીશ મહેતા યોગન દોશી,નીલ મહેતા,હિતેશ દેસાઈ, ધવલ મહેતા, પ્રતીક, શાહ, કેતન સંઘવી,અતુલભાઈ કોઠારી,જયેશભાઈ ધ્રુવ,સુનિલ કોઠારી,નિરવ મહેતા, કપિલ દેસાઈ,જય મહેતા, ડો હાર્દિક શાહ, સેલેશ મહેતા, ચેતન મહેતા, દિપક કરચીલીયા,દેવાંગ ખજુરિયા, હેમુ સોલાણી હિમાંશુ પારેખ સહિતના આગેવાનો જેહમત ઉઠાવી રહ્યા છે,

## સોનમ ગરબાની મુલાકાતે જિલ્લા ભાજપ આગેવાનો



જૈન વિઝનના સંયોજક મિલનભાઈ કોઠારી, માર્ગદર્શક તેમજ ધારાસભ્ય ડૉ. દર્શિતાબેન શાહ અને વિશ્વ વણિક સંગઠનના ચેરમેન સી.એમ. શેઠના નિમંત્રણને માન આપીને રાજકોટ જિલ્લા ભાજપના ઉપપ્રમુખ મનોજભાઈ રાઠોડ, મંત્રી સતિષભાઈ ભીમજીયાણી, રાજકોટ જિલ્લા ભાજપ પ્રેસ મીડિયા અગ્રણી અરુણભાઈ નિર્મળ તેમજ દિનેશભાઈ મોદીએ સોનમ ગરબા મહોત્સવની મુલાકાત લીધી હતી.



સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...



18 | 19 OCTOBER 2026, MONDAY

CITYNEWSRAJKOT@GMAIL.COM | @CITY NEWS RAJKOT LIVE | @CITY NEWS RAJKOT | +91 81409 88883


# બ્રિજ રાસોત્સવમાં આઠમા નોરતે મોંઘેરા મહેમાનોની વણઝાર















બ્રિજ રાસોત્સવમાં આઠમા નોરતે મહેમાનોની ભવ્ય ઉપસ્થિતિએ ઉત્સવની શોભામાં વધારો કર્યો હતો. રાજકોટના રાજકીય, સામાજિક અને મહાનગરપાલિકાના અગ્રણીઓ સહિત અનેક મહાનુભાવોએ સપરિવાર ઉપસ્થિત રહી રાસોત્સવની રંગત માણી હતી. રાજકોટ ડીસીપી ઝોન-૧ હેતલ પટેલ, ડૉ. માધવભાઈ દવે અધ્યક્ષ, રાજકોટ શહેર ભારતીય જનતા પાર્ટી, ડૉ. નેહલભાઈ શુક્લ મેયર, રાજકોટ મહાનગરપાલિકા, દક્ષાબેન વસાણી ડેપ્યુટી મેયર, રાજકોટ મહાનગરપાલિકા (સપરિવાર), યોગેન્દ્રસિંહ જાડેજા મહામંત્રી, રાજકોટ શહેર ભાજપ, લલિતભાઈ વાડોલિયા મહામંત્રી, રાજકોટ શહેર ભાજપ, ભાર્ગવભાઈ મીયાત્રા ઉપપ્રમુખ, રાજકોટ શહેર ભાજપ, કૌશિકભાઈ ચાવડા ઉપપ્રમુખ, રાજકોટ શહેર ભાજપ, મેહુલભાઈ નથવાણી ઉપપ્રમુખ, રાજકોટ શહેર ભાજપ, ડૉ. રીંકલભાઈ મેઘાણી ચેરમેન, આરોગ્ય સમિતિ, રાજકોટ મહાનગરપાલિકા, પંકજભાઈ લુણાગરિયા કોર્પોરેટર, વોર્ડ નં. ૧૩, મોહિતસિંહ જાડેજા કોર્પોરેટર, વોર્ડ નં. ૧૩, જયપાલભાઈ ચાવડા પ્રમુખ, વોર્ડ નં. ૧૭ ભાજપ, હર્ષિતભાઈ ભટ્ટ મહામંત્રી, વોર્ડ નં. ૯ ભાજપ, નિખિલભાઈ રાઠોડ ઈનચાર્જ, આઈ.ટી. સેલ, રાજકોટ શહેર ભાજપ, શ્યામભાઈ ડાભી ઈનચાર્જ, સોશિયલ મીડિયા, રાજકોટ શહેર ભાજપ, અમિતભાઈ ભાલાળા ભાજપ આગેવાન, ભરતભાઈ વસાણી, આશાબેન વસાણી, નરેન્દ્રભાઈ તથા શ્રીમતી મનીષાબેન (મિલ્ટન).







# રાજકોટમાં 15 હજાર આહીરાણીઓનો દિવ્યરાસ





## 900 કિલો સોનાનાં ઘરેણાંની ઝળહળાટ



**સિટી ન્યૂઝ@રાજકોટ**

નવરાત્રિ પર્વ દરમિયાન સમગ્ર ગુજરાતમાં ભક્તિ, શક્તિ અને સંસ્કૃતિના વિવિધ રંગો જોવા મળી રહ્યા છે. રાજ્યના અલગ-અલગ સમાજો પોતાની આગવી પરંપરા, પહેરવેશ અને સાંસ્કૃતિક ઓળખ સાથે નવરાત્રિની ઉજવણી કરતા હોય છે. ત્યારે રાજકોટમાં આહીર સેના દ્વારા આયોજિત આહીર ગરબા મહોત્સવમાં પરંપરા, ભક્તિ અને આભૂષણોની ઝળહળાટનો અનોખો સંગમ જોવા મળ્યો હતો. રાજકોટમાં આહીર સમાજના પરંપરાગત પોશાકમાં ૧૫૦૦૦ કરતા વધુ બહેનો ૯૦૦ કિલો સોનાના ઘરેણાં પહેરી રાસ-ગરબા રમી હતી, જેના કારણે ગરબાનું મેદાન સોનાના ઘરેણાથી ચમકી ગયું હોય તેવું લાગી રહ્યું છે. રાજકોટમાં નવા રિંગ રોડ પર આવેલા કોકોનેટ પાર્ટી પ્લોટ સામે આહીર સમાજનાં ભાઈઓ અને બહેનો માટે નવ દિવસ સુધી ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. નવરાત્રિના પર્વને પરંપરાગત અને સાંસ્કૃતિક રીતે ઉજવવાના હેતુથી યોજાયેલા આ મહોત્સવને લઈને સમાજના લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ખાસ કરીને ગઈકાલે સાતમા નોરતે આહીર સમાજની પરંપરા અનુસાર ભવ્ય રાસ-ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં આહીર સમાજની બહેનો અને ભાઈઓ પરંપરાગત પહેરવેશમાં સજ્જ થઈને રાસની રમઝટ બોલાવતા નજરે પડ્યા હતા.






CITYNEWSRAJKOT@GMAIL.COM | @CITY NEWS RAJKOT LIVE | @CITY NEWS RAJKOT | +91 81409 88883

# ગોપી રાસોત્સવ ખરા અર્થમાં શક્તિ આરાધનાનું પ્રતિક બન્યો

## ■ માત્ર બહેનો માટેના આગવા આયોજને જમાવ્યું અનેરું આકર્ષણ

## ■ ફક્ત 100 રૂપિયાના ડેઈલિ પાસમાં બહેનોને રમાડવામાં આવે છે



**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટમાં નવરાત્રી પર્વની ઉજવણી પૂરજોશમાં ચાલી રહી છે ત્યારે સરગમ લેડીઝ ક્લબ દ્વારા આયોજિત માત્ર બહેનો માટેનો ગોપી રાસોત્સવ આકર્ષણનું કેન્દ્ર બન્યો છે.સાતમા નોરતે પણ બહેનોએ પુરા જોશ અને ઉત્સાહથી ગરબા લીધા હતા અને બધાના મન મોહી લીધા હતા.

સરગમ લેડીઝ ક્લબ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ બહેનોની સુરક્ષા અને સુવિધાને ધ્યાનમાં રાખીને ખાસ ગોપી રાસોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ રાસોત્સવમાં માત્ર બહેનો જ ગરબા રમી શકે છે, જેના કારણે હજારોની સંખ્યામાં બહેનો ઉત્સાહભેર ભાગ લઈ રહી છે અને મુક્ત મને ગરબે રમી રહી છે. ફક્ત ૧૦૦ રૂપિયા ના ડેઈલિ પાસ માં બહેનોને રમાડવામાં આવે છે. દશેરાના દિવસે ફાઈનલ રાઉન્ડ રમાડવામાં આવશે, ગોપીરાસ ડી. એચ. કોલેજ-યાજ્ઞિક રોડ ખાતે રમાડવામાં આવે છે.

પરંપરાગત ચણિયા-ચોળી અને અવનવા વસ્ત્રોમાં સજ્જ બહેનો જ્યારે એકસાથે ગરબા રમે છે ત્યારે જોવાલાયક દ્રશ્ય સર્જાય છે. બહેનો માટે સુરક્ષિત અને પારિવારિક વાતાવરણ મળતું હોવાથી દર વર્ષે આ રાસોત્સવમાં દિવસેને દિવસે સંખ્યા વધી રહી છે.

સરગમ ગોપીરાસમાં મનસુરભાઈ ત્રિવેદી પ્રસ્તુત મેલોડી કલર્સ ઓરકેસ્ટ્રા ના સથવારે અને કીબોર્ડ તુષારભાઈ ગોસાઈ સાથે ગાયક કલાકારો આસિફ જેરિયા, હેમંત પંડ્યા, નિલેષ પંડ્યા, પ્રિયા જોશી સંગીતમાં જમાવટ કરે છે.

આ રાસોત્સવને નિહાળવા માટે ઉમેશભાઈ રાજ્યુગુરુ, જ્યોત્તિબેન રાજયગુરુ, નરેન્દ્રભાઈ દવે, નરેશભાઈ શાહ, હરેશભાઈ લાખાણી, નાથાભાઈ કાલરિયા, યોગીનભાઈ છનીયારા, અતુલભાઈ રાજાણી, વશરામભાઈ સાગઠિયા, દીપ્તિબેન સોલંકી, અંજલિબેન રૂપાણી, કાશ્મીરાબેન નથવાણી, વંદનાબેન ભારદ્વાજ, જ્યોતિબેન ટીલવા, રસિલાબેન સાકરીયા, શૈલેષભાઈ માંકડિયા, ડૉ. કવિતભાઈ પટેલ, ઘન્શ્યાંભાઈ મરડીયા, દિનેશભાઈ અમૃતિયા, ACP બી.જે.ચૌધરી, બકીરભાઈ ગાંધી, બકુલભાઈ નથવાણી, સુરેશભાઈ વેકરીયા, નિતિનભાઈ ભટ્ટ, ડૉ. દર્શનાબેન પંડ્યા, ચેતનભાઈ પારેખ, મિલનભાઈ રાણપરા, હાર્દિકભાઈ દત્તાણિ, દીપકભાઈ સચદે, તેજસભાઈ ભટ્ટી, ડૉ. હેમાંગભાઈ વસાવડા, અરવિંદભાઈ ત્રાડા, માધવભાઈ દવે, પરેશભાઈ પીપળીયા, ડૉ. વલ્લભભાઈ કથીરિયા, કાંતાબેન કથીરિયા, શાંતિભાઈ રૂપારેલીયા, હસમુખભાઈ ચંદારાણા, કિરણબેન માંકડિયા, હસુભાઈ ભગદેવ, કિર્તિબેન પોપટ, મગનભાઈ પટેલ, મયૂરધ્વજસિંહ જાડેજા, વિનયભાઈ કારીયા, રિટાબેન સખીયા, લલિતભાઈ વાડોળિયા, યોગેન્દ્રસિંહ જાડેજા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

દસમા નોરતે જે મહેમાનો ઉપસ્થિત રહેવાના છે તેમાં રાકેશભાઈ દેસાઈ,



મનીષભાઈ પાટડિયા, અરવિંદભાઈ શાહ, દર્શનભાઈ કારીયા, જગદીશભાઈ અકબરી, દિનેશભાઈ વિરાણી, ધીરુભાઈ શિંગાળા, ભુપતસિંહ જાડેજા, પ્રમોદભાઈ ભમ્મર, ડી.કે. વાડોદરિયા, જીજ્ઞેશભાઈ આદ્રોજા, સ્મિતભાઈ ત્રિવેદી, કાળુભાઈ કાનગડ, અશોકભાઈ કાથરાણી, વિજયભાઈ પરમાર, વિપુલભાઈ ઠેસિયા, ડૉ. હિરેનભાઈ ખીમાણિયા, સંજયસિંહ રાણા, અમુભાઈ ભારદીયા, દક્ષાબેન વસાણી, અંજલિબેન રૂપાણી, ગાયત્રીબા વાઘેલા, કાશ્મીરાબેન નથવાણી, ભાવનાબેન જોશિપુરા, શિલાબેન ચાંદરાણી, રમાબેન માવાણી, બિનાબેન આચાર્ય, શિલ્પાબેન પૂજારા, કિર્તિબેન પોપટ, જયશ્રીબેન સેજપાલ, જ્યોતિબેન ટીલવા, સુધાબેન ભાયા, ડો. બીનાબેન પટેલ, આશાબેન શાહ તેમજ રેખાબેન ગોસલીયા વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

આ ગોપી રાસોત્સવની વિશેષતા એ છે કે અહીં સાઉન્ડ સિસ્ટમ, લાઈટિંગ અને સુરક્ષા માટે વોલેન્ટિયર બહેનોની ટીમ તૈનાત કરવામાં આવી છે. આ ઉપરાંત શ્રેષ્ઠ વેશભૂષા, શ્રેષ્ઠ ડાન્સ સહિતના વિવિધ ઈનામો પણ આપવામાં આવી રહ્યા છે.

આ ગરબામાં મોટી સંખ્યામાં શહેરના આગેવાનો, મહેમાનો અને ક્લબના સભ્યો હાજર રહીને બહેનોનો ઉત્સાહ વધારી રહ્યા છે. સરગમ લેડીઝ ક્લબના હોદ્દેદારોએ જણાવ્યું હતું કે, અમારો હેતુ બહેનોને એક સુરક્ષિત પ્લેટફોર્મ આપવાનો છે જ્યાં તેઓ માતાજીની ભક્તિ સાથે ગરબાનો આનંદ માણી શકે. બહેનોના ઉત્સાહભર્યા પ્રતિસાદથી અમે ખુશ છીએ.હજારો બહેનોની હાજરીથી ગોપી રાસોત્સવ ખરા અર્થમાં શક્તિ આરાધનાનું પ્રતિક બની ગયું છે.

આ રાસોત્સવની સફળતા માટે ગુણવંતભાઈ ડેલાવાળાના માર્ગદર્શન હેઠળ ભરતભાઈ સોલંકી, રાજેન્દ્રસિંહ ગોહિલ, રાજેન્દ્રભાઈ શેઠ, કનૈયાલાલ ગજેરા, સુરેશભાઈ દેત્રોજા, જયપાલસિંહ ઝાલા, ઉપરાંત લેડિઝ કલબના ડો. ચંદાબેન શાહ, નિલુબેન મહેતા, ડો. માલાબેન કુંડલિયા, અલકાબેન કામદાર, છાયાબેન દવે, ગીતાબેન હીરાણી, ડૉ. અલ્કાબેન ધામેલિયા, ઉર્વશીબેન ટાંક, ઝરણાબેન વિરડીયા, પૂનમબેન જેઠવા, રાધિકાબેન મકવાણા, દિવ્યાબેન ઉમરાણીયા, પુજાબેન ગણાત્રા, અસ્મિતાબેન ત્રિવેદી, આરતીબેન ઠૂમમર, હેતલબેન જોબનપુત્રા, પુજાબેન જાદવ વગેરેએ જહેમત ઉઠાવી હતી.



### શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા

# ખોડલધામ રાજકોટના ચારેય ઝોનમાં મહાઅષ્ટમીની ભવ્યાતિભવ્ય ઉજવણી







## ■ ખેલૈયાઓએ મા ખોડલની મહાઆરતી કરીને ગરબાની રમઝટ બોલાવી

## ■ મા ખોડલ સહિત સાતેય બહેનોની પધરામણીથી ગરબા ગ્રાઉન્ડ પર સર્જાયો દિવ્ય અને અલૌકિક માહોલ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા રાજકોટ શહેરમાં આયોજિત ચારેય ઝોનના નવરાત્રિ મહોત્સવમાં આઠમા નોરતે આઠમની વિશેષ અને ભાવસભર ઉજવણી કરવામાં આવી હતી. આ પવિત્ર અવસરે દીકરીઓએ મા ખોડલ સહિત સાતેય બહેનોનું દિવ્ય સ્વરૂપ ધારણ કર્યું હતું અને ગરબા ગ્રાઉન્ડ પર માતાજીની રંગેચંગે પધરામણી કરાવવામાં આવી હતી.



આઠમના નોરતે દીકરીઓએ મા ખોડલ સહિત સાતેય બહેનોનું સ્વરૂપ ધારણ કરીને ગરબા ગ્રાઉન્ડ પર પ્રવેશ કર્યો હતો. શણગારેલી કાર તેમજ રેડ કાર્પેટ પર ત્રિશૂળ સાથે પધારેલી દીકરીઓનું મનોહર સ્વરૂપ સૌ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. ગરબા ગ્રાઉન્ડ પર માતાજીની પધરામણી દરમિયાન અદ્ભુત આતશબાજી કરવામાં આવી હતી, જેનાથી સમગ્ર વાતાવરણ ઝળહળી ઉઠ્યું હતું. નવરાત્રિના આઠમા નોરતે ચારેય ઝોનના વિશાળ ગ્રાઉન્ડ પર હજારોની સંખ્યામાં ખેલૈયાઓ અને ખીચોખીચ જનમેદની ઉપસ્થિત રહી હતી. મહાઅષ્ટમીની ઉજવણી દરમિયાન ઉપસ્થિત હજારો ભક્તો અને ખેલૈયાઓએ પોતાના મોબાઈલની ફ્લેશલાઈટ ચાલુ કરીને સમગ્ર ગ્રાઉન્ડને રોશનીથી ઝળહળતું કરી દીધું હતું. ભવ્ય સ્ટેજ પર મા ખોડલ સહિત સાતેય બહેનોના સ્વરૂપમાં પધારેલી દીકરીઓનું વિશેષ પૂજન અને મહાઆરતી કરવામાં આવી હતી.

સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...
22 | 19 OCTOBER 2026,
MONDAY
CITYNEWSRAJKOT@GMAIL.COM | @CITY NEWS RAJKOT LIVE | @CITY NEWS RAJKOT | +91 81409 88883



## કોળી સમાજના ખેલૈયાઓ થઈ જાવ તૈયાર

# સમસ્ત કોળી સમાજના ખેલૈયાઓ માટે બુધવારે એક દિવસીય ભવ્ય રાસોત્સવ

### પ્રિન્સ-પ્રિન્સેસ અને બેસ્ટ વેલડ્રેસ વિજેતાઓને ટ્રોફી સાથે સરપ્રાઈઝ ગિફ્ટ અપાશે; સમાજના આગેવાનો, રાજકીય અગ્રણીઓ અને વિવિધ ક્ષેત્રના મહાનુભાવો રહેશે ઉપસ્થિત

**સિટી ન્યૂઝ@રાજકોટ**

નવરાત્રીના ઉત્સાહ વચ્ચે રાજકોટમાં સમસ્ત કોળી સમાજના ખેલૈયાઓ માટે ૨૧ ઓક્ટોબર, બુધવારે એક દિવસીય ભવ્ય કોળી ઠાકોર રાસોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. સમસ્ત કોળી સમાજ એકતા, કુમ-કુમ અને વૈભવી રાસોત્સવના સંયુક્ત આયોજનમાં યોજાનારા આ રાસોત્સવમાં ચુંવાળીયા, તળપદા અને ઘેડીયા સહિત સમગ્ર કોળી જ્ઞાતિના ખેલૈયાઓ ભાગ લેશે. પરંપરાગત રાસ-ગરબાની સાથે વિવિધ આકર્ષણો અને ઇનામોની વ્યવસ્થા કરવામાં આવી છે.

રાજકોટના ૧૫૦ ફૂટ રિંગ રોડ પર નાના મૌવા સર્કલ નજીક, પ્રતિલોક પાર્ટી પ્લોટની સામે આવેલા વૃંદાવન રાસોત્સવ ગ્રાઉન્ડ ખાતે સાંજે ૬:૩૦ કલાકે કાર્યક્રમ સમયસર શરૂ થશે. આયોજકોએ ખેલૈયાઓને વહેલા ગ્રાઉન્ડમાં પ્રવેશ મેળવી લેવા અપીલ કરી છે, જેથી કાર્યક્રમમાં સમયસર જોડાઈ શકાય.

રાસોત્સવમાં કિંગ-ક્વીન તથા ચિલ્ડ્રન કિંગ-ક્વીન કેટેગરીમાં વિજેતા બનનાર ખેલૈયાઓને સન્માનિત કરવામાં આવશે. આ ઉપરાંત બેસ્ટ વેલડ્રેસ કેટેગરીના વિજેતાઓને પણ ટ્રોફી આપવામાં આવશે. ખેલૈયાઓ માટે અનેક સરપ્રાઈઝ ગિફ્ટનું આયોજન કરવામાં આવ્યું છે, જે રાસોત્સવને વધુ આકર્ષક બનાવશે.

આ કાર્યક્રમમાં કોમેડી સ્ટાર, યુટ્યુબર્સ અને ગાયક કલાકારો પણ જોડાશે. તેમની ઉપસ્થિતિ અને પ્રસ્તુતિથી રાસોત્સવમાં મનોરંજનનો રંગ ઉમેરાશે. સમાજના યુવાનો અને પરિવારજનોને એક મંચ પર લાવી સામૂહિક રાસોત્સવની પરંપરાને પ્રોત્સાહન આપવાનો પણ આ આયોજનનો હેતુ છે.

રાસોત્સવમાં સમાજના આગેવાનો, રાજકીય અગ્રણીઓ, ઉદ્યોગપતિઓ, બિલ્ડરો, ડોક્ટરો, વકીલો, પોલીસકર્મીઓ, ઉચ્ચ અધિકારીઓ, કર્મચારીઓ તેમજ વિવિધ સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહેવાના છે. આયોજકો દ્વારા કાર્યક્રમને ભવ્ય અને યાદગાર બનાવવા માટે તૈયારીઓ હાથ ધરવામાં આવી રહી છે.

આ રાસોત્સવને સફળ બનાવવા મુખ્ય આયોજક કાજલબેન સાકરીયા, પિન્ટુભાઈ મેમરીયા અને રાસોત્સવના સારથી કલ્પેશભાઈ બાવરીયા સહિત મોહિતભાઈ સાકરીયા, નંદિનીબેન સાકરીયા, અમિતભાઈ ધોળકિયા, સહઆયોજક ટીમ, યુવા હોદ્દેદારો અને મહિલા હોદ્દેદારો જહેમત ઉઠાવી રહ્યા છે.

રાસોત્સવમાં પ્રવેશ માટેના પાસ ૨૧ ઓક્ટોબર, બુધવારે સાંજે ૬ વાગ્યાથી સ્થળ પર ઉપલબ્ધ રહેશે. આ ઉપરાંત પાસ મેળવવા માટે આયોજકોનો ૭૯૮૪૫૯૪૪૨૪, ૯૬૬૨૩૧૧૬૧૬ અને ૯૯૭૮૬૭૭૭૨૭ નંબર પર સંપર્ક કરી શકાશે. સમસ્ત કોળી સમાજ એકતા દ્વારા અખબારી યાદીમાં આ માહિતી આપવામાં આવી છે.



સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...
23 | 19 OCTOBER 2026, MONDAY
CITYNEWSRAJKOT@GMAIL.COM | @CITY NEWS RAJKOT LIVE | @CITY NEWS RAJKOT | +91 81409 88883




# જૈનમ નવરાત્રીમાં મોડી રાતે સંગીતની રમઝટ

## સાતમા–આઠમા નોરતે ઈમોશન સબમરીન અને પ્રદીપ ઠક્કરના લાઈવ શોથી ખેલૈયાઓ ઝૂમ્યા; આજે ૧૭ વર્ષીય મૃણાલ સાલુખેની સેક્સોફોન પર સુરાવલિ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

જૈનમ-મુકેશભાઈ દોશી (મોડર્ન) નવરાત્રી મહોત્સવ-૨૦૨૬માં સાતમા અને આઠમા નોરતે સંગીતનો જોરદાર માહોલ જામ્યો હતો. શનિવાર અને રવિવારે મોડી રાત સુધી યોજાયેલા લાઈવ પર્ફોર્મન્સમાં રાજકોટવાસીઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સંગીતનો આનંદ માણ્યો હતો. રાત્રે ૧૨ વાગ્યા પછી યોજાયેલા કાર્યક્રમોમાં પ્રવેશ નિશુલ્ક રહ્યો હતો.



સાતમા નોરતે ઈમોશન સબમરીનના લાઈવ શોએ સંગીતપ્રેમીઓને ઝૂમવા મજબૂર કર્યા હતા. વોકલિસ્ટ નિસર્ગ સાથે ડ્રમર આકાશ, ગિટારિસ્ટ જય, બેઝ પ્લેયર સેમસન અને કીબોર્ડ પ્લેયર વિરાજે પોતાની કલા રજૂ કરી હતી. આઠમા નોરતે ગાયક પ્રદીપ ઠક્કરે કરાઓકે પર્ફોર્મન્સથી માહોલ જમાવ્યો હતો. કિશોરકુમાર અને કુમાર સાનુ સહિતના જાણીતા ગાયકોનાં ગીતો પર દર્શકો મંત્રમુગ્ધ થયા હતા.

બંને નોરતે શહેર ભાજપ પ્રમુખ માધવ દવે, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પરેશ પીપળીયા, પૂર્વ સાંસદ રામ મોકરીયા અને ધારાસભ્ય ભાનુબેન બાબરિયા સહિત રાજકીય, સામાજિક અને ધાર્મિક ક્ષેત્રના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. મુકેશભાઈ દોશી (મોડર્ન)ના પરિવાર ઉપરાંત રોલેક્સ રિંગ્સના મનીષ મડેકા, રેખાબેન મડેકા, પીનાકીન મડેકા, નમિતાબેન મડેકા, મિહિર મહેતા અને હર્ષિલ મહેતા સહિતના મહેમાનોએ માતાજીની આરતીનો લાભ લીધો હતો.

જૈનમ રાસોત્સવમાં આજે રાત્રે ૧૨ વાગ્યા બાદ મુંબઈની ૧૭ વર્ષીય સેક્સોફોન આર્ટિસ્ટ મૃણાલ સાલુખે લાઈવ પર્ફોર્મન્સ આપશે. સેક્સોફોન પર વિવિધ ગીતોની પ્રસ્તુતિ કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ રહેશે. આ ઈવેન્ટમાં પણ પ્રવેશ નિશુલ્ક રાખવામાં આવ્યો છે.

સાતમા નોરતે બેસ્ટ પ્લેયર પ્રિન્સ કેટેગરીમાં પ્રિયાંશુ શાહ, વર્ધમાન ઘેલાણી અને હર્ષ રૂપાણી તથા પ્રિન્સેસ કેટેગરીમાં ઈશા ઉંચાટ, આરતી ઝાટકિયા અને મનાલી શેઠ વિજેતા બન્યાં હતાં. કિડ્સ પ્રિન્સમાં મોક્ષ મહેતા, મીત મહેતા અને ક્રિશ મહેતા તથા કિડ્સ પ્રિન્સેસમાં મિસ્ટી મહેતા, કેશવી મહેતા અને ઈશિતા દોશી વિજેતા બન્યાં હતાં.

સિનિયર વેલડ્રેસ પ્રિન્સમાં ધ્રુવ તીર્થેશ, યુગ શેઠ અને દેવાંશુ શાહ તથા પ્રિન્સેસમાં ઈશિતા માવાણી, વિધિ કોઠારી અને મેઘા કામદાર વિજેતા બન્યાં હતાં. જુનિયર વેલડ્રેસ કિડ્સ પ્રિન્સમાં મોનલી મહેતા, જીત આશરા અને નિર્મિત શાહ તથા પ્રિન્સેસમાં તનિષા મહેતા, ધ્યાના પારેખ અને જેની કોઠારી વિજેતા જાહેર થયાં હતાં.

આઠમા નોરતે બેસ્ટ પ્લેયર પ્રિન્સમાં સન્ની બાટવિયા, યશ ઉદાણી અને રક્ષિત ગાંધી તથા પ્રિન્સેસમાં તુલસી દફતરી, કાજલ વોરા અને ભવ્ય ઝાટકિયા વિજેતા બન્યાં હતાં. કિડ્સ પ્રિન્સમાં આર્યન મહેતા, તથ્ય કોઠારી અને આદિત્ય પટેલ તથા પ્રિન્સેસમાં ધ્વની પારેખ, હેત્વી દોશી અને માહી હપાણી વિજેતા બન્યાં હતાં.

સિનિયર વેલડ્રેસ પ્રિન્સમાં ધવલ કોઠારી અને ઈશિત શાહ તથા પ્રિન્સેસમાં મલિકા ગાંધી, ચાર્મિ દોશી અને દેવલ મોદી વિજેતા બન્યાં હતાં. જુનિયર વેલડ્રેસ કિડ્સ પ્રિન્સમાં મંથન અમલાણી, નિહાન શાહ અને ઈશાન દોશી તથા પ્રિન્સેસમાં સૌમ્યા શેઠ, રાજવી શાહ અને ક્યારા ઝાટકિયા વિજેતા જાહેર થયાં હતાં.

વિજેતાઓને મહેમાનોના હસ્તે ઈનામો એનાયત કરાયાં હતાં. સાતમા નોરતે ડો. નિરાલી કોરવાડિયા, ઈશાન કાથરાણી, વેલેન્ટીના પંડ્યા, રિમ્પલ વડારિયા અને શ્રુતિ પરસાણાએ નિર્ણાયક તરીકે સેવા આપી હતી. આઠમા નોરતે હર્ષદ ગોહેલ, ધર્મેશ જોબનપુત્રા, તન્વી જોબનપુત્રા અને ડો. મમતા કોટેચાએ નિર્ણાયક તરીકે કામગીરી કરી હતી. તેમનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...
24 | 19 OCTOBER 2026, MONDAY
CITYNEWSRAJKOT@GMAIL.COM | @CITY NEWS RAJKOT LIVE | @CITY NEWS RAJKOT | +91 81409 88883

# લોધીકામાં નવરાત્રી મહોત્સવની ભક્તિભાવપૂર્વક ઉજવણી




સિટી ન્યૂઝ@લોધિકા

હાલમાં માતાજીની આરાધનાના પર્વ નવરાત્રીની સમગ્ર રાજ્યમાં ભક્તિભાવપૂર્વક ઉજવણી થઈ રહી છે, ત્યારે લોધીકા ગામમાં પણ વિવિધ ગરબી મંડળો દ્વારા પરંપરાગત રાસ-ગરબાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. નવરાત્રીના નવ દિવસ દરમિયાન માતાજીની આરાધના સાથે પ્રાચીન ગરબાઓની પરંપરા જીવંત રાખવામાં આવી રહી છે.લોધીકામાં ભવાની ગરબી, નવદુર્ગા ગરબી મંડળ, ચામુંડા ગરબી મંડળ, ગોકુળ ગરબી મંડળ, મોગલમા ગરબી મંડળ સહિતનાં અનેક ગરબી મંડળોમાં નાની નાની બાળાઓ દ્વારા પ્રાચીન રાસ-ગરબાની રમઝટ બોલાવવામાં આવે છે. માતાજીના સ્વરૂપ સમાન બાળાઓ દરરોજ અવનવા રાસ-ગરબા રજૂ કરીને ઉપસ્થિત શ્રદ્ધાળુઓને મંત્રમુગ્ધ કરી રહી છે. આજના આધુનિક યુગમાં પણ લોધીકાનાં ગરબી મંડળો દ્વારા વર્ષો જૂની ધાર્મિક અને સાંસ્કૃતિક પરંપરાને જાળવી રાખીને માતાજીના ગરબાનું આયોજન કરવામાં આવે છે. પ્રાચીન ગરબાઓની મધુર ધૂન અને બાળાઓની ભક્તિભાવપૂર્ણ રજૂઆતથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બની રહ્યું છે.આ પરંપરાગત ગરબી મહોત્સવને નિહાળવા માટે મોટી સંખ્યામાં ગ્રામજનો અને શ્રદ્ધાળુઓ ઉમટી રહ્યા છે. આમ, લોધીકામાં નવરાત્રી મહોત્સવ દરમિયાન ભક્તિ, શ્રદ્ધા અને સંસ્કૃતિનો ત્રિવેણી સંગમ જોવા મળી રહ્યો છે.

# હડીયાળા ગામે ત્રિવેદી પરિવારના કુળદેવી શ્રી હરસિધ્ધી માતાજીનો નવચંડી યજ્ઞ



## 10000થી વધુ લોકોનો નાત જમણઃ દશેરાના નવચંડી યજ્ઞમાં ત્રિવેદી પરિવારને ઉમટી પડવા તેજસ ત્રિવેદીનો અનુરોધ

સિટી ન્યૂઝ@રાજકોટ

જામનગર જિલ્લાના જોડીયા તાલુકાના હડીયાણા ગામે બિરાજમાન ત્રિવેદી પરિવારના કુળદેવી શ્રી હરસિધ્ધી માતાજીના મંદિરે તા. ૨૦/૧૦/૨૦૨૬ - મંગળવાર દશેરાના શુભ દિને નવચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. શ્રી હરસિધ્ધી માતાજી ચેરીટેબલ ટ્રસ્ટ, હડીયાણાના પ્રમુખ તેમજ ટ્રસ્ટીઓ જણાવે છે કે જામનગર જિલ્લાના હડીયાણા ગામ ખાતે માં હરસિધ્ધી માતાજી' નું પૌરાણીક મંદિર આવેલ છે. વધુમાં બ્રહ્મયુવા અગ્રણી તેજસ ત્રિવેદી જણાવે છે કે રાજકોટથી હડીયાણા જવા માટે સવારે ૮.૦૦ કલાકે એસ.ટી. ની બસ મળી શકે છે. રાજકોટથી જામનગર જતા હડીયાણા બાલાચડી પાસે આવેલું છે. અંદાજે રાજકોટથી ૮૫ કિલોમીટર થાય છે. નવચંડી યજ્ઞનો લાભલેવા દરેક માંઈ ભક્તોએ આ ધાર્મિક કાર્યક્રમમાં ભાગ લેવા માટે આમંત્રણ પાઠવવામાં આવે છે. દશેરના શ્રી હરસિધ્ધી માતાજી ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગથી નવચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. હવનમાં બીડુ હોમવાનો સમય બપોરના ૧.૦૦ કલાકે રાખવામાં આવ્યો છે અને મહાપ્રસાદ ૧.૩૦ કલાકે. આ પ્રસંગમા ઉપસ્થિત રાજકોટથી તેજસ ત્રિવેદી, સુમનભાઈ ત્રિવેદી, નિરવભાઈ ત્રિવેદી, આશિષભાઈ ત્રિવેદી, કૌશલભાઈ ત્રિવેદી, જયદીપભાઈ ત્રિવેદી, સ્મીતલભાઈ ત્રિવેદી, સિધ્ધાર્થભાઈ ત્રિવેદી, કેતનભાઈ ત્રિવેદી, મુકેશભાઈ ત્રિવેદી, બીટુભાઈ ત્રિવેદી, રાજભાઈ ત્રિવેદી, દિપકભાઈ ત્રિવેદી, ઉપેન્દ્રભાઈ ત્રિવેદી, મનનભાઈ ત્રિવેદી, પ્રદીપભાઈ ત્રિવેદી વિગેરે દ્વારા આમંત્રણ પાઠવવામાં આવે છે.




25 | 19 OCTOBER 2026, MONDAY

CITYNEWSRAJKOT@GMAIL.COM | @CITY NEWS RAJKOT LIVE | @CITY NEWS RAJKOT | +91 81409 88883

# સરગમી રાસોત્સવની સંગીતમય ધમાલ

## 21મીએ ડી.એચ. કોલેજના મેદાનમાં સરગમ ક્લબ–મારવાડી એજ્યુકેશનનું સંયુક્ત આયોજન; મુંબઈના ગાયકો અને મ્યુઝિકલ ઓર્કેસ્ટ્રા જમાવશે રંગ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

સરગમ ક્લબ અને મારવાડી એજ્યુકેશનના સંયુક્ત ઉપક્રમે બુધવાર, તા. ૨૧ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ રાજકોટમાં ભવ્ય સરગમી રાસોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. ડો. યાજ્ઞિક રોડ પર આવેલી ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ કોલેજ (ડી.એચ. કોલેજ)ના મેદાનમાં રાત્રે ૯ વાગ્યે શરૂ થનારા આ રાસોત્સવમાં સરગમ ક્લબના વિવિધ ગ્રુપના સભ્યો ઉત્સાહભેર ભાગ લેશે. કાર્યક્રમમાં તમામ ગ્રુપને મળીને ૨૦૦થી વધુ ઈનામો રાખવામાં આવ્યાં છે. સરગમ ક્લબના જેન્ટ્સ ક્લબ, લેડીઝ ક્લબ, સિનિયર સિટીઝન ક્લબ, કપલ ક્લબ અને ઈવનિંગ પોસ્ટ ગ્રુપના સભ્યો માટે આ રાસોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. સભ્યોએ પ્રવેશ સમયે પોતાનું આઈકાર્ડ સાથે રાખવાનું રહેશે. આઈકાર્ડ વિના પ્રવેશ આપવામાં આવશે નહીં. કાર્યક્રમ નિહાળવા ઇચ્છતા મહેમાનો રૂ.૨૦ની એન્ટ્રી ટિકિટ મેળવીને પ્રવેશ કરી શકશે. પાર્કિંગ માટે અલગથી ચાર્જ ચૂકવવાનો રહેશે.

રાસોત્સવમાં મન્સુર ત્રિવેદી પ્રસ્તુત મ્યુઝિકલ મેલોડી કલર્સ ઓર્કેસ્ટ્રા સંગીતની રમઝટ બોલાવશે. મુંબઈના ગાયક નિલેષ પંડ્યા, આસિફ જેરિયા, હેમંત પંડ્યા, પ્રિયંકા જોશી અને વિજયા ટીમાણિયા માતાજીનાં ગરબાની પ્રસ્તુતિ કરશે. સંગીતમય માહોલમાં ખેલૈયાઓ રાસ-ગરબાનો આનંદ માણી શકશે. ડી.એચ. કોલેજના મેદાનમાં રાસોત્સવ માટે સુંદર બેઠક વ્યવસ્થા કરવામાં આવી છે. કાર્યક્રમ દરમિયાન વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ચુસ્ત સુરક્ષા બંદોબસ્ત પણ ગોઠવવામાં આવ્યો છે. સરગમ ક્લબના તમામ સભ્યોને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા આયોજકો દ્વારા અપીલ કરવામાં આવી છે.

કાર્યક્રમમાં કર્ણાટક રાજ્યના પૂર્વ રાજ્યપાલ વજુભાઈ વાળા પ્રમુખસ્થાને ઉપસ્થિત રહેશે. રાજકોટ મહાનગરપાલિકાના દંડક સંજયસિંહ રાણા મુખ્ય અતિથિ વિશેષ તરીકે જોડાશે. આ ઉપરાંત સામાજિક આગેવાન તખુભા રાઠોડ, કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટના પ્રમુખ મિતલ ખેતાણી, ડી.એચ. આર્ટ્સ કોલેજના પ્રિન્સિપાલ કમલેશ બુદ્ધભટ્ટી અને રાજ બેંકના પૂર્વ ડિરેક્ટર કમાલ ધામી ઉપસ્થિત રહેશે.

રાજકોટ મહાનગરપાલિકાની આરોગ્ય સમિતિના ચેરમેન કેતન ઠૂમ્મર, રાજકોટ શહેર ભાજપના મહામંત્રી લલિત વાડોલિયા, સમાજ કલ્યાણ સમિતિના ચેરમેન મનીષ ભટ્ટ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસના અગ્રણી જશવંતસિંહ ભટ્ટી, રાજકોટના ડેપ્યુટી મેયર દક્ષાબેન વસાણી, કોર્પોરેટર પરેશ ઠાકર અને રાજકોટના પૂર્વ મેયર પ્રદીપ ડવ પણ કાર્યક્રમમાં હાજરી આપશે.

વિવેકાનંદ યૂથ ક્લબના પ્રમુખ અનુપમ દોશી, રાજકોટ મહાનગરપાલિકાના શાસક પક્ષના નેતા હિરેન ખીમાણિયા, રાજકોટ શહેર ભાજપના મહામંત્રી યોગેન્દ્રસિંહ જાડેજા અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસના અગ્રણી મહેશ રાજપૂત સહિતના મહાનુભાવો પણ ઉપસ્થિત રહેશે.

સરગમ ક્લબના પ્રમુખ ગુણવંત ડેલાવાળા તથા મારવાડી એજ્યુકેશનના ચેરમેન કેતન મારવાડી અને જીતુ ચંદારાણાનો કાર્યક્રમને સહયોગ મળ્યો છે. ગુણવંત ડેલાવાળાના માર્ગદર્શન હેઠળ મૌલેશ પટેલ, હરેશ લાખાણી, સ્મિત પટેલ, પ્રભુદાસ પારેખ, યોગેશ પુજારા, કેતન મારવાડી, જીતુ ચંદારાણા, ડો. ચંદાબેન શાહ, નીલુબેન મહેતા સહિતની ટીમ રાસોત્સવને સફળ બનાવવા જહેમત ઉઠાવી રહી છે. સરગમ ક્લબના પ્રમુખ ગુણવંત ડેલાવાળા દ્વારા આ કાર્યક્રમની માહિતી અખબારી યાદીમાં આપવામાં આવી છે.



# શરદ પૂનમે બહેનો માટે ક્રિષ્ના રાસોત્સવ

## કોઠારિયા કોલોની યુવા ગ્રુપ અને નારી સુરક્ષા સમિતિનો ઉપક્રમ; શેઠ હાઈસ્કૂલના મેદાનમાં 25મીએ રાત્રે 8થી 1 વાગ્યા સુધી રાસોત્સવ, બહેનોને નિઃશુલ્ક પાસ અને વિજેતાઓને ઈનામો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

શરદ પૂનમના પાવન અવસરે રાજકોટમાં બહેનો માટે પરંપરાગત રાસોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. કોઠારિયા કોલોની યુવા ગ્રુપ અને જિલ્લા નારી સુરક્ષા સમિતિના સંયુક્ત ઉપક્રમે તથા શ્રી નરેન્દ્રબાપુ ગુરુ શ્રી જીવરાજબાપુ મહંતશ્રી આપાગીગાના ઓટલાના સહયોગથી ક્રિષ્ના મહિલા રાસોત્સવ ૨૦૨૬ યોજાશે. આ વર્ષે સતત ૨૯મા વર્ષે યોજાનારા આ રાસોત્સવમાં બહેનોને નાત-જાત કે ધર્મના કોઈપણ ભેદભાવ વિના નિશુલ્ક પ્રવેશ આપવામાં આવશે. રવિવાર, તા. ૨૫ના રોજ રાત્રે ૮થી ૧ વાગ્યા સુધી ૮૦ ફૂટ રોડ પર બગીચાની સામે આવેલા પી. એન્ડ ટી.વી. શેઠ હાઈસ્કૂલના વિશાળ મેદાનમાં રાસોત્સવ યોજાશે. મંડળની નાની બાળાઓના હસ્તે દીપપ્રાગટ્ય કરીને કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવશે. વર્ષોની પરંપરા મુજબ ગરબી મંડળની બાળાઓ સહિત શહેરભરની મહિલાઓ ઉત્સાહભેર રાસોત્સવમાં ભાગ લેશે. સંસ્થા અને દાતાઓના આર્થિક સહયોગથી રાસોત્સવમાં સારો દેખાવ કરનાર બહેનોને ઈનામોથી નવાજવામાં આવશે. વ્યવસ્થાના ભાગરૂપે પાસ પ્રથા રાખવામાં આવી છે. તા. ૨૦થી ૮૦ ફૂટ રોડ પર શેઠ હાઈસ્કૂલની બાજુમાં આવેલા નટેશ્વરધામ મંદિરે સાંજે ૬થી ૭ દરમિયાન બહેનો માટે નિશુલ્ક પાસનું વિતરણ કરવામાં આવશે. પાસનું વિતરણ વહેલા તે પહેલાંના ધોરણે કરવામાં આવશે. રાસોત્સવ દરમિયાન બહેનોની સુરક્ષા માટે વિશેષ વ્યવસ્થા રાખવામાં આવશે. કોઈપણ પ્રકારની મદદ માટે હેલ્પલાઈન નંબર ૯૪૨૬૨ ૨૯૩૯૬ પર સંપર્ક કરી શકાશે. સમગ્ર આયોજનને સફળ બનાવવા કોઠારિયા કોલોની યુવા ગ્રુપના પ્રમુખ ગજેન્દ્રસિંહ ઝાલા, એડવોકેટ ઈન્દુભા રાઓલ, નારી સુરક્ષા સમિતિના પદ્માબા ચૌહાણ, માલતીબેન ચાવડા, એડવોકેટ હિંમતભાઈ લાબડિયા, જયંતિભાઈ હીરપરા, નાગજીભાઈ પટેલ, પ્રવીણભાઈ લાખાણી, વિભૂતિબેન ત્રિવેદી, હલિમાબેન સહિતના કાર્યકરો જહેમત ઉઠાવી રહ્યા છે.

# રિક્ષામાં કચરાની આડમાં સંતાડી દોઢ લાખનો દારૂ સપ્લાય કરતો શખ્સ ઝબ્બે

## માલવીયાનગર પોલીસનો ગોકુલધામ પાસે દરોડોઃ 3 લાખનો મુદામાલ કબ્જે, સૂત્રધાર ફરાર

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટના ગોકુલધામ મેઈન રોડ પર સુલભ શૌચાલય પાસે પોલીસે કચરા ભરેલી શંકાસ્પદ રીક્ષાને અટકાવી તપાસ કરતા અંદરથી રૂ. ૧.૫૪ લાખનો દારૂનો જથ્થો મળી આવ્યો હતો. ભોમેશ્વર વાડી વિસ્તારમાં રહેતો રીક્ષાચાલક કચરાની આડમાં દારૂની હેરફેર કરતો હતો. પોલીસે દારૂનો આ જથ્થો અને રીક્ષા સહિત રૂ. ૩.૦૪ લાખનો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી. પોલીસની પુછતાછમાં જામનગર રોડ પરથી સાહિલ ઉર્ફે સાદુ નામના શખસે રિક્ષામાં દારૂ મુકયાનું જણાવ્યું હતું. જેથી પોલીસે તેની શોધખોળ હાથ ધરી છે. દરોડાની વિગત મુજબ, માલવિયાનગર પોલીસ મથકના



પીઆઈ જે.એમ.કૈલાની રાહબરીમાં પીએસઆઈ કે.ડી. મારૂ તથા તેમની ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન હેડ કોન્સ્ટેબલ અનિલભાઈ જીલરીયા અને કોન્સ્ટેબલ કરમણભાઈ જાદવને મળેલી હકીકતના આધારે ગોકુલધામ મેઈન રોડ પર વિજય હોટલ વાળી શેરી સુલભ શૌચાલયની બાજુમાં રોડ પર શંકાસ્પદ રીક્ષા પોલીસે ઝડપી લીધી હતી. પોલીસે રિક્ષાચાલકની પુછતાછ કરતા તેણે પોતાનું નામ ધર્મેશ અશોકભાઈ સીતાપરા (ઉ.વ. ૨૬ રહે. ભોમેશ્વર વાળી શેરી નંબર ૨, જામનગર રોડ) હોવાનું જણાવ્યું હતું. પોલીસે રિક્ષામાં તપાસ કરતા અંદર ઉપરના ભાગે કચરાના કોથળા હોય પરંતુ પોલીસને શંકા જતા સઘન તપાસ કરતા કચરાની અંદરથી રૂપિયા ૧.૫૪ લાખનો દારૂનો જથ્થો મળી આવ્યો હતો. જેથી પોલીસે દારૂનો આ જથ્થો અને રીક્ષા સહિત ૩.૦૪ લાખનો મુદ્દામાલ કબજે કરી આ શખ્સ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરી હતી. પોલીસે આરોપી ચાલકની પુછપછર કરતા જામનગર રોડ પરથી બુટલેગર સાહિલ ઉર્ફે સાદુ પરમારે કચરા ભરેલા કોથળામા સંતાડીને રિક્ષામાં રાખ્યો હતો. ત્યારબાદ ફોન પર સરનામું આપે ત્યારે તેને દારૂ પહોંચાડવાની કબુલાત આપી હતી. પોલીસે ગુનો દાખલ કરી સપ્યાયર સાહીલ ઉર્ફે સાદુની શોધખોળ શરૂ કરી છે.

# રેલવેમાં નકલી ટિકિટ બનાવી 2 હજારમાં વેચવાનું કૌભાંડ ઝડપાયું

## સગીર અને સૂત્રધાર સિક્યુરિટી ગાર્ડ સહીત ત્રણની ધરપકડ

સિટી ન્યૂઝ@રાજકોટ

સોમનાથ-જબલપુર એક્સપ્રેસમાંથી બે મુસાફરો નકલી ટીકીટ સાથે ઝડપાયા હતા. જે બાદ નકલી ટિકિટ બનાવવાનાં કારસ્તાનનો પર્દાફાશ થયો હતો. રેલવે પોલીસે ગુનો દાખલ કરી બંનેની અટકાયત કરી હતી. જયારે પોલિસની પૂછપરછમાં સિક્યુરિટી ગાર્ડ તરીકે નોકરી કરતા શખ્સે એઆઈ અને ફોટોશોપની મદદથી નકલી ટીકીટો બનાવી આપ્યાનું ખુલતા પોલીસે સિક્યુરિટી ગાર્ડને અટકાયતમાં લઇ વધુ તપાસ આદરી હતી. સોમનાથ-જબલપુર એક્સપ્રેસ ગત તા. ૧૬ નાં રોજ રાજકોટ રેલવે સ્ટેશનથી રવાના થયા બાદ વાંકાનેર રેલવે સ્ટેશન ખાતે ટીકીટ નિરીક્ષક રાજેનસિંહ રાજપૂતે બે પેસેન્જરોની ટીકીટ તેમના મોબાઈલમાં ચેક કરતાં શંકા ઉપજી હતી. વધુ તપાસ કરતાં બંને ટિકિટ નકલી હોવાનું સ્પષ્ટ થતાં બંને મુસાફરોને સુરેન્દ્રનગર આરપીએફના હવાલે કર્યા હતા.ત્યારબાદ રાજકોટ રેલવે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. ઝડપાયેલા મુસાફરનું નામ કનૈયા ચૌધરી (ઉ.વ.૪૩) છે. બીજો



મુસાફર સગીર છે. આ બંને હાલ ગોંડલના ગુંદાળા ગામે રહી કારખાનામાં કામ કરે છે. કનૈયા મૂળ બિહારનો અને સગીર મૂળ યુપીનો વતની છે. બંનેને વતન જવું હોવાથી કારખાનામાં સિક્યુરિટી ગાર્ડ તરીકે નોકરી કરતા મનમોહનસિંહને વાત કરી હતી. જેણે એઆઈ અને ફોટોશોપની મદદથી બંનેને નકલી ટીકીટો બનાવી આપી બદલામાં રૂા. ૨ હજાર વસૂલ કર્યા હતા. રેલવેના પીએસઆઈ કુરેશીએ મનમોહનસિંહને પણ અટકાયતમાં લીધો છે. મનમોહનસિંહે આ રીતે બીજી નકલી ટીકીટો બનાવી છે કે કેમ તે દિશામાં હવે રેલવે પોલીસે તપાસ શરૂ કરી છે.

# છાપરા ગામે બે કારખાનામાંથી 8.83 લાખ રોકડની ચોરી

## મોંઢે કપડું-ચાદર ઓઢેલા શખ્સો સીસીટીવીમાં કેદઃ કારખાનેદારની ત્રણ શખ્સો સામે ફરિયાદ

સિટી ન્યૂઝ@રાજકોટ

અમીન માર્ગ પર આવેલાં ડ્રીમહલ એપાર્ટમેન્ટમાં રહેતાં જયભાઈ મગનલાલ જાવીયા (ઉ.વ.૩૭)ના લોધીકાના છાપરા ગામે આવેલા ગ્રીન એનર્જી નામના કારખાનામાં તસ્કરો ૭.૩૩ લાખની રોકડ અને સામે રાજેશભાઈ કથીરીયાના મેકફેબ એન્જીનિયર્સ કારખાનામાંથી ૧.૫૦ લાખની રોકડ રકમ ચોરી ગયાની મેટોડા પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે. ફરિયાદમાં જયભાઈએ જણાવ્યું છે કે, તે ભાગીદારીમાં કારખાનું ચલાવે છે. ગઈ તા. ૧૬ના રોજ કારખાને હતા ત્યારે ત્રણ દિવસના હિસાબના રૂા. ૫.૭૮ લાખ ઓફિસના ટેબલના ખાનામાં રાખ્યા હતા. બીજા દિવસે ઘરે હતા ત્યારે મેનેજર પ્રણવ જોષીએ ફોન કરીને કહ્યું કે કારખાનાની ઓફિસના મેઈન બિલ્ડીંગના દરવાજાનો લોક તુટેલો છે અને અંદર સામાન વેર વિખેર છે.' જેથી તુરત જ કારખાને પહોંચી તપાસ કરતા હિસાબના મળી રૂા.૭.૩૩ લાખ જોવા ન મળતા ચોરી થઈ હોવાની ખબર પડી હતી. તેણે સીસીટીવી કેમેરા ચેક કરતા મોંઢે કપડું અને ચાદર ઓઢીને બે તસ્કરો દિવાલ ટપીને ઓફિસમાં દેખાયા હતા. ત્રીજો શખ્સ કારખાનાની બહાર દેખરેખ માટે ઉભેલો જોવા મળ્યો હતો. આજુ બાજુમાં પૂછતાં સામે આવેલા મેકફેબ એન્જીનિયર્સ નામના કારખાનાની ઓફિસમાંથી પણ તસ્કરો રૂા.૧.૫૦ લાખની રોકડ ચોરી ગયાનું જાણવા મળ્યું હતું.

# રાજકોટના લૂંટ વિથ મર્ડરના આરોપીઓ પાસે ક્રાઈમ બ્રાન્ચે કરાવ્યું રી-કન્સ્ટ્રકશન

## આજે તમામ આરોપીઓને કરાશે જેલભેગા અનુરાગને રજા આપ્યા પછી કબ્જો લેવાશે



**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટની આજી જીઆઈડીસીમાં તન્વી ગોલ્ડ નામની પેઢીના મેનેજર ઉપર ફાયરિંગ કરી હત્યા નિપજાવી ૧.૫૩ કરોડની લૂંટ ચલાવવાના ગુનામાં પકડાયેલા આરોપીઓને આજે રી-કન્સ્ટ્રકશન અર્થે ક્રાઈમ બ્રાન્ચની ટિમ ઘટનાસ્થળે લઇ ગઈ હતી અને ગુનાને કેવીરીતે અંજામ આપ્યો તે અંગેની વિગતો મેળવી હતી પોલીસ આરોપીઓને લઈને ઘટનાસ્થળે પહોંચી ત્યારે ઉમટી પડેલા લોકોએ રાજકોટ પોલીસ ઝિંદાબાદના નારા લગાવ્યા હતા આજે આરોપીઓના રિમાન્ડ પુરા થતા હોય કોર્ટમાં રજૂ કર્યા બાદ તમામને જેલહવાલે કરવામાં આવશે તેમજ બામણબોર પાસેથી વધુ એક હથિયાર કબ્જે કરવામાં આવ્યું છે. જયારે અનુરાગને હોસ્પિટલમાંથી રજા આપ્યા બાદ તેનો કબ્જો લેવામાં આવશે.

રાજકોટના આજી જીઆઇડીસીમાં ગત બુધવારે સમી સાંજે કારમાં આવેલી લૂંટારુ ટોળકીએ તન્વી ગોલ્ડ નામની પેઢીના મેનેજર લાલજીભાઈ સરધારા ઉપર ત્રણ રાઉન્ડ ફાયરિંગ કરી તેમની હત્યા નિપજાવી તેમની પાસે રહેલ ૧.૫૩ કરોડના સોના-ચાંદીના દાગીના ભરેલો થેલો લૂંટી આરોપીઓ નાસી જતા ચકચાર મચી ગઈ હતી બનાવ અંગે થોરાળા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી અને ઉપરોક્ત ગુનાનો ભેદ ઉકેલવા વિવિધ દિશામાં તપાસ હાથ ધરવામાં આવી હતી દરમિયાન ક્રાઇમ બ્રાણશે  અશ્વિનીકુમાર ઉર્ફે લંકેશ મનોજસિંગ રાજપૂત, અનુરાગસિંગ ઓમપ્રકાશસીંગ રાજપૂત, વિશાલસિંગ વિનોદસીંગ રાજપૂત, શિવમ ગિરીશચંદ્ર ગુપ્તા, વેદાંત કાંત ઉર્ફે અમન રમાકાન્ત પાંડે, પવનકુમાર શિવપ્રસાદ ચૌબે, અરવિંદ ઉર્ફે નીરજ હરિશંકર તિવારી,  શૈલેષ કર્મવીર ખરવાર, અજિત રામશપથ પાંડે, શિવમ અશોક પાંડેની ધરપકડ કરી ૧.૫૮ કરોડનો મુદામાલ કબ્જે કરી ૧૦ આરોપીના ચાર દિવસના રિમાન્ડ મેળવી તપાસ શરુ કરી હતી દરમિયાન પોલીસે બામણબોર પાસેથી પોલીસે વધુ એક હથિયાર કબ્જે કર્યું હતું આજે આરોપીઓને આજી જીઆઈડીસીમાં ઘટનાસ્થળે લઇ જવામાં આવ્યા હતા અને ગુણ અંગે પોલીસ દ્વારા રી-કન્સ્ટ્રક્શન કરાવવામાં આવ્યું હતું ઘટનાસ્થળે આરોપીઓને લઈને પોલીસ પહોંચી ત્યારે ઉમટી પડેલા લોકોએ રાજકોટ પોલીસ ઝિંદાબાદના નારા લગાવ્યા હતા આજે આરોપીઓના રિમાન્ડ પુરા થતા હોય જેથી કોર્ટમાં રજૂ કરવામાં આવશે અને ત્યાં કોર્ટના હુકમ બાદ તમામને જેલહવાલે કરવામાં આવશે જયારે પીએસઆઈ વી ડી ડોડીયા ઉપર ફાયરિંગ કરનાર આરોપી અનુરાગ હોસ્પિટલમાં દાખલ હોય તેને રજા આપ્યા બાદ તેનો કબ્જો લેવામાં આવશે.



# ધોરાજીમાં કિન્નરના વાળ કાતરથી કાપી ધમકી આપી ચાર કિન્નરો સામે ફરિયાદ

## મિત્ર સાથે રહેવું હોય તો મઢમાં આવવું નહિ, ભિક્ષા મંગાવી નહિ કહી હુમલો કર્યો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

ધોરાજીમાં સરા જાહેર કિન્નરો વચ્ચે માથાકૂટ થઇ હતી. તારે તારા મિત્ર સાથે રહેવું હોય તો મઢમાં આવવું નહિ અને ક્યાંય ભિક્ષાવૃત્તિ કરવા જવું નહિ કહી ચાર કિન્નરોએ ફરિયાદી કિન્નરને પકડી કાતર વડે વાળ કાપી નાખી ધમકી આપી હતી. જે મામલે ધોરાજી પોલીસે અલગ અલગ કલમો હેઠળ ગુનો નોંધ્યો હતો. બનાવ અંગે મૂળ વંથલી તાલુકાણા નરેડી ગામના વતની અને હાલ ઉપલેટા સાઈબાબા મંદિર પાછળ રહેતા કિન્નર સંજયભાઇ ઉર્ફે સોનુમાસી ઉર્ફે અનોખી માસી પરમારે આરોપી તરીકે સંજય હરસુખ પરમાર ઉર્ફે હીર માસી, હાર્દિક અલ્પેશ કોસરેકર ઉર્ફ સોનુ માસી, ઈશ્વર ચૌહાણ ઉર્ફે ઐશ્વર્યા માસી અને અરવિંદ પરમાર ઉર્ફે અનુ માસી (તમામ રહે. સાંઈબાબા મંદિર પાછળ, ઉપલેટા)નું નામ આપતાં ધોરાજી પોલીસે ટ્રાન્સજેન્ડર વ્યક્તિના અધિકારોનું રક્ષણ અધિનિયમ તેમજ એટ્રોસિટી એક્ટની કલમો હેઠળ ગુનો નોંધ્યો હતો.  વધુમાં ફરિયાદી કિન્નરે જણાવ્યું હતું કે, તે છ વર્ષથી ઉપલેટા તથા ધોરાજી મઢ ખાતે રહી ભિક્ષાવૃત્તિ કરતી હતી. સાત વર્ષથી ગુરૂ અનુમાસી સાથે રહે છે. છેલ્લા ત્રણ મહીનાથી મિત્ર મનસુખભાઈ જાદવ (રહે. ઉપલેટા) સાથે રહે છે. જેથી મઢના અન્ય કિન્નરો જેમા અનુમાસી, સોનુમાસી, હીર માસી તથા એશ્વર્યા માસી અવાર નવાર કહેતા કે, તારે તારા મિત્ર મનસુખ સાથે રહેવું હોય તો તારે અહીંયા મઢમા આવવુ નહી અને ભીક્ષાવૃતિ કરવા માટે અમારા વિસ્તારમાં કયાંય જવુ નહી. પરંતુ તે કિન્નર હોય અને ભીક્ષાવૃતી સિવાય અન્ય કોઇ આધાર હોય નહી તેમ છતાં આ લોકો ધોરાજી તથા ઉપલેટા મઢમા રહેવાની ના પાડતા હતાં.જેથી તે ધોરાજી તથા ઉપલેટા વિસ્તારના ગામડામા ભીક્ષાવૃતિ કરવા માટે જતી ન હતી. ગઈકાલે બપોરના બે વાગ્યે તે તથા મિત્ર મનસુખ જાદવ ઉપલેટાથી એક્ટીવા લઈ ધોરાજીમા ધોબીને ત્યા  કપડા ધોવા માટે આપેલ હોય તે લેવા માટે ગયેલ હતા. ધોબીની દુકાન બંધ હોય જેથી જમવા માટે ત્રણ દરવાજા પાસે જતાં ત્યાં રીક્ષામાં મઢના સોનુ માસી, એશ્વર્યા માસી તથા અન્ય કિન્નરો આવેલ હતા અને બાઈક આગળ રીક્ષા ઉભી રાખી દીધી હતી. દરમિયાન અનુમાસી અને હીરમાસી પોતાનું એક્ટિવા લઈને ધસી આવ્યા હતા.તેમણે જ્ઞાતિ પ્રત્યે અપમાનિત કરી કહેલ કે, તુ કેમ અહીંયા માંગવા માટે આવેલ છો કહી માથાકુટ અને ઝપાઝપી કરી ગાળો આપવા લાગેલ હતા. ગાળો આપવાની ના પાડતાં તેને પકડી કાતર વડે હીરમાસીએ વાળ કાપી નાખેલ હતા અને મોબાઇલ તોડી નાખેલ હતો. બાદમાં સામાવાળાએ કહેલ કે, હવે તુ માંગીને બતાવ કેમ માંગવા જાય છે કહી જતાં રહેલ હતા. જે મામલે ફરિયાદીની ફરિયાદ પરથી ધોરાજી પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી આદરી હતી.

# પ્રેમજાળમાં ફસાવી લગ્નની લાલચે પરિણીતા સાથે દુષ્કર્મ

» કટકે કટકે 4 લાખ રોકડા અને સોનાના દાગીના પણ પડાવી લીધા

» પૈસા અને દાગીના પરત માંગતા ફડાકા માર્યા : યુનિવર્સીટીમાં ફરિયાદ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

શહેરમાં પરિણીતાને પ્રેમજાળમાં ફસાવી લગ્નની લાલચ દઈ તેની સાથે દેહસંબંધ બાંધી લઈ તેણીના દાગીના, રોકડા મળી લાખોની માલમત્તા પડાવી લેતાં અને પરિણીતાએ પોતાના રૂપિયા દાગીના પાછા માંગતા આ શખ્સે તેણીને ગાલ પર લાધ મારી ગાળો દેતાં મામલો પેલીસ સુધી પહોંચ્યો છે. પરિણીતા આરોપી શખ્સની ટેક્સીમાં આવ-જા કરતી હોઈ બે વર્ષ પહેલાં ઓળખાણ થયા બાદ આ શખ્સે તેણીને ફસાવી હતી અને શોષણ કર્યુ હોવાનો આરોપ મુકાયો છે. આ બનાવમાં યુનિવર્સિટી પોલીસે ભોગ બનનાર મહિલાની ફરિયાદ પરથી મનોજ જગદીશભાઈ નિમાઁવત નામના શખ્સ વિરૂધ્ધ બીએનએસની અલગ અલગ કલમો હેઠળ ગુનો નોંધ્યો છે. ભોગ બનનાર મહિલાએ ફરિયાદમાં જણાવ્યું છે કે વર્ષ ૨૦૨૪થી ૨૦૨૬ સુધીના ગાળામાં આરોપી મનોજે પરિચય કેળવી લગ્નની લાલચ આપી શરીર સંબંધ બાંધી લીધા હતાં. તેમજ અલગ અલગ બહાના કરી તેણીની પાસે રહેલા રૂા. ૪ લાખ રોકડ જ રચેકડા લઈ ગયો હતો.



આ ઉપરાંત સોનાના દગીના જેમાં રજવાડી સેટ, નાનો સેટ, ચાર બંગડી, વીંટી, બુટી, મંગલસુત્ર સહિતના દાગીના પોતાને લોન લેવી છે તેમ કહી લઈ ગયા બાદ પાછા આપ્યા નહોતાં અને વિશ્વસઘાત કર્યો હતો આ દરમિયાન ગઈકાલે રવિવારે રા મહિલાએ પોતાના રૂપિયા દાગીના પાછા માંગતા મનોજે રાતે એકાદ વાગ્યે ઘરે આવી ઝઘડો કરી મહિલાને લાફા મારી દીધા હતાં અને ભુંડી ગાળો દીધી હતી. અંતે તેણીએ યુનિવર્સિટી પોલીસને જાણ કરતાં પીઆઈ કે. કે. ગૌહિલની રાહબરીમાં પીએસઆઈ આઈ. એ. બેલીમે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે પ્રાથમિક તપાસમાં ખુલ્યા મુજબ ભોગ બનનાર મહિલાને એક સંતાન છે અને હાલ તેણી પતિથી અલગ રહે છે, જો કે છુટાછેડા થયા નથી. તેણી અગાઉ જુનાગઢ નોકરી કરતી હોઈ આરોપી રોપી મનોજની ટેક્સીમાં આવ જા કરતી હોઈ બે વર્ષ પહેલા બંને વચ્ચે ઓળખાણ થઈ હતી. આ પછી આરોપી મનોજ સાથે રીલેશનશીપ શરૂ થઈ હતી. મનોજે પ્રેમજાળમાં ફસાવી લગ્નની લાલચ આપી હતી અને શારીરિક શોષણ સાથે સાથે આર્થિક શોષણ પણ કર્યુ હતું. આ ઉપરાંત મહિલાને મારકુટ કરતાં અંતે તેણીએ પોલીસ ફરિયાદ નોંધાવતા પોલસીએ આરોપીને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે.

### બે મહિના પૂર્વે એલસીબીએ દરોડો પાડ્યો હતોઃ સેમ્પલો ફેઈલ થયા

# શાપરમાં નકલી જંતુનાશક દવાનું ઉત્પાદન કરતા બે માલિકો સામે ગુનો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

શાપરમાં આવેલ તિર્થ બાયોટેક ઈન્ડસ્ટ્રીઝમાં અંદાજે બે માસ પહેલાં એલસીબીએ દરોડો પાડી નકલી જંતુનાશક દવાઓ વેચવાનું કારસ્તાન ઝડપી લીધું હતું. લેબોરેટરી રિપોર્ટ આવ્યા બાદ કારખાનાના સંચાલક જીતેશ મનસુખ વઘાસીયા અને અશ્વિન લાલજીભાઈ સાવલીયા (રહે. બંને આકાર હાઈટ્સ, વાવડી) વિરૂધ્ધ શાપર પોલીસમાં ગુનો નોંધાયો છે. એલસીબીર્ને આરોપીઓ ખોટા નામની કંપનીઓના લેબલ લગાડી, હલકી ગુણવત્તાવાળી જંતુનાશક દવાઓનું ઉત્પાદન કરી વેચાણ કરતા હોવાની માહિતી મળતાં ગઈ તા. ૧૭ ઓગષ્ટના રોજ દરોડો પાડયો હતો. સ્થળ પરથી લુઝ કેમિકલનો જથ્થો અને બીજા નમૂના લઈ તેને લેબોરેટરીમાં મોકલી આપ્યા હતા. ફરિયાદમાં જણાવાયા મુજબ જે સેમ્પલો લેવાયા હતા તેમાંથી ૧૬ સેમ્પલો ફેલ થયા હતા. જેતે વખતે સ્થળ પરથી કુલ રૂા.૯.૯૧ લાખનો મુદ્દામાલ કબજે કરાયો હતો. આરોપીઓ વિરૂધ્ધ બીએનએસની જુદી-જુદી કલમો અને જંતુનાશક દવા અધિનિયમ-૧૯૬૮ની કલમો હેઠળ ગુનો નોંધાયો છે.

# કરમાળ કોટડા ગામેથી ગાંજાનું વાવેતર કરનાર ખેડૂતની ધરપકડ

### 10.485 કિલો ગાંજો જપ્તઃ બંધાણી હોય પીવા માટે જ વાવ્યો હતો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ એસપી વિજયસિંહ ગુર્જર દ્વારા 'સે નો ટુ ડ્રગ્સ' મિશન અંતર્ગત માદક પદાર્થના વેંપલા અને સેવનને અટકાવવા અસરકારક કામગીરી કરવાની આપેલ સૂચનાથી રૂરલ એસઓજી પીઆઈ એફ.એ.પારગીના માર્ગદર્શન હેઠળની ટીમો આટકોટ પોલીસ મથક વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. દરમિયાન કરમાળ કોટડા ગામની સીમમાં સારણ નદી પાસે એક શખ્સે પોતાની વારસાઈ વાડીમાં ગેરકાયદે વનસ્પતિજન્ય ગાંજાનું વાવેતર કર્યું છે તેવી હકીકત રૂરલ એસઓજી ટીમને મળી હતી. જે હકીકતના આધારે રૂરલ એસઓજી પીએસઆઈ પી બી મિશ્રા, એએસઆઈ ક્રિપાલસિંહ જાડેજા, હેડ કોન્સ્ટેબલ પિયુષભાઈ અઘેરાં અને નૈમિષભાઈ મહેતા સહીતની ટીમે કરમાળ કોટડા ગામની સીમમાં દરોડો પાડી અહીંથી રૂ. ૫,૨૪,૨૫૦ ની કિંમતનો ૧૦.૪૮૫ કિલોગ્રામ વજન ધરાવતા ગાંજાના ત્રણ છોડ કબ્જે કરી માદક પદાર્થનું વાવેતર કરનાર ખેડૂત લાભુ કરશન ચાવડા (રહે. દેતડીયા, કોટડાસાંગાણી, રાજકોટ)ની ધરપકડ કરી એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. દરોડા અંગે પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી અનુસાર વાવેતર કરનાર ખેડૂત લાભુ ચાવડા પોતે ગાંજાનો બંધાણી હોય પોતાના સેવન અર્થે જ વાવેતર કર્યાની કબૂલાત આપી હતી.

# શાપરમાં ઝેરી દવા પી, ચુંદડીથી ગળેફાંસો ખાઈ સગીરાનો આપઘાત

**સિટી ન્યૂઝ@રાજકોટ**

શાપરમાં આનંદ ગેઈટમાં ભૂમિ ઈન્ડસ્ટ્રીઝ પાસે રહેતી ખુશ્બુ વિજયકુમાર બીન્દ (ઉ.વ.૧૪) ગઈકાલે બપોરે રૂમમાંથી બેભાન મળતાં કાકા રાજેન્દ્ર બીન્દે સારવાર માટે શાપર હોસ્પિટલમાં ખસેડી હતી. પરંતુ તબિબે મૃત જાહેર કરતાં શાપર પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી. ખુશ્બુએ ગળામાં ચુંદડી વિંટાળી બંને છેડા ખેંચીને ગળાફાંસો ખાઈ લીધાનું અને એ પહેલા ઝેરી દવા પણ પીધાનું તેણીના કાકાએ જણાવતાં શાપર પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી. મોતનું ચોક્કસ કારણ જાણવા મૃતદેહને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે રાજકોટ ખસેડાયો હતો. મૃત્યુ પામનાર ખુશ્બુ બે બહેન અને એક ભાઈમાં નાની હતી. તેના પિતા યુપીમાં છુટક કામ કરે છે. તેના કાકા રાજેન્દ્ર અને કાકી શાપર રહેતાં હોઈ તેને નાની દિકરી હોઈ તેની દેખરેખ માટે તેણી પાંચેક મહિના પહેલા યુપીથી અહિ શાપર આવી હતી. તેણે આપઘાત શા માટે કર્યો તેનાથી કાકા-કાકીએ પોતે અજાણ હોવાનું કહ્યું હતું. બે રૂમ હોઈ તેમાં એકમાં કાકા-કાકી રહેતાં હતાં અને બીજામાં ખુશ્બુ સુતી હતી. બપોરે કાકા બહારથી આવ્યા ત્યારે ખુશ્બુ બેભાન અને ગળામાં ચુંદડી વીંટાળેલી મળી હતી. બનાવની જાણ થતાં પિતા પણ યુપીથી રાતોરાત રવાના થઈ રાજકોટ પહોંચ્યા હતાં. બનાવ શંકાસ્પદ જણાતો હોઈ શાપર પોલીસે ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે મૃતદેહ રાજકોટ ખસેડયો હતો.

# પોલીસ સામે ગુનો નોંધવાના હુકમ પર સેશન્સ કોર્ટનો સ્ટે

## દુષ્કર્મ કેસના ફરિયાદીએ ભક્તિનગર પોલીસના PI, PSI અને ASI સામે અરજી કરી હતી

### ઈન્કવાયરી દાખલ કરી હુકમ મેળવનારે નીચેની અદાલતને ગેરમાર્ગે દોરીને હુકમ મેળવેલ છે- એડવોકેટ સુરેશ ફળદુ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

ભક્તિનગર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર, પોલીસ સબ ઈન્સ્પેક્ટર અને આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર સામે ગુનો નોંધવાનો નીચેની અદાલતનો હુકમ રાજકોટની સેશન્સ અદાલતે સ્ટે કર્યો છે. દુષ્કર્મના કેસમાં આરોપી તરીકે દર્શાવાયેલા કેયુર જયેશભાઈ જોષીએ આ કેસના ફરિયાદી મહિલા, તેમની મિત્ર અને પોલીસ અધિકારીઓ સામે અરજી કરી હતી. આ અરજીમાં થયેલા હુકમને પોલીસ અધિકારીઓએ રિવિઝન અરજીના માધ્યમથી પડકાર્યો હતો. સેશન્સ અદાલતે હાલના તબક્કે હુકમની અમલવારી પર સ્ટે આપ્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ, ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં તા. ૦૫/૦૫/૨૦૨૬ના રોજ કેયુર જયેશભાઈ જોષી વિરુદ્ધ દુષ્કર્મનો ગુનો નોંધાયો હતો. આ ગુનાની તપાસ PSI સી.ડી. અજોડિયા કરી રહ્યાં હતાં. તપાસ પૂર્ણ થયા બાદ આરોપી વિરુદ્ધ ચાર્જશીટ રજૂ કરવામાં આવી હતી.

ચાર્જશીટ રજૂ થયા બાદ આશરે બે મહિના પછી કેયુર જયેશભાઈ જોષીએ રાજકોટની એડિશનલ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસની અદાલતમાં અરજી કરી હતી. તેમાં દુષ્કર્મના કેસની ફરિયાદી મહિલા રોહિણી મૌલિકભાઈ પટેલ, તેમની મિત્ર તથા ભક્તિનગર



**એડવોકેટ સુરેશ ફળદુ**

પોલીસ સ્ટેશનના PI જયદીપસિંહ દિલીપસિંહ પરમાર, PSI ચેતના ધીરુભાઈ અજોડિયા અને ASI નિલેશભાઈ મૂળજી મકવાણાને પક્ષકાર બનાવી આરોપ મૂક્યો હતો કે તેમની મિલીભગતથી ખોટી ફરિયાદ નોંધવામાં આવી, ખોટી રીતે ધરપકડ કરવામાં આવી અને ખોટી ચાર્જશીટ રજૂ કરવામાં આવી હતી. આ તમામ સામે ગુનો નોંધવાની માંગણી કરવામાં આવી હતી.

આ અરજીના આધારે નીચેની અદાલતે તા. ૧૯/૦૯/૨૦૨૬ના રોજ સંબંધિત મહિલા, તેમની મિત્ર અને ત્રણેય પોલીસ અધિકારીઓ સામે ગુનો નોંધવાનો હુકમ કર્યો હતો. આ હુકમને પગલે પોલીસ અધિકારીઓએ એડવોકેટ સુરેશ ફળદુ મારફતે રાજકોટની સેશન્સ અદાલતમાં રિવિઝન અરજી દાખલ કરી હતી અને હુકમની અમલવારી પર સ્ટે આપવા માગણી કરી હતી.

રિવિઝન અરજીમાં રજૂઆત કરવામાં આવી હતી કે અરજી કરનારે નીચેની અદાલત સમક્ષ હકીકતો યોગ્ય રીતે રજૂ કરી ન હતી. કાયદાકીય પ્રક્રિયાના જરૂરી પ્રારંભિક તબક્કાઓનું પાલન થયું ન હોવાની પણ દલીલ કરવામાં આવી હતી. પોલીસ તરફે જણાવાયું હતું કે દુષ્કર્મના કેસમાં તપાસ પૂર્ણ થયા બાદ ચાર્જશીટ ઉચ્ચ અધિકારીઓની મંજૂરી અને જિલ્લા સરકારી વકીલની ચકાસણી બાદ અદાલતમાં રજૂ કરવામાં આવી હતી તથા અદાલતે તેને રેકોર્ડ પર લીધી હતી.

પોલીસ તરફે એવી પણ રજૂઆત કરવામાં આવી હતી કે દુષ્કર્મના કેસમાં આરોપીની અદાલત સમક્ષ રજૂઆત, જામીન અરજી અને ચાર્જશીટ રજૂ થવા સુધીના તબક્કે હાલની અરજીમાં કરાયેલા આક્ષેપો ઉઠાવવામાં આવ્યા નહોતા. અરજીમાં દર્શાવેલી હકીકતો અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાના આધારે પોલીસ અધિકારીઓએ પોતાની ફરજના ભાગરૂપે કાર્યવાહી કરી હોવાની દલીલ કરવામાં આવી હતી.

વધુમાં, પોલીસ તરફે કાયદાની સંબંધિત પ્રક્રિયાઓ, જેમાં કલમ ૧૫૪ની કાર્યવાહી અને કલમ ૨૧૦ સંદર્ભે રિપોર્ટ મેળવવાની બાબતનો સમાવેશ થાય છે, તેના પાલન વિના હુકમ કરવામાં આવ્યો હોવાની દલીલ પણ રજૂ કરવામાં આવી હતી. રિવિઝન અરજીનો અંતિમ નિર્ણય આવે તે પહેલાં નીચેની અદાલતના હુકમની અમલવારી ચાલુ રહે તો ગંભીર પરિણામો આવી શકે તેવી રજૂઆત સાથે તાત્કાલિક સ્ટે માગવામાં આવ્યો હતો.

અરજીમાં રજૂ કરાયેલી હકીકતો, દસ્તાવેજી પુરાવા અને પોલીસ અધિકારીઓના વકીલોની દલીલોને ધ્યાનમાં લઈને સેશન્સ અદાલતે રિવિઝન અરજીના અંતિમ ગુણદોષ અંગે કે સમગ્ર મામલાની વિગતવાર ચર્ચા કર્યા વિના હાલના તબક્કે સ્ટે આપવો ન્યાયના હિતમાં યોગ્ય માન્યો હતો. પરિણામે, ત્રણેય પોલીસ અધિકારીઓ સામે ગુનો નોંધવાના નીચેની અદાલતના હુકમની અમલવારી પર સ્ટે આપવામાં આવ્યો છે.

આ કેસમાં પોલીસ અધિકારીઓ તરફે રાજકોટના એડવોકેટ સુરેશ ફળદુ, ભુવનેશ શાહી, કૃણાલ શાહી, ચેતન ચોવટિયા, જસ્મીન દુધાગરા, જય પીઠવા, યુવરાજ વેકરિયા, ભાવિન ખૂંટ, સાહિલ કંટારિયા અને નીરવ ડોંગા રોકાયેલા હતા. તેમને આર્યન કોરાટ, જયમલ મકવાણા, રાહિલ ફળદુ, રાજદીપ વેકરિયા અને પૃથ્વી ગોસાઈએ મદદ કરી હતી.

# કચ્છના રણમાં જુગારધામ પર પોલીસની રેડ, 11 ઝડપાયા

## 7 કિ.મી. અંધારામાં પગપાળા ચાલી પધ્ધર પોલીસનું ઓપરેશન

**સિટી ન્યૂઝ@ભુજ**

કચ્છના બેરડો અને લોડાઈ ગામથી આગળ આવેલા એકલ રણ વિસ્તારમાં પધ્ધર પોલીસે જુગારધામ પર ઓચિંતી રેડ પાડી ૧૧ શખ્સોને ઝડપી લીધા હતા. પોલીસની ટીમે અંધારામાં આશરે ૭ કિ.મી. પગપાળા ચાલીને આ ઓપરેશન હાથ ધર્યું હતું. દરોડા દરમિયાન રૂ. ૭,૫૫,૭૦૦નો મુદ્દામાલ જપ્ત કરાયો હતો, જ્યારે ૮ શખ્સો ફરાર થઈ ગયા હતા.



પોલીસે સ્થળ પરથી રૂ. ૧.૧૦ લાખ રોકડા, ૧૦ મોબાઈલ ફોન, પાંચ ટુ-વ્હીલર અને ફોર-વ્હીલર વાહનો સહિત એલઈડી લાઇટ, લાકડાનું પાટિયું અને ધાણી-પાસા કબજે કર્યા હતા. પકડાયેલા ૧૧ આરોપીઓ ભુજ તાલુકાના વિવિધ ગામોના રહેવાસી હોવાનું જણાવાયું છે. ફરાર ૮ શખ્સોને ઝડપી પાડવા પોલીસે તપાસ તેજ કરી છે.

આ સફળ અને પ્રશંસનીય કામગીરી પધ્ધર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એ.ડી. ખાંટના સક્ષમ માર્ગદર્શન હેઠળ હાથ ધરવામાં આવી હતી. ચોક્કસ બાતમી મેળવવામાં એ.એસ.આઈ. રામસંગજી સાહેબજી સોઢા અને એ.એસ.આઈ. વિરેન્દ્રસિંહ ભુપેન્દ્રસિંહ પરમારની મહત્વપૂર્ણ ભૂમિકા રહી હતી.

પોલીસની આ સફળ કામગીરીથી અસામાજિક તત્વોમાં ફફડાટ ફેલાયો છે અને રણ સરહદી વિસ્તારોમાં શાંતિ અને સુરક્ષાનો સકારાત્મક સંદેશ ગયો છે. પોલીસે ફરાર ૮ આરોપીઓને ઝડપી પાડવા ચક્ર ગતિમાન કર્યા છે.

# કેદીઓ સુરંગમાં હતા અને અચાનક માટી પડવા લાગી એટલે બધા બહાર તરફ ભાગ્યા

મહંમદને લાગી રહ્યું હતું એક સાધો ત્યાં તેર તુટે તેવી સ્થિતિ સર્જાઈ હતી, જે દિવસે જેલર કૌશીક પંડયા અચાનક રાઉન્ડ લેવા આવી પહોંચ્યા તેના બીજા દિવસે સવારે સુરંગમાં ઉતરી અબુ અને રીયાઝ કામ કરી રહ્યા હતા, હવે નવી વ્યવસ્થા પ્રમાણે જ્યારે બે સાથીઓ સુરંગમાં કામ કરતા હોય ત્યારે બે સાથીઓએ કોઈના કોઈ બહાને વોર્ડના દરવાજા પાસે વોર્ડન સાથે વાત કરતા બેસી રહેવાનું હતું, તેનું કારણ એવું હતું કે વોર્ડના દરવાજા ઉપર બે સાથીઓ બેઠા હોય તો દુરથી કોઈ અધિકારી તેમની બેરેક તરફ આવી રહ્યા હોય તેની જાણકારી મળે અને મહંમદની સૂચના પ્રમાણે કોઈ અધિકારી આવી પહોંચે તો કોઈને કોઈ કારણસર તે દરવાજા પાસે જ રોકાઈ જાય, તે માટે જેલમાં Jail તેમને ઘણી તકલીફો છે તેવી સાચી ખોટી ફરિયાદ કરી જેલ અધિકારીને વોર્ડના દરવાજા ઉપર જ ગુંચવી નાખવાના હતા.

તે દિવસે યુનુસ અને પરવેઝની ડયૂટી વોર્ડના દરવાજા ઉપર હતી જ્યારે મહંમદ , યુસુફ , ચાંદ અને દાનીશ વોર્ડમાં ઝાડ નીચે બેઠા હતા, જો કે મહંમદ વાત કરી રહ્યો હોવા છતાં તેનું ધ્યાન સતત આસપાસ ફરી રહ્યું હતું, ત્યારે જ તેનું ધ્યાન બેરેકની આડમાં ઊભા રહેલા અબુ તરફ ગયુ, અબુ સંતાઈ મહંમદનું ધ્યાન દોરવા માટે ઈશારો કરી રહ્યો હતો, તે આખો માટીવાળો હતો. તેના માથામાં પણ માટી હતી, અચાનક આ રીતે અબુને જોઈ મહંમદને આશ્ચર્ય થયું હતું, મહંમદની નજર જે તરફ ગઈ તેની સાથે યુસુફ અને ચાંદ-દાનીશની - નજર પણ તે તરફ ગઈ, મહંમદે બાજુમાં બેઠેલા યુસુફના પગ ઉપર હાથ મુકી કહ્યું તમે અહીંયા જ બેસો હું, જોઈ લઉ શું થયું, મહંમદ એકદમ સહજતાથી ઊભો થયો. તેણે દરવાજા તરફ જોયું યુનુસનું ધ્યાન અંદર તરફ હોવાને કારણે તેને લાગ્યુ કે કઈક થયું છે પણ શું થયુ તેની ખબર પડી નહીં, પણ મહંમદ બેરેકની પાછળ તરફ કેમ જઈ રહ્યો છે તેવો પ્રશ્ન થયો, મહંમદે તેને આંખના ઈશારો કહ્યું પછી વાત કરી કરીએ. યુનુસે બેરેક તરફ આવી રહેલા બંન્ને તરફના રસ્તા ઉપર નજર કરી, સામાન્ય કેદીઓની અવરજવર સિવાય કોઈ ન્હોતુ.મહંમદ આસપાસ જોતો જોતો બેરેકની પાછળ તરફ જવા લાગ્યો તેને ડર હતો કે ક્યાંક અબુ જે સ્થિતિમાં હતો તેને બીજુ કોઈ જોઈ જાય નહીં. તે બેરેકની આડમાં રહેલા અબુ પાસે ગયો, તે કઈ પુછે તે પહેલા અબુ કહ્યું મેજર સાહબ ગરબડ હો ગયા, મહંમદે તેની સામે




પ્રશ્નાર્થ નજરે જોયુ, અબુ સામે જોયુ અબુ કહ્યું મેજર અબ ઉપર સે મીટી ગીરને લગી હૈ, તેમ કહી તેણે પોતાના માથા ઉપર પડેલી માટી બતાડતા કહ્યું, મહંમદે વિચાર કરીને પુછ્યું બહુત જયાદા મીટીગીરી, અબુએ કહ્યું એક મીટી કા બડા સ્લેબ મેરે સર પર હી ગીરા ઈસીલીયે મેં જલદી બહાર આ ગયા, મહંમદને થયુ સારૂ થયુ અબુ બહાર આવી ગયો જો વધુ માટી પડી હોત તો કદાચ અબુ દટાઈ પણ ગયો હોત. મહંમદે એક વખત પાછળ જોયું અને પછી પુછ્યું રીયાઝ કહા હૈ, અબુ કહ્યું વહ તો બહાર હી ખડા હૈ,, મહંમદ તેની સાથે બેરેકની પાછળ તરફ ગયો રીયાઝ સુરંગના મોઢા પાસે બેઠો હતો, મહંમદે સુરંગના મોઢાની અંદર તરફ નજર કરી અંદરની સ્થિતિ જાણવાનો પ્રયત્ન કર્યો, પણ ત્યાંથી કઈ દેખાય તેવું ન્હોતુ, તેને ચિંતા થવા લાગી, તેણે કહ્યું એક કામ કરો અભી સે કામ બંધ કરદો મુઝે કુછ ઔર કરના હોગા, મહંમદે કહી તો દીધુ કો મુઝે કુછ ઔર કરના હોગા પણ શું કરવુ તેની તેને પોતાને જ પણ ખબર ન્હોતી.

તેણે અબુ અને રીયાઝને Riaz ન્હાઈ લેવાની સૂચના આપી, તે પાછો ઝાડ નીચે ઓટલા ઉપર આવી બેઠો, યુસુફે મહંમદનો ગંભીર ચહેરો જોઈ પુછ્યું શું થયું કોઈ ગરબડ છે, મહંમદે કહ્યું સુરંગમાંથી ઉપરની તરફથી માટી પડવા લાગી છે, દાનીશે Danush પુછ્યું તો અબ કયા કરેંગે મેજર... પ્રશ્ન સાંભળી મહંમદને પણ ગુસ્સો આવ્યો તેને લાગ્યું કે બધી જ ચિંતા તેને કરવાની અને બધા જ પ્રશ્નનો હલ પણ તેને જ શોધવાના. મહંમદ વિચાર કરી રહ્યો હતો, ત્યારે વોર્ડન પાસે ઊભો રહેલો યુનુસ અંદર આવ્યો, તેણે જોયું તો મહંમદ ચિંતામાં હતો, તેણે યુસુફ સામે જોયું, એટલે જ તેણે વાત કરતા કહ્યું અબુ ખોદી રહ્યો હતો ત્યારે એકદમ ઉપરથી માટી પડવા લાગી, યુનુસને લાગ્યું કે મામલો તો ગંભીર છે, જો માટી પડવા લાગે તો કામ કરતી વખતે જ કોઈ દટાઈ જાય, તેણે એક મિનિટ સુધી વિચાર કર્યો અને પછી તેને કઈક યાદ આવ્યું હોય તેમ તેણે કહ્યું મેજર મારી પાસે તેનો રસ્તો છે, આ વાકય



પ્રશાંત દયાળ

સાંભળતા મહંમદ સહિત બધાએ યુનુસ સામે જોયું, મહંમદને લાગ્યું કે પહેલી વખત તેની મદદે કોઈ આવ્યું. યુનુસે બધાના ચહેરાના હાવભાવ જોઈ કહ્યું રસ્તો હમણાં મારી પાસે નથી, મને થોડો ટાઈમ આપો, એકાદ દિવસમાં હું કોઈક રસ્તો શોધી કાઢીશ. મહંમદ તેની સામે જોવા લાગ્યો, તેને લાગ્યું કે એકાદ દિવસમાં તો યુનુસ શું કરી શકે, તેણે આંખ મીચકારી મહંમદને કહ્યું મહંમદ તમે મેજર છો તો હું કેપ્ટન છું મારે પણ મારુ કામ કરવું પડશે મહંમદ હસ્યો અને કહ્યું ઠીક હૈ કેપ્ટન અબ આપ ટીમ કો લીડ કરો, આ વાત ચાલતી હતી ત્યારે વોર્ડને બુમ પાડી ચાલો. મહંમદે દરવાજા તરફ જોયું તો જેલ સીપાઈ Jail તેમને લેવા માટે ઊભા હતા.

હવે તેમને કૌશલ્ય કેન્દ્રમાં જવાનો સમય થયો હતો, મહંમદે ધીમા અવાજે યુસુફને કહ્યું અબુ ઔર રીયાઝ Riaz કો બહાર બુલાલે, ત્યાર પછી બધા કૌશલ્ય કેન્દ્રમાં જવા માટે નિકળ્યા આજે સ્થિતિ જુદી હતી, રોજ મહંમદ બધી બાબતોનો વિચાર કરતો હતો, આજે તેની સાથે વિચારની પ્રક્રિયામાં યુનુસ પણ જોડાયો હતો. યુનુસ કલાસ રૂમમાં બેઠો હતો પણ તેના વિચારો કઈ રીતે સુરંગમાં ઉપરથી પડી રહેલી માટીને રોકી શકાય તે દિશામાં ચાલી રહ્યા હતા, આ આઠ પૈકીને કોઈને ખબર ન્હોતી યુનુસે લાંબો સમય એક સિવિલ એન્જીનિયરીંગ કંપનીમાં કામ કર્યું હતું, તે સિવિલ એન્જીનિયર ન્હોતો પણ તેને એન્જીનિયરીંગના પ્રાઈમરી ફન્ડાની ખબર પડતી હતી, તે બહાર હોત તો કદાચ તેના જુના સાથીઓને તેનો હલ પુછતો પણ જેલમાં Jail તેણે જાતે જ રસ્તો કરવાનો હતો. તેનું ધ્યાન કલાસમાં ન્હોતુ, તેને ભણાવી રહેલા સરએ પુછ્યું યુનુસ કયાં છો આજે, યુનુસ જાણે પકડાઈ ગયો હોય તેવું થયું. તેણે કહ્યું સર Sir કઈ નહીં એક પુસ્તક વિશે વિચારી રહ્યો હતો, તે સરને પણ સારૂ લાગ્યું અને આશ્ચર્ય થયું કે યુનુસને પુસ્તકના પણ વિચાર આવે છે. તેમણે પુછ્યું કયા પુસ્તક વિશે વિચારે છે. યુનુસે કહ્યું સર મને તેનું નામ યાદ નથી પણ તમે મને લાયબ્રેરીમાં જવાની મંજુરી આપો તો હું લાયબ્રેરીમાં જઈ આવીશ, સરે કહ્યું તો લાયબ્રેરીમાં જતા કોણ રોકે છે. યુનુસે ત્યાં હાજર જેલ સિપાઈ સામે જોયું, સર સમજી ગયા તેમણે સિપાઈને કહ્યું તમે તેમની સાથે લાયબ્રેરીમાં જજો, પણ યુનુસને જે પુસ્તક જોઈ છે તે વાંચવા દેજો, સિપાઈએ યુનુસ સામે જોયું તેને મનમાં થયુ આ મીયાઓનો કોઈ નવો દાવ લાગે છે.

(ક્રમશઃ)



# રાજકોટમાં રઘુવંશી સમાજનો છઠ્ઠો શસ્ત્રપૂજન મહોત્સવ યોજાશે

## વિજયાદશમીએ શસ્ત્રપૂજન સાથે શૌર્ય વંદના લોકડાયરાનું આયોજન, લોકસાહિત્યકાર પ્રેમ ઠક્કર જમાવશે રમઝટ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

ભારતીય સંસ્કૃતિ, સનાતન ધર્મ અને લોકસાહિત્યની પરંપરાને ઉજાગર કરવાના હેતુથી શ્રી રઘુવંશી યુવા શક્તિ સંઘ રાજકોટ દ્વારા આગામી તા. ૨૦/૧૦/૨૦૨૬ ને મંગળવાર, વિજયાદશમીના પાવન અવસરે સંસ્થાના 'છઠ્ઠા રઘુવંશી શસ્ત્ર પૂજા મહોત્સવ-૨૦૨૬' અને 'શૌર્ય વંદના' લોકડાયરાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ ભવ્ય મહોત્સવ રાજકોટ શહેરના રૈયા રોડ પર આવેલ પ્રમુખસ્વામી ઓડિટોરિયમની બાજુમાં, રાજકોટ મહાનગરપાલિકાના ટી.પી. પ્લોટ (વીર રાણા જશરાજજી ગ્રાઉન્ડ) ખાતે ધામધૂમથી ઉજવાશે. કાર્યક્રમ અંગે વિગતવાર માહિતી આપતા સંસ્થાના સંસ્થાપક અને ગુજરાત પ્રમુખ કે.ડી. રઘુવંશી (કાછેલા ધવલ) એ જણાવ્યું હતું કે, રઘુવંશી સમાજ એ પ્રાચીન ક્ષત્રિય કુળ છે, જે અખંડ ભારતના સરહદી વિસ્તારોમાં વિધર્મીઓ દ્વારા થતા આક્રમણો સામે પોતાના પ્રાણોની આહુતિ આપીને દેશ તથા ધર્મની રક્ષા કરતો આવ્યો છે. તેઓએ કચ્છ-ભુજનો એક ઐતિહાસિક અને પ્રેરણાદાયી કિસ્સો ટાંકતા જણાવ્યું કે, જ્યારે કચ્છ રાજવી રાજા રાયધને મુસ્લિમ ધર્મ અંગીકાર કરીને ભુજના રાજમહેલ પર આક્રમણ કર્યું હતું, ત્યારે ત્યાંના મહારાણીએ રઘુવંશી વીર મેઘજી શેઠને સંદેશો મોકલી રક્ષા કરવાનું જણાવ્યું હતું. આ સમયે રઘુવંશી ક્રાંતિવીર મેઘજી શેઠ દાદાએ ૯૦૦ ઘોડેસવારો સાથે ધર્મ અને દેશની રક્ષા માટે કૂચ કરી હતી અને બાદમાં રાજા રાયધનને કેદ કરી, ઈતિહાસના પ્રથમ લોકતંત્ર એવા 'બારભાયા રાજ્ય' ની સ્થાપના કરી હતી. આ જ ગૌરવવંતી ક્ષત્રિય પરંપરા અને શૌર્યને ઉજાગર કરવા માટે રઘુવંશી યુવાનો દ્વારા દર વર્ષે વિજયાદશમીના પર્વે શસ્ત્ર પૂજનનું આયોજન કરવામાં આવે છે. આ ગરિમામય કાર્યક્રમમાં રઘુવંશી સમાજ તેમજ અન્ય સમાજના રાજકીય અને સામાજિક આગેવાનો, શ્રેષ્ઠીઓ, સરકારી વિભાગના અધિકારીઓ તેમજ કર્મચારીઓ વગેરે વિશેષ ઉપસ્થિત રહેવાના છે.

આ મહોત્સવની શરૂઆત નિર્ધારિત ક્રમ અનુસાર બપોરે ૦૨:૩૦ થી ૦૪:૩૦ કલાક દરમિયાન કાર્યક્રમમાં ઉપસ્થિત રહેનાર રઘુવંશી વીરો માટેના સાફા બાંધવાના કાર્યક્રમથી થશે. ત્યારબાદ બપોરે ૦૪:૩૦ કલાકે વૈદિક મંત્રોચ્ચાર સાથે ભવ્ય 'શસ્ત્ર પૂજા' નો પ્રારંભ કરવામાં આવશે, જે રાષ્ટ્રરક્ષા, ધર્મરક્ષા, ગૌ-રક્ષા, સ્ત્રીરક્ષા અને સ્વરક્ષાના પવિત્ર સંકલ્પ સાથે યોજાશે. શસ્ત્ર પૂજન સંપન્ન થયા બાદ, સાંજે ૦૫:૩૦ કલાકે કાર્યક્રમમાં પધારેલા આમંત્રિત મહાનુભાવો અને અતિથિ વિશેષોનો ભવ્ય 'સન્માન સમારોહ' યોજવામાં આવશે. આ સન્માન સમારોહ બાદ, સાંજે ૦૬:૩૦ કલાકથી રાત્રે ૦૮:૩૦ કલાક સુધી શસ્ત્ર પૂજાના તમામ ભાગીદારો અને અતિથિઓ માટે સંસ્થા દ્વારા 'અલ્પાહાર' (પ્રસાદ) ની વ્યવસ્થા રાખવામાં આવી છે. ત્યારબાદ રાત્રે ૦૯:૩૦ કલાકે આ મહોત્સવના મુખ્ય આકર્ષણ સમાન ભવ્ય 'શૌર્ય વંદના' લોકડાયરાની ધમાકેદાર રમઝટ જામશે.

જેમાં રઘુવંશી યુવા શક્તિ સંઘ રાજકોટના પ્રાથમિક કાર્યકર્તા, સનાતન ધર્મના ઉપાસક અને ગર્વથી કાઠિયાવાડી એવા પ્રખ્યાત નવયુવાન લોકસાહિત્યકાર પ્રેમ ઠક્કર દુહા-છંદ, રાસ-ગરબા, સપાખરા, લોક અને ચારણી સાહિત્યની રમઝટથી લોકોને મંત્રમુગ્ધ કરશે. "મારી ભાષા, મારું ગૌરવ' અને 'ધર્મો રક્ષતિ રક્ષિતઃ* ના જીવનમંત્રને વરેલા પ્રેમ ઠક્કર આજના જનરેશન-ઝેડ (Gen-Z) ના યુવાનોમાં નવા આધ્યાત્મિક ટ્રેન્ડ અને રાષ્ટ્રહિતની પ્રેરણા જગાવવા માટે ખૂબ લોકપ્રિય છે. તેઓ પોતાના આગવા સાહિત્યસભર લોકહાસ્ય અને પ્રભાવશાળી વાણીના માધ્યમથી લાખો લોકો સુધી અવિરત લોકજાગૃતિનું ભગીરથ કાર્ય કરી રહ્યા છે. પરમ પૂજ્ય સંત શિરોમણી જલારામબાપાના પરમ આશીર્વાદ ધરાવતા એવા આ યુવા કલાકાર સમગ્ર દેશમાં ૧૫૦ થી વધુ ધાર્મિક અને રાષ્ટ્રીય મંચ પર સફળ પ્રસ્તુતિઓ આપી ચૂક્યા છે.

આ ભવ્ય આયોજનને સફળ બનાવવા માટે શ્રી રઘુવંશી યુવા શક્તિ સંઘના પ્રદેશ પ્રમુખ કે.ડી. રઘુવંશી (કાછેલા ધવલ), ગુજરાત પ્રભારી કુલદીપ રઘુવંશી, ગુજરાત ઉપપ્રમુખ પાર્થ જોબનપુત્રા, કાનૂની સલાહકાર જયભારત ધામેચા, સૌરાષ્ટ્ર પ્રમુખ કિશન ઉનડકટ, સૌરાષ્ટ્ર ઉપપ્રમુખ પ્રતીક રાચ્છ, મોરબી જિલ્લા ઉપપ્રમુખ રક્ષિત કાનાબાર તેમજ રાજકોટ શહેર સંગઠનના વોર્ડ વાઈઝ સંયોજકઓ, સહ-સંયોજકઓ, વોર્ડ પ્રમુખઓ તેમજ સંગઠનની 'વિજયાદશમી મહોત્સવ - ૨૦૨૬' સમિતિના તમામ હોદ્દેદારો અને કાર્યકર્તાઓ રાત-દિવસ જહેમત ઉઠાવી રહ્યા છે. સનાતન ધર્મના સંગઠનને વધુ મજબૂત કરવા અને રાષ્ટ્રભક્તિના રંગમાં રંગાવા માટે સંસ્થા દ્વારા તમામ ધર્મપ્રેમી અને રાષ્ટ્રપ્રેમી જનતાને આ તમામ કાર્યક્રમોમાં સમયસર પધારવા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. આ સાથે સિટી ન્યૂઝની મુલાકાતે કૃણાલભાઈ હિંડોચા, આનંદભાઈ તન્ના, આદિત્યભાઈ ખેધેડિયા, રચિતભાઈ તન્ના, રોનકભાઈ કટારિયા, રાજભાઈ સોમૈયા, કપિલભાઈ ચોટાઈ, દર્શનભાઈ પૂજારા, પ્રિતભાઈ જોબનપુત્રા, દેવભાઈ જોબનપુત્રા, રામભાઈ લાલચેતા, દિલીપભાઈ તન્ના, નૈતિકભાઈ આડતિયા આવ્યા હતા.



# રૈયાધાર સનસિટી હેવનમાં ભૂલકાંઓએ શ્રીનાથજીની મનમોહક ઝાંખી રજૂ કરી

## રૈયાધારમાં નવરાત્રિ મહોત્સવમાં ભક્તિ અને સંસ્કૃતિનો સંગમ, બાળ કલાકારોની પ્રસ્તુતિએ સૌને મંત્રમુગ્ધ કર્યા

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રૈયાધાર સ્થિત સનસિટી હેવન સોસાયટીમાં આયોજિત નવરાત્રિ મહોત્સવ દરમિયાન ભક્તિ, ભાવના અને સંસ્કૃતિનો અનોખો સંગમ જોવા મળ્યો હતો. સોસાયટીનાં નાનાં ભૂલકાંઓએ મહાપ્રભુજી, શ્રીનાથજી અને રાધારાણીજીની અલૌકિક તથા આબેહૂબ ઝાંખી રજૂ કરી ઉપસ્થિત સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા.આ કાર્યક્રમમાં રીદિયા મંકોડિયાએ મહાપ્રભુજીનું, નિયતિ આડેસરાએ શ્રીનાથજીનું અને વેદા ચાપડિયાએ રાધારાણીજીનું સ્વરૂપ ધારણ કરી મનોહર પ્રસ્તુતિ આપી હતી. બાળકોની દિવ્ય વેશભૂષા, હાથમાં વાંસળી, મોરપિચ્છનો મુગટ અને ભાવસભર મુદ્રાઓએ સમગ્ર વાતાવરણને ભક્તિમય બનાવી દીધું હતું. તેમની પ્રસ્તુતિ નિહાળીને ઉપસ્થિત લોકોને વ્રજધામ અને નાથદ્વારાની આધ્યાત્મિક અનુભૂતિ થઈ હતી.શ્રીકૃષ્ણ શરણં મમના નાદ સાથે રજૂ કરાયેલી ઝાંખી અને રાસે દર્શકોને ભાવવિભોર કર્યા હતા. બાળકોની સુંદર રજૂઆત કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ બની રહી હતી.

બાળકોમાં સંસ્કાર, ભક્તિભાવ અને સનાતન સંસ્કૃતિ પ્રત્યેની સમજ વિકસે તે હેતુથી તેજલબેન કોઠારી, સૃષ્ટિબેન શાહ અને સોનિયાબેન વસંતે બાળકોને જહેમતભર્યું માર્ગદર્શન આપ્યું હતું. તેમના માર્ગદર્શન હેઠળ બાળકોએ તૈયાર કરેલી આ કૃતિને ઉપસ્થિતોએ બિરદાવી હતી.

સનસિટી હેવન સોસાયટીના કમિટી પ્રમુખે જણાવ્યું હતું કે નવી પેઢીમાં સનાતન સંસ્કૃતિ અને આધ્યાત્મિક મૂલ્યોનું સિંચન થાય તે હેતુથી આ વિશિષ્ટ ઝાંખીનું આયોજન કરવામાં આવ્યું હતું.

# કારડિયા રાજપૂત સમાજ દ્વારા વિજયાદશમીએ શસ્ત્રપૂજન

**સિટી ન્યૂઝ@રાજકોટ**

કારડિયા રાજપૂત સમાજ, રામમંદિર-૨, રજપૂતપરા ખાતેની સમાજ ઉત્કર્ષ સમિતિ દ્વારા વિજયાદશમીના પર્વ નિમિત્તે શસ્ત્રપૂજન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ મંગળવાર, તા. ૨૦ ઓક્ટોબરના રોજ સવારે ૯ વાગ્યે મવડી ચોકડી પાસે ૧૫૦ ફૂટ રિંગ રોડ પર આવેલી કારડિયા રાજપૂત સમાજવાડી ખાતે યોજાશે. શસ્ત્રપૂજન કાર્યક્રમ પૂર્ણ થયા બાદ સમાજવાડી, મવડી ચોકડીથી રજપૂતપરા રામજી મંદિર સુધી બાઈક રેલી યોજાશે. કાર્યક્રમમાં ઉપસ્થિત રહેનારા સમાજના ભાઈઓને શસ્ત્રપૂજન માટે પોતપોતાનાં શસ્ત્રો સાથે લાવવા તેમજ સાફા બાંધીને આવવા અપીલ કરવામાં આવી છે. સમાજ ઉત્કર્ષ સમિતિના પ્રમુખ બહાદુરસિંહ ગોહેલ, ઉપપ્રમુખ કુલદીપસિંહ ભાટી, મંત્રી જસપાલસિંહ



## મવડી ચોકડીથી રજપૂતપરા રામમંદિર સુધી બાઈક રેલી યોજાશે, સમાજના ભાઈઓને શસ્ત્રો સાથે સાફા બાંધીને આવવા અપીલ

સોલંકી અને સહમંત્રી વજુભાઈ પરમાર દ્વારા આ અંગેની યાદીમાં માહિતી આપવામાં આવી છે. તેમણે કારડિયા રાજપૂત સમાજના ભાઈઓને શસ્ત્રપૂજન કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવ્યું છે. રાજેન્દ્રસિંહ સોલંકી, કલ્પેશ પરમાર, રાજુ સોલંકી અને કાના ગોહેલ દ્વારા સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરવામાં આવી રહ્યું છે.

# ગોંડલના મોવિયામાં મૂકબધિર પરિણીતા પર દુષ્કર્મ

**સિટી ન્યૂઝ@ગોંડલ**

ગોંડલ તાલુકાના મોવિયા ગામે મૂકબધિર પરિણીતા સાથે દુષ્કર્મની ઘટના સામે આવી છે. પતિની ફરિયાદના આધારે ગોંડલ તાલુકા પોલીસે ગામમાં જ રહેતા ગિરીશ ભીખુ જેઠવા (ઉં.વ. ૪૧) સામે દુષ્કર્મ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી તેની અટકાયત કરી છે. પોલીસમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, પીડિતાના પતિ કામ અર્થે બહાર ગયા હતા ત્યારે પરિણીતા ઘરે એકલી હતી. આ દરમિયાન દરજીકામ કરતા ગિરીશ જેઠવાએ ઘરે જઈ બળજબરીથી દુષ્કર્મ ગુજાર્યું હતું. બાદમાં પતિને આ અંગે જાણ થતાં તેમણે પત્ની સાથે વાતચીત કરી હતી. મૂકબધિર પરિણીતાએ સાંકેતિક ભાષામાં પોતાની આપવીતી જણાવી હતી.આ મામલે પતિએ ફરિયાદ નોંધાવતાં ગોંડલ તાલુકા પોલીસ મથકના પીઆઈ યુ.આર. ડામોર અને પીએસઆઈ જી.બી. જાડેજા સહિતની ટીમે કાર્યવાહી હાથ ધરી આરોપીની અટકાયત કરી હતી.

### શ્રીમદ્ રાજચંદ્ર ફાઉન્ડેશન તથા ડે. કલેકટર પંકજસિંહજી જાડેજા મેમોરીયલ ગૃપના સંયુક્ત ઉપક્રમે

# પી.ડી.માલવિયા કોમર્સ કોલેજે રક્તદાન કેમ્પ યોજાયો

### રક્તદાન કેમ્પમાં સૌએ સ્વ.પંકજસિંહજીની ફરજનિષ્ઠા, લોકાભિમુખ વહીવટ અને સેવાકાર્યોના સંસ્મરણો યાદ કર્યા હતા અને આ સ્તુત્ય કાર્યને બિરદાવી તથા સાચી શ્રધ્ધાંજલી અર્પણ કરી










**સિટી ન્યૂઝ@રાજકોટ**

ગુજરાત સરકારના કર્તવ્યનિષ્ઠ, બે વખતના રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા તેમજ નખશીખ પ્રમાણીક અને પોતાની કાર્યશૈલી દ્વારા લોકચાહના મેળવનાર સ્વ. પંકજસિંહજી કે જાડેજાની ૫૫ મી જન્મતિથિ નિમિત્તે મદ્ રાજચંદ્ર ફાઉન્ડેશન-રાજકોટ, પી.ડી. માલવિયા કોમર્સ કોલેજ-રાજકોટ તથા ડેપ્યુટી કલેકટર પંકજસિંહજી જાડેજા મેમોરીયલ ગૃપના સંયુક્ત ઉપક્રમે ૧૭/૧૦/૨૬ ના રોજ "રક્તદાન કેમ્પ" નું પી.ડી. માલવિયા કોમર્સ કોલેજમાં આયોજન કરવામાં આવેલ હતું. કેમ્પની શરૂઆતમાં દીપ-પ્રાગટ્ય બાદ તમામ મહેમાનોનું જાણીતા લેખક શૈલેષભાઈ સગપરીયા દ્વારા લખાયેલ પુસ્તક " નોખી માટીનો અનોખો માણસ -પંકજસિંહ જાડેજા" દ્વારા અભિવાદન કરવામાં આવેલ. અત્રે ઉલ્લેખનીય છે કે વર્ષ-૨૦૨૦ માં પંકજસિંહજી ના જીવન ઉપર લખાયેલ આ પુસ્તકને ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા શ્રેષ્ઠ પુસ્તકનો એવોર્ડ આપવમાં આવેલ.

આ રક્તદાન કેમ્પને બહોળો પ્રતિસાદ મળ્યો હતો અને તેમાં રાજકોટના નગરજનો, સામાજીક અગ્રણીઓ, NCC અને NSS ના કેડેટ તેમજ વિદ્યાર્થીઓ દ્વારા રક્તદાન કરવામાં આવ્યું હતું. સ્વ. શ્રી પંકજસિંહજી દ્વારા કરવામાં આવેલ સમાજ સેવા અને પરોપકાર પ્રવૃતિને સાચી શ્રધ્ધાંજલી આપવાના ભાગરૂપે આ રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. આ રક્તદાન કેમ્પમાં એકત્ર થયેલ રક્ત પી.ડી.યુ. સિવિલ હોસ્પિટલ, રાજકોટના દર્દીઓના લાભાર્થે અર્પણ કરવામાં આવેલ.

આ રક્તદાન કેમ્પમાં રાજકોટના લોકલાડીલા ધારાસભ્ય અને જાણીતા ઉદ્યોગપતિ રમેશભાઈ ટીલાળા, રાજકોટના પ્રથમ નાગરિક માનનીય મેયર ડૉ. નેહલભાઈ શુકલ, પંકજસિંહજી ના અનુજ અને રજીસ્ટ્રાર ડો. અજયસિંહ જાડેજા, રાજકોટ મહાનગર પાલિકાના શાસક પક્ષના નેતા ડૉ. હિરેનભાઈ ખીમાણીયા, પી.ડી. માલવિયા કોલેજના ટ્રસ્ટી ઘનશ્યામભાઈ હેરભા તથા ટ્રસ્ટીઓ, પી.ડી. માલવિયા કોમર્સ કોલેજના આચાર્ય ડૉ. કમલેશભાઈ જાની, ડીન ડો. યજ્ઞેશભાઈ જોશી, લો કોલેજના પ્રિ. મયુરસિંહ જાડેજા, મહેશભાઈ ચૌહાણ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી NSS આસી. પ્રોગ્રામ ઓફિસર પ્રા. કિશોરભાઈ ભેસાણીયા, સ્વ. પંકજસિંહજીના પરિવાર, મિત્રો, રાજપૂત સમાજના અગ્રણીઓ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અધિકારીઓ, અગ્રગણ્ય નાગરીકો તથા સામાજીક કાર્યકરો, વિદ્યાર્થીઓ સહિતના સૌ ઉપસ્થિત રહ્યા હતા.રક્તદાન કેમ્પમાં રાજકોટના ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા સાહેબે આશીર્વાદ આપતા કહ્યું હતું કે રક્તદાન એ મહાદાન છે . મેયર ડો. નેહલભાઈ શુક્લ સાહેબે જણાવ્યું હતું કે વિદ્યાર્થી જીવનમાં કરવામાં આવતું રક્તદાન મહાદાન છે. નિયમિત રક્તદાનનો સંકલ્પ કરીને માનવ જીવનને સફળ બનાવીએ. આચાર્ય ડો. કમલેશભાઈ જાની સાહેબે જણાવ્યું હતું કે વિદ્યાદાન રક્તદાન અને અન્નદાન ની ઉત્તમ પ્રવૃત્તિ આજે કોલેજ કેમ્પસમાં આકાર લઈ રહી છે. રક્તદાનથી અન્ય માનવીને જીવંત દાન મળે છે જીવન આનંદ મળે છે વધુને વધુ વિદ્યાર્થીઓ રક્તદાન કરે તે આજના સમયની માંગ છે. જાડેજા પરિવાર વતી ડો. અજયસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે અમારી પારિવારિક લાગણીને ધ્યાનમાં લઈને જે રક્તદાતાઓ વિદ્યાર્થીઓ અને સમાજના આગેવાનો આ કેમ્પમાં પધાર્યા છે તે માટે ઋણ સ્વીકારની લાગણી અનુભવું છું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન માલવિયા કોલેજના સિનિયર પ્રોફેસર ડોક્ટર દિપ્તીબેન ત્રિવેદી સાહેબે કર્યું હતું, જયારે આભાર દર્શન સેવા નિવૃત્ત પ્રોફેસર ડોક્ટર એમ એસ ચારણ સાહેબે કર્યું હતું. રક્તદાન કેમ્પ ને સફળ બનાવવા માટે પી ડી માલવિયા કોલેજના શૈક્ષણિક અને વહીવટી સ્ટાફે તેમજ મદ્ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનયભાઈ જસાણી , સિવિલ હોસ્પિટલના પેથોલોજી વિભાગના ડોક્ટર કરમટા સાહેબ તેમજ પેથોલોજી વિભાગના ઇન્ટર્ન ડોક્ટરોની ટીમે ભારે જહમત ઉઠાવી હતી.

# વડીલોના ચરણોમાં ઝૂકે છે તેને દુનિયામાં કોઈ ઝુકાવી શકતું નથીઃ નમ્રમુનિ

## જ્યાં Ego છે ત્યાં ઘર નથી, માત્ર ચાર દીવાલો છેઃ રાષ્ટ્રસંત શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના પાવન સાંનિધ્યમાં 3000 મેવાડી પરિવારોનું ભવ્ય મિલન




**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના પાવન સાંનિધ્યમાં રવિવાર, તા.૧૮ ઑક્ટોબર ૨૦૨૬ ના રોજ ઘાટકોપર ખાતે જૈન ઈન્ડિયા મેવાડ ઓર્ગેનાઈઝેશન દ્વારા શ્રમણ સંઘીય મહામંત્રી શ્રી સૌભાગ્યમુનીજી મહારાજ સાહેબની સ્મૃતિ સહ પરિવારો કા મહાકુંભ અંતર્ગત મેવાડ પરિવારોનું ભવ્ય મિલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અવસરે પરમ ગુરુદેવે પારિવારિક સંબંધોમાં પ્રેમ, વિનય, પરસ્પર સન્માન અને આત્મીયતાનું મહત્ત્વ સમજાવતાં પરિવારોજનોને એકતાના તાંતણે બંધાયેલા રહેવાના અનેક પ્રેરણાદાયી બોધ આપ્યા હતા તે સાથે જ શ્રી ઉવસગ્ગહર સ્તોત્રનો સામુહિક મહાનાદ ગૂંજી ઉઠ્યો હતો.

પરમ ગુરુદેવે કહ્યું કે, “રામ જીતી ગયા કારણ કે તેમની સાથે તેમના ભાઈ હતા. હવે તમારા ઘરને અયોધ્યા બનાવવું છે કે લંકા તે તમને નક્કી કરવાનું છે!” તેમણે સમજાવ્યું કે જ્યાં અહંકાર હોય ત્યાં ઘર નહીં, માત્ર ચાર દીવાલો હોય છે.

પરિવારમાં પરસ્પર સન્માન જાળવવા બાબતે ગુરુદેવે બોધ આપ્યો કે પરિવારમાં એકબીજાની ભૂલો શોધનારા રિપોર્ટર નહીં, પરંતુ એકબીજાના સપોર્ટર બનો. કારણ કે પરિવારના સાથ થકી જ સફળતા સાર્થક બને છે અન્યથા તે નિષ્ફળતા છે. પરમ ગુરુદેવે વડીલોના ચરણસ્પર્શમાં રહેલા વિનયનું મહત્ત્વ સમજાવતાં કહ્યું કે, “જે પ્રણામ કરે છે તેને દુનિયા કદાચ પરેશાન કરી શકે, પરાજિત નહીં.” પરમ ગુરુદેવે ખુશ રહેવાની ચાવી સમજાવતાં એ.ટી.એમ. એટલે કે એની ટાઈમ મુસ્કાનનો સંદેશ આપ્યો હતો. પોતાની પાસે દાન આપવા માટે કંઈ ન હોય તો પણ કોઈના ચહેરા પર સ્મિત લાવતું સ્માઈલ ડોનેશન જરૂર કરવું જોઈએ. તેમણે નો કમ્પેર, નો કંપ્લેનનો મંત્ર આપતાં સમજાવ્યું કે જ્યાં સરખામણી નથી ત્યાં ફરિયાદો પણ ઓછી થાય છે.આ અવસરે માતા-પિતા પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા પરિવારોને સંકલ્પ લેવડાવવામાં આવ્યો હતો. પરમ મહાસતીજી દ્વારા અનોખો પ્રયોગ કરાવવામાં આવતા સહુ બોધિત થયા હતા. પરમ ગુરુદેવે ફરમાવ્યું કે, “જે ચરણને ઓળખી શકે, તે આચરણને પણ ઓળખી શકે છે અને પ્રભુને પામી શકે છે.”આ સમગ્ર આયોજનનો શ્રેય જે.આઈ.એમ.ઓ.ના અગ્રણી શ્રી મહેન્દ્રભાઈ પગારિયાની ટીમને આપતાં પરમ ગુરુદેવે તેમના સમર્પણ અને સેવાભાવની ભાવપૂર્વક અનુમોદના કરી હતી. આ અવસરે નાથદ્વારામાં ઘોડાઘાટી ખાતે સૌભાગ્યવિલાનું સર્જન તેમજ નાસિકમાં વૃદ્ધાશ્રમના સર્જનની જાહેરાત કરવામાં આવેલ.  પરિવારને પ્રેમનું મંદિર, સંબંધોને સંસ્કારોની મૂડી અને વિનયને જીવનની સાચી વિજયશક્તિ ગણાવતો આ મહાકુંભ માત્ર પારિવારિક મિલન બનીને ન રહેતાં સંબંધોને નવી ઊષ્મા આપતો ભાવનાત્મક અવસર બની રહ્યો હતો. સંગીતકાર વિકીભાઈ પારેખના સંગીતના સૂરો સાથે પરમ ગુરુદેવના મંગલપાઠ સાથે કાર્યક્રમનું સમાપન થયું હતું.

### વિદેશની ધરતી પર પુષ્ટિમાર્ગનો વિસ્તાર

# કેનેડા બાદ ઓસ્ટ્રેલિયામાં હવે ધર્મજાગૃતિનો સંદેશ !

## પૂજ્ય શ્રી વ્રજરાજકુમારજી મહારાજશ્રીનો 22 દિવસનો કેનેડા પ્રવાસ પૂર્ણ; એડમન્ટનમાં નવા VYO મંદિરની જાહેરાત, 21 ઓક્ટોબરે સિડની જવા રવાના થશે

**સિટી ન્યૂઝ@રાજકોટ**

આંતરરાષ્ટ્રીય સ્તરે પુષ્ટિમાર્ગીય સંસ્કૃતિ, સનાતન ધર્મના શાશ્વત મૂલ્યો અને આધ્યાત્મિક ચેતનાના પ્રચાર-પ્રસાર માટે સતત કાર્યરત વૈષ્ણવાચાર્ય પૂજ્યપાદ ગોસ્વામી ૧૦૮ શ્રી વ્રજરાજકુમારજી મહોદયશ્રી કેનેડાનો ૨૨ દિવસનો સફળ આધ્યાત્મિક પ્રવાસ પૂર્ણ કરી ૧૮ ઓક્ટોબરના રોજ વડોદરા પધાર્યા હતા. વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશન (VYO)ના પ્રેરણાસ્ત્રોત અને સ્થાપક પૂજ્ય શ્રી વ્રજરાજકુમારજી મહારાજશ્રીના આ પ્રવાસ દરમિયાન કેનેડાના વિવિધ શહેરોમાં ધાર્મિક, આધ્યાત્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવાસ દ્વારા વિદેશમાં વસતા પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોને શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતો, શ્રીકૃષ્ણ ભક્તિ અને ભારતીય સંસ્કૃતિ સાથે વધુ ગાઢ રીતે જોડવાનો વિશેષ પ્રયાસ કરવામાં આવ્યો હતો.

કેનેડાના ટોરોન્ટો ખાતે આશરે ૧૦ એકર વિસ્તારમાં વિસ્તરેલું, દેશના પુષ્ટિમાર્ગનું સૌથી વિશાળ સંકુલ ગણાતું VYO કૃષ્ણધામ આજે વિદેશની ધરતી પર પુષ્ટિમાર્ગીય આસ્થા, સેવા, સંસ્કાર અને આધ્યાત્મિક પ્રવૃત્તિઓના મહત્ત્વપૂર્ણ કેન્દ્ર તરીકે વિકસી રહ્યું છે.આ ભવ્ય સંકુલની હવેલી ખાતે પૂજ્યશ્રીના મંગલ સાનિધ્યમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમો, સત્સંગ, વચનામૃત અને ઠાકોરજીના મનોરથોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમો દ્વારા કેનેડામાં વસતા વૈષ્ણવ પરિવારોને પોતાની ધાર્મિક પરંપરા સાથે જોડાવાની અને નવી પેઢીમાં પુષ્ટિમાર્ગીય સંસ્કારોનું સિંચન કરવાની પ્રેરણા પ્રાપ્ત થઈ હતી.આ પ્રવાસનું એક વિશેષ આકર્ષણ પૂજ્યશ્રી દ્વારા કેનેડામાં પ્રથમ વખત રજૂ કરવામાં આવેલ લાઈફ બ્લિસ ચક્ર બેલેન્સિંગ મેડિટેશન રહ્યું હતું.આ વિશિષ્ટ ધ્યાન પદ્ધતિ દ્વારા પૂજ્યશ્રીએ ઉપસ્થિત સાધકોને આંતરિક શાંતિ, મનની એકાગ્રતા, સકારાત્મક વિચારધારા અને આધ્યાત્મિક જીવનના મહત્ત્વનો અનુભવ કરાવ્યો હતો.આધુનિક જીવનની વ્યસ્તતા, માનસિક તણાવ અને સતત બદલાતી જીવનશૈલી વચ્ચે આધ્યાત્મિક સાધના કેવી રીતે જીવનમાં શાંતિ, સંતુલન અને આનંદ લાવી શકે તે અંગે પૂજ્યશ્રીએ વિશેષ માર્ગદર્શન આપ્યું હતું.શ્રીકૃષ્ણ ભક્તિ, મંત્રસ્મરણ અને ધ્યાનના સુંદર સમન્વયથી આયોજિત આ કાર્યક્રમોએ ઉપસ્થિત સાધકોને મંત્રમુગ્ધ કર્યા હતા.

પૂજ્યશ્રીના કેનેડા પ્રવાસ દરમિયાન ટોરોન્ટો ઉપરાંત કેલગરી, વાનકુવર, ઓટાવા, મોન્ટ્રિયલ અને એડમન્ટન સહિતનાં શહેરોમાં વિવિધ આધ્યાત્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમો દ્વારા વિદેશમાં વસતા ભારતીયો, વિશેષ કરીને યુવાનો અને પરિવારોને શ્રીમહાપ્રભુજી દ્વારા પ્રસ્થાપિત પુષ્ટિભક્તિમાર્ગ, નિસ્વાર્થ ભક્તિ, શ્રીકૃષ્ણ શરણાગતિ અને વૈષ્ણવ જીવનમૂલ્યો વિશે માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું.પૂજ્યશ્રીએ પોતાના વચનામૃતમાં ભારપૂર્વક સમજાવ્યું હતું કે ભારતીય સંસ્કૃતિનું સંરક્ષણ માત્ર પરંપરાઓના પાલન પૂરતું મર્યાદિત ન રહેતાં, નવી પેઢીના જીવનમાં તેના મૂલ્યો ઉતરે તે અત્યંત જરૂરી છે.આ પ્રવાસ દરમિયાન એક મહત્ત્વપૂર્ણ જાહેરાત પણ કરવામાં આવી હતી.ટોરોન્ટો ખાતેના ૧૦ એકરમાં વિસ્તરેલા VYO કૃષ્ણધામ સંકુલ બાદ હવે કેનેડાના એડમન્ટન શહેરમાં VYOના બીજા મંદિરનું નિર્માણ કરવામાં આવશે.આ જાહેરાત કેનેડામાં પુષ્ટિમાર્ગના સતત વિસ્તરણ અને વૈષ્ણવ સમાજની વધતી ધાર્મિક પ્રવૃત્તિઓની દિશામાં એક મહત્ત્વપૂર્ણ પગલું માનવામાં આવે છે.



# ‘નેતા’ના હુલામણા નામથી જાણીતા જીતુ મહેતાનો આવતીકાલે જન્મ દિવસ

**સિટી ન્યૂઝ@રાજકોટ**



યુવા વયેથી જ રાષ્ટ્ર ભાવના અને સમાજ ઉત્થાનના કાર્યના મંત્રને પોતાના જીવનમાં ઉતારી રાષ્ટ્રીય સ્વયંમ સેવક સંઘના વિચારો સાથે જોડાઈ ભારતીય જનતા પાર્ટી માં સક્રિય કાર્યકર્તા થી પોતાની રાજકીય કારકિર્દીની શરૂઆત કરી સ્વ.ચીમનભાઈ શુક્લના માર્ગદર્શન હેઠળ ભારતીય જનતા પાર્ટી વટવૃક્ષ બને તે માટે વિવિધ જવાબદારીઓ સંભાળી અવિરત સંઘર્ષ અનેક આંદોલનો અને અનેક યાતનાઓ સાથે સતત ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીનું શાસન બને તે માટે સતત પ્રવાસો કરી પોતાનું સમગ્ર જીવન ભારતીય જનતા પાર્ટીમાં સમર્પિત કર્યું છે ત્યારે આવા લડાયક યુવાનને ચીમનભાઈ શુક્લ એ સૌ પ્રથમ વખત નેતાનું બિરુદ આપ્યું હતું તેમજ શહેરના સ્વયંભૂ રામનાથ મહાદેવના પરમ ભક્ત અને રામનાથ મંદિરનો વિકાસ થાય તે માટે તેઓ સહયોગી બનતા રહે છે તેમજ રામમંદિર ભુમી પુજન સમયે અયોધ્યામાં કાર સેવા, અડવાણીજી ના નેતૃત્વમાં નિકળેલ સુરક્ષા યાત્રા તેમજ દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં નિકળેલ વિવેકાનંદજીની ૧૫૦મી જન્મ જયંતી અંતર્ગત નિકળેલ વિવેકાનંદ યાત્રામાં યાત્રાના પ્રબંધક તરીકે રહી સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં નરેન્દ્રભાઈ મોદીની સતત સાથે રહી યાત્રાને સફળ બનાવવામાં મહત્વનું યોગદાન રહ્યું હતું, જીતુભાઈ મહેતા હંમેશા પ્રાચીન સંસ્કૃતિને અગ્રતા આપવામાં માની રહ્યા છે ત્યારે સ્પષ્ટ અને નીડર વક્તા, લડાયક નેતા એવા જીતુભાઈ મહેતાનો આવતીકાલે જન્મ દિવસ છે ઠેર ઠેર થી શુભેચ્છા મળી રહી છે.

### શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના સહયોગથી

# વાસાણી પરિવારે મોહિતભાઈનું અવસાન થતાં ચક્ષુદાન કર્યું

**સિટી ન્યૂઝ@રાજકોટ**

વાસાણી પરિવારના સ્વ. મોહિતભાઈ અરવિંદભાઈ વાસાણી (ઉં.વ.૨૭) શ્રીજી ચરણ પામતા શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનય જસાણી તથા કાલાવડ રોડ ફાયર બ્રિગેડના સ્ટેશનના ઓફિસર શ્રી શૈલેષભાઈ નડીયાપરાના પ્રયાસથી વાસાણી પરિવારના અરવિંદભાઈ વાસાણી, અભિષેકભાઈ વાસાણીએ સ્વ. મોહિતભાઈ અરવિંદભાઈ વાસાણીના બન્ને ચક્ષુઓનું દાન કરવાનો સમાજ ઉપયોગી નીર્ણય લીધો હતો.



ચક્ષુદાનમાં અર્હમ આઈ ફાઉન્ડેશનના આંખના સર્જન ડો. ધર્મેશભાઈ શાહ તેમજ તેમની ડોક્ટર્સની ટીમ દ્વારા માનદ સેવા અર્પણ કરવામાં આવેલ હતી. ચક્ષુદાન કરવામાં સેવાની તક આ પવા બદલ શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનય જસાણીએ કાલાવડ રોડ ફાયર બ્રિગેડના સ્ટેશનના ઓફિસર શ્રી શૈલેષભાઈ નડીયાપરા તેમજ વાસાણી પરિવારના અરવિંદભાઈ વાસાણી, અભિષેકભાઈ વાસાણીનો આભાર માન્યો હતો.

# રાજકોટમાં વિજયાદશમીએ શસ્ત્રપૂજન અને શહીદ વંદના

**સિટી ન્યૂઝ@રાજકોટ**

શ્રી ક્ષત્રિય રાજપૂત સમાજ તથા શ્રી રાજપૂત ક્ષત્રિય મહાપરિષદ, ગુજરાત (સુપ્રીમ કાઉન્સિલ)ના સંયુક્ત ઉપક્રમે વિજયાદશમી (દશેરા)ના પવિત્ર પર્વ નિમિત્તે રાજકોટમાં પરંપરાગત શસ્ત્રપૂજન અને વીરાંજલિ શહીદ વંદના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ મંગળવાર, ૨૦ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ સવારે ૯:૩૦ કલાકે રામનાથપરા સ્થિત શ્રી રામનાથપરા ક્ષત્રિય કારડિયા રાજપૂત સમાજવાડી, ૧૨, રામનાથપરા, રાજકોટ ખાતે યોજાશે.રાજપૂત સમાજમાં દશેરાને પરંપરાગત રીતે વિશેષ મહત્ત્વ આપવામાં આવે છે. આ પર્વ નિમિત્તે શસ્ત્રપૂજન સાથે દેશ માટે બલિદાન આપનારા શહીદોને વંદન કરી તેમની વીરતાને યાદ કરવામાં આવશે. આપણી પરંપરા અને સંસ્કૃતિને જાળવી રાખવા તેમજ ક્ષાત્રધર્મનું પાલન કરવાના ભાવ સાથે આયોજિત આ કાર્યક્રમમાં તમામ ક્ષત્રિય રાજપૂત બંધુઓને ઉપસ્થિત રહેવા આયોજકો દ્વારા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.આ કાર્યક્રમનું આયોજન શ્રી ક્ષત્રિય રાજપૂત સમાજ અને શ્રી રાજપૂત ક્ષત્રિય મહાપરિષદ, ગુજરાત (સુપ્રીમ કાઉન્સિલ) દ્વારા કરવામાં આવ્યું છે.

## રામનાથપરા ક્ષત્રિય કારડિયા રાજપૂત સમાજવાડી ખાતે કાર્યક્રમ યોજાશે, ક્ષત્રિય રાજપૂત બંધુઓને ઉપસ્થિત રહેવા આમંત્રણ




| IPO DETAILS | | | | | |
|---|---|---|---|---|---|
| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
| SAHAJANAND MEDICAL TECHNOLOGIES | 15/10 | 19/10 | 327 - 344 | 43 | 14,792 |
| BONFIGLIOLI TRANSMISSIONS | 15/10 | 19/10 | 558 - 586 | 25 | 14,650 |
| ZETWERK MANUFACTURING BUSINESS | 15/10 | 19/10 | 143 - 151 | 99 | 14,949 |
| TONBO IMAGING INDIA | 15/10 | 19/10 | 665 - 700 | 21 | 14,700 |
| PARAS HEALTHCARE | 21/10 | 23/10 | 660 - 693 | 21 | 14,553 |
| JIO PLATFORMS | 21/10 | 23/10 | 1065 - 1119 | 12 | 13,428 |
| BLS POLYMERS | 27/10 | 29/10 | 142 - 150 | 100 | 15,000 |
| SME DETAILS | | | | | |
| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
| SHELLZ INDIA | 15/10 | 19/10 | 170 - 179 | 1600 | 2,86,400 |
| CORE૪ ENGINEERS | 23/10 | 27/10 | 88 - 93 | 2400 | 2,23,200 |

## આજના કંપની વિશેના નવીનતમ સમાચાર

- ICICI BANK કન્સોલિડેટેડ ચોખ્ખો નફોઃ વાર્ષિક ધોરણે ૨૨.૩% વધીને ૧૬,૩૩૩ CRORE થયો છે, જે ગયા વર્ષે સમાન ક્વાર્ટરમાં ૧૩,૩૫૭ CRORE હતો. કુલ સંપત્તિઃ વાર્ષિક ધોરણે ૨૨.૬% ના વધારા સાથે ૩૨,૯૨,૯૫૩ CRORE પર પહોંચી છે. (NII): વાર્ષિક ધોરણે ૧૫.૯% વધીને ૩૦,૩૩૬ CRORE નોંધાઈ છે. કન્સોલિડેટેડ ઓપરેટિંગ પ્રોફિટઃ ૨૦.૨% વધીને ૨૪,૦૧૦ CRORE થયો છે. કુલ આવકઃ ક્વાર્ટર દરમિયાન ૧૫.૫% વધીને ૬૨,૫૦૫ CRORE થઈ છે.
- AXIS BANK કોન્સોલિડેટેડ નેટ પ્રોફિટઃ ૩૯.૩૮% નો ઉછાળો નોંધાવીને RS ૭,૭૦૪.૬૭ કરોડ થયો છે, જે ગયા વર્ષે સમાન ક્વાર્ટરમાં RS ૫,૫૨૭.૮૫ કરોડ હતો. કોન્સોલિડેટેડ રેવન્યુ : વાર્ષિક ધોરણે ૧૪.૮૫% વધીને RS ૪૫,૬૭૪.૩૭ કરોડ પર પહોંચી છે, જે ગયા વર્ષના સમાન ક્વાર્ટરમાં RS ૩૯,૭૬૯.૮૫ કરોડ હતી. નેટ ઈન્ટરેસ્ટ ઈનકમઃ (સ્ટેન્ડઅલોન બેઝિસ પર) ૧૨% વધીને RS ૧૫,૩૭૧ કરોડ થઈ છે.
- LTM ઓપરેટિંગ રેવન્યુઃ ૧૧,૮૦૭.૬ CRORE (વાર્ષિક ધોરણે ૧૩.૬% નો વધારો અને ત્રિમાસિક ધોરણે ૧.૭૨% નો વધારો). ચોખ્ખો નફોઃ ૧,૩૭૯.૯ CRORE (ગયા વર્ષના સમાન ત્રિમાસિક ગાળાના ૧,૩૮૧.૨ CRORE ની સરખામણીએ લગભગ ફ્લેટ/સ્થિર રહ્યો છે, ત્રિમાસિક ધોરણે ૪.૬% નો ઘટાડો થયો છે). EBITDA: ૨,૦૯૩.૩ CRORE (વાર્ષિક ધોરણે ૮.૫% નો વધારો). EBIT (ઓપરેટિંગ પ્રોફિટ): ૧,૮૩૮.૧ CRORE (વાર્ષિક ધોરણે ૧૧.૫% નો વધારો).
- FEDERAL BANK કોન્સોલિડેટેડ ચોખ્ખો નફોઃ ૧,૪૯૮.૬૫ કરોડ, જે ગયા વર્ષના સમાન ક્વાર્ટરના (Q૨ FY૨૬) ૯૯૧.૯૪ કરોડની સરખામણીએ ૫૧.૦૮% નો વધારો દર્શાવે છે. કુલ આવકઃ ૯,૯૦૩.૪૧ કરોડ, જે ગયા વર્ષના ૮,૩૨૧.૪૬ કરોડની સામે ૧૯.૦૧% વધી છે. વ્યાજ દ્વારા કમાણી (INTEREST EARNED): ૮,૩૮૩ કરોડ, જેમાં વાર્ષિક ધોરણે ૧૬.૨% નો ગ્રોથ થયો છે.
- SHOPPERS STOP ઓપરેશનલ આવકઃ ૮.૭% વધીને RS. ૧,૩૬૬.૨૭ CRORE થઈ છે, જે ગયા વર્ષના સમાન ક્વાર્ટરમાં RS. ૧,૨૫૬.૬૨ CRORE હતી. ચોખ્ખો નફોઃ કંપની આ ક્વાર્ટરમાં નફાકારક બની છે. કંપનીએ RS. ૩.૧૧ CRORE નું ચોખ્ખો નફો નોંધાવ્યું છે, જ્યારે ગયા વર્ષના સમાન ગાળામાં કંપનીને RS. ૨૦.૧૧ CRORE નું ચોખ્ખું નુકસાન થયું હતું. EBITDA: કંપનીનું કન્સોલિડેટેડ EBITDA ૨૨% ના વધારા સાથે RS. ૨૧૯ CRORE નોંધાયું છે.
- ભારત ઈલેક્ટ્રોનિક્સ લિ.ની બોર્ડ મીટિંગ ૩૦ ઓક્ટોબર, ૨૦૨૬ ના રોજ મળશે જેમાં ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટેના અન-ઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરાશે.
- જેબીએમ ઓટો લિ.ની બોર્ડ મીટિંગ ૨૬ ઓક્ટોબર, ૨૦૨૬ ના રોજ મળશે જેમાં ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટેના અન-ઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરાશે.
- ટીવીએસ મોટર કંપની લિ.ની બોર્ડ મીટિંગ ૨૮ ઓક્ટોબર, ૨૦૨૬ ના રોજ મળશે જેમાં ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટેના અન-ઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરાશે.
- નેટવેબ ટેક્નોલોજીસ ઈન્ડિયા લિ.ની ૨૪ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ મળનારી બોર્ડ મીટિંગમાં ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળા અને અર્ધવાર્ષિક ગાળાના નાણાકીય પરિણામની સમીક્ષા કરવામાં આવશે.

**DISCLAIMER: અમે સેબીના રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝર નથી અને અહીં અમે લે-વેંચની કોઈ સલાહ આપી રહ્યા નથી. આ લખાણ માત્ર માર્ગદર્શન પરતું છે. રોકાણ કરતાં પહેલાં આપનાં રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ સલાહકારની સલાહ લેવી.**

# વલ્લભીપુરના રોડ ઉપર બાવળનું સામ્રાજય: જંગલ કટીંગ કરવા માંગ

## વર્ષોથી બાવળની ઝાડીઓથી ઘેરાયેલા માર્ગ પર ગ્રામજનોમાં રોષ; અકસ્માતનો ભય

**સિટી ન્યૂઝ@ધર્મેન્દ્રસિંહ સોલંકી, વલ્લભીપુર**

વલભીપુર તાલુકાના કાનપર, પીપળ અને તોતણીયાળા ગામોને જોડતા મુખ્ય ડામર રોડની બંને બાજુ ગાંડા બાવળ અને કાંટાળી ઝાડીઓનું સામ્રાજ્ય ફેલાતાં વાહનચાલકો અને ગ્રામજનોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. દિવાળી જેવા તહેવારો નજીક આવી રહ્યા છે ત્યારે માર્ગની સ્થિતિને લઈને ગ્રામજનોએ તંત્ર સમક્ષ તાત્કાલિક જંગલ કટિંગ કરાવવાની માંગ ઉઠાવી છે. વલભીપુર તાલુકાનાં અનેક ગામોના લોકો રોજગાર અને વ્યવસાય અર્થે સુરત, મુંબઈ, અમદાવાદ સહિતનાં શહેરોમાં વસવાટ કરે છે. ખાસ કરીને દિવાળીના વેકેશન દરમિયાન પાટીદાર સમાજ સહિતના અનેક પરિવારો પોતાના વતનમાં આવતા હોય છે. આવા સમયે વર્ષોથી આ માર્ગ પરથી અવરજવર ન કરતા લોકોને રસ્તાની હાલની જોખમી સ્થિતિનો ખ્યાલ ન હોય, ત્યારે બાવળની ઝાડીઓ અકસ્માતનું કારણ બની શકે તેવી ચિંતા સ્થાનિક લોકો વ્યક્ત કરી રહ્યા છે.



રોડની બંને બાજુ ઊગી નીકળેલા ગાંડા બાવળની ડાળીઓ માર્ગ સુધી આવી ગઈ છે. ખાસ કરીને વળાંકો પર સામેથી આવતું વાહન દેખાતું ન હોવાથી વાહનચાલકો માટે જોખમ ઊભું થાય છે. રાત્રિના સમયે તો આ માર્ગ પરથી પસાર થવું વધુ મુશ્કેલ બની શકે છે. કાનપર, પીપળ અને તોતણીયાળા ગામના રહેવાસીઓના જણાવ્યા મુજબ, આ માર્ગ પર કેટલાંય વર્ષોથી સમયસર જંગલ કટિંગ કરવામાં આવ્યું નથી. સંબંધિત માર્ગ અને મકાન પંચાયત પેટા વિભાગ દ્વારા આ બાબતે સમયસર કામગીરી કરવામાં આવે તેવી ગ્રામજનોની માંગ છે.સ્થાનિક લોકો માર્ગ અને મકાન પંચાયત પેટા વિભાગના કાર્યપાલક પાતર સાહેબનું ધ્યાન દોરીને સવાલ ઉઠાવી રહ્યા છે કે, શું કોઈ ગંભીર અકસ્માત સર્જાય ત્યાર પછી જ તંત્ર આ માર્ગની ઝાડીઓ દૂર કરવા જાગશે? ગ્રામજનોના જણાવ્યા મુજબ, જંગલ કટિંગ ક્યારે કરવામાં આવશે તે અંગે પણ કોઈ સ્પષ્ટતા નથી.હાલમાં નવરાત્રી મહોત્સવ પૂર્ણ થયા બાદ દિવાળીના તહેવારો નજીક છે. આ સંદર્ભમાં કેટલાક લોકો કટાક્ષ કરતાં કહે છે કે, જાણે તંત્રના અધિકારીઓ દાંડિયારાસ રમીને થાકી ગયા હોય અને પગ દુખતા હોવાથી જંગલ કટિંગની કામગીરી બાકી રહી ગઈ હોય! જોકે, આ માત્ર સ્થાનિક લોકો દ્વારા કરવામાં આવતી કટાક્ષભરી ટિપ્પણી છે.દિવાળીના તહેવારોમાં બહારગામથી પોતાના વતનમાં આવતા પરિવારો અને સ્થાનિક વાહનચાલકોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને કાનપર પીપળ તોતણીયાળા રોડની બંને બાજુ તાત્કાલિક જંગલ કટિંગ કરવામાં આવે તેવી ઉગ્ર માંગ ઉઠી છે.હવે જોવાનું એ રહ્યું કે સંબંધિત વિભાગ દિવાળી પહેલાં કામગીરી હાથ ધરે છે કે પછી ગ્રામજનોને વર્ષોથી ચાલતી આ સમસ્યાનો સામનો કરવો પડશે. કોઈ અકસ્માત કે જાનહાનિ થાય તે પહેલાં તંત્ર દ્વારા યોગ્ય પગલાં લેવામાં આવે તેવી ગ્રામજનોની અપેક્ષા છે.

# 3.50 લાખના બદલામાં રેલવે કર્મચારી પાસેથી વ્યાજખોરે 6.85 લાખ પડાવ્યા

## નોકરી છોડાવી દેવાની ધમકીથી કંટાળી રેલવે મહિલા કર્મચારીએ કર્યો આપઘાતનો પ્રયાસ: વ્યાજખોર સામે ફરિયાદ નોંધાઈ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

શહેરમાં વ્યાજખોરો સામે ચાલતા પોલીસના અભિયાન દરમ્યાન જંકશન પાસેના કોઠી કંપાઉન્ડ રેલવે કવાર્ટરમાં રહેતા અને રેલવેમાં આસિસ્ટન્ટ ખલાસી તરીકે નોકરી કરતા મહિલા કર્મચારીએ અધિકારીના ડ્રાઈવર સામે વ્યાજખોરીની ફરિયાદ કરી હતી. પુત્રના લગ્ન માટે નાણાની જરૂર હોવાથી રૂ.૩.૫૦ લાખ લીધા હતા જેના ૧૦ ટકા લેખે ૬.૮૫ લાખ પડાવ્યા છતા વધુ નાણાની માંગ કરી નોકરી છોડાવી દેવાની ધમકીઓ આપતા મહિલાએ આપઘાતનો પ્રયાસ કર્યો હતો.રેલવે કવાર્ટરમાં રહેતા મનીષાબેન રાજુભાઈ વાળા (ઉ.૪૫) વિધવા મહિલાએ પોતાના ઘેર ઉંઘની વધુ પડતી ટીકડીઓ પી આપઘાતનો પ્રયાસ કરતા તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતા.

બનાવની જાણ થતા પ્ર.નગર પોલીસ મથકના પીએસઆઈ ગજેરા સહિતે તપાસ કરતા મનીષાબેને જણાવ્યુ હતુ કે આશરે દોઢ વર્ષ પહેલાં તેમના ઉપરી અધિકારીના ડ્રાઈવર મિરાન્ત ભાવેશભાઈ ગુજરાતી સાથે પરિચય થયો હતો. દીકરાના લગ્ન પ્રસંગે પૈસાની જરૂરિયાત ઊભી થતાં મનીષાબેને મિરાન્ત પાસેથી ૧૦ ટકાના ઊંચા વ્યાજે રૂ. ૩.૫૦ લાખ લીધા હતા. સમયસર મહિલાએ અત્યાર સુધીમાં વ્યાજ પેટે કુલ રૂ. ૬.૮૫ લાખ ચૂકવી દીધા હોવા છતાં, મિરાન્તે પુત્ર તથા પુત્રવધૂના કોરા ચેક, આધાર-પાન કાર્ડની ઝેરોક્ષ અને કાલાવડ રોડ પર આવેલા મકાનનું બળજબરીથી લખાણ કરાવી લીધું હતું. ત્યારબાદ નોકરી છોડાવી દેવાની અને ઘરમાં ઘૂસી ગાળો આપી ધમકીઓ આપવાનું શરૂ કર્યું હતું.

# ખેતરમાં ઝેરી સાપનો ડંખ, ગર્ભવતી મજૂર બહેન માટે 108 બની જીવનદાતા !

## પાંચ મહિનાની ગર્ભવતી મજૂર મહિલાને ઝેરી સાપે ડંખ મારતાં ગાડુ 108ની ટીમ પહોંચી

**સિટી ન્યૂઝ@વેરાવળ**

વેરાવળ તાલુકાના છાપરી વાડી વિસ્તારમાં રહેતા મજૂરી કામે ખેતરમાં માંડવી ઉપાડતા હતા ત્યારે ઝેરી સાપ ડંખ માર્યો હતો. ખેડૂતે ૧૦૮ ઈમરજન્સી મદદ માટે ફોન કર્યો ગડુ ૧૦૮ ટીમના ઈ એમ ટી. ઈરફાન ખાન બ્લોચ. પાયલોટ કેતન નંદાનીયા તુરંત ઘટનાં સ્થળે પહોંચી ગયા હતા. ઝેરી ડંખ ના કારણે યુવતી નાજુક હોય સાથે સાથે બીજી વખત પાંચ મહિના ની પ્રેગ્નન્સી પણ હતી. જરા પણ સમય બગાડયા વગર તાત્કાલીક ઓક્સિજન  આપી ઓનલાઈન ડોક્ટર મંથન સાહેબ ના માર્ગદર્શન જરૂરી ઈન્જેક્શન હાઈડ્રોકોર્ટ એએસવી, એવિલ, એટ્રોપિન



આવી ફ્લોઈડ આપી પ્રાથમિક સારવાર શરૂ કરી દીધી હતી. ત્યાર બાદ વેરાવળ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.૧૦૮ ની ઉતકૃસટ કામગીરી બદલ જુનાગઢ જિલ્લા ૧૦૮ ના અધિકારી જયેશ ગીરી મેઘનાથી, તથા પોગ્રામ મેનેજર જયેશ કારેના દ્વારા ૧૦૮ ટીમના કર્મચારી ઓની પ્રશાંસનિય કામગીરી બિરદાવવામાં આવી હતી.